# મુનિશ્રી છગનલાલજી.

પ્રકાશક,

ત્રિભુવન ચતુર્ભુજ દોશી.

# મુનિશ્રી છગનલાલજી.

[ એમનું જીવનચરિત્ર. ]

લેખક,

C. M. T.

" Lives of great men all remind us
We can make our lives sublime. "
*Longfellow.*

પ્રકાશક,

ત્રિભુવન ચતુર્ભુજ દોશી.
વીરમગામ.

સંવત ૧૯૬૮.  સને ૧૯૧૨.



કીંમત પાંચ આના.

Shri **Satyanarayan** P. Press. Printer
Motilal Kalidas. Near Pirmasa Roja—Ahmedabad.

# નિવેદનઃ-

આ પુસ્તકની જાહેર ખબર કાઢયા પછી તે આ સ્વરૂપમાં ભાગ્યે જ પ્રસિદ્ધિમાં આવ્યું હોત; પરન્તુ મારા એક હિતચિન્તકની અનુપમ સહાય અને ખાનગી સમયના ભોગે, તેને આપ બન્ધુઓની સમક્ષ આ રૂપમાં રજુ કરવાને ભાગ્યશાળી થયો છું. ખરી વાત છે, કે તેને પ્રસિદ્ધ કરવામાં જોઇએ તે કરતાં કંઈક વધારે વખત લાગ્યો છે; છતાં આવાં કાર્યોમાં આવતી મુશ્કેલીઓનો જેઓને ખ્યાલ હશે તેઓ આ વિલંબ સહન કરી તે તરફ ક્ષમાની નજરે નિહાળશે એમ પ્રતિતિ છે. વળી આ પુસ્તક પ્રસિદ્ધ થવામાં અગાઉથી સહાયભૂત બની સારા પ્રમાણમાં આશ્રય આપનાર ઈયાવાના રા. રા. સાકળચંદ ધનજીભાઈ, અમદાવાદના રા. રા. પાનાચંદ ઝવેરદાસવાળા અને વીરમગામના રા. રા. ઝવેરભાઇ કુંવરજીનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. આ ઉપરાન્ત જે ગૃહસ્થોએ આ કાર્યને અગાઉથી ઇચ્છાનુસાર મદદ કરવા કૃપા કરી છે તે સઘળાઓનું પણ આ સ્થળે ઉપકાર સ્મરણ કરવામાં આવે છે.

પુસ્તકની અંદર થયેલી ભૂલચૂક માટે કોઈ સૂચના કરશે તો યોગ્ય જણાતાં બીજે પ્રસંગે તેમાં સુધારો કરવામાં આવશે.

પ્રકાશક.

# અનુક્રમણિકા.

# ઉપોદ્ઘાત.

છેલ્લાં કેટલાંક વરસોથી આ પૃથ્વીના પટ ઉપર કેટલાક એવા અવનવા અને આશ્ચર્યમાં ગરકાવ કરી દીંગ કરી નાખે એવા, બનાવો બનવા પામ્યા છે, કે જો કોઈ પૂર્વના કાળનો પુરૂષ પોતાના તે સમયના વિચાર અને જ્ઞાન સહિત આ સ્થળે ઉતરી આવી જુએ, તો તેની આંખને ખરેખર! કંઈ અપાર અને અપૂર્વ ભાસ થયા વગર રહે નહિ. ફેરફાર એ સૃષ્ટિનો ક્રમ છે અને તેને અનુસરી જમાનની વધતી જતી ગતિ સાથે આ દુનિયા ઉપર અનેક ફેરફારો થાય એ સંભવિત છે; છતાં આ ૨૦ મી સદિમાં થયેલા અને થતા જતા ફેરફારો સામાન્ય મનુષ્યબુદ્ધિની પારના હોઈ ખરેખર! અલૌકિક અને અપાર જ ગણી શકાય. આપણે જાણીએ છીએ તેમ વરાળ, વીજળી અને આકર્ષક ( Magnotic ) શક્તિને તાબે કરી વિવિધ પ્રકારના ધંધારોજગારમાં, મુસાફરી કરવામાં, ખબરો પહોંચાડવામાં અને એ આદિ બીજી ઘણી બાબ-

તેમાં પ્રથમના કરતાં અતિ સરલતા, સુખ અને સગવડ કરી મૂકાયાં છેઃ બળદ, ઘોડા આદિ વાહનનાં સાધનો વગર ન જ ચાલે એવું હવે રહ્યું હોય એમ લાગતું નથી. કાસદ, રક્ષપાળ કે ભોમીયાની હવે જરૂર પડતી નથી. ઉલટું થોડા ખર્ચે ટુંક સમયમાં કોઇ પણ જાતની ઉપધિ વગર ઘણાં દૂરનાં કામકાજો કરી શકાય છે અને એ રીતે આપણા સઘળી જાતના વ્યવહારમાં પુષ્કળ સરલતા કરી મૂકાઇ છે. આ ઉપરાન્ત જુદા જુદા પ્રકારની કળાઓ, હુન્નરો અને **શાસ્ત્રોની** શોધોમાં પણ ચકિત કરી સ્તબ્ધ બનાવે એવા સુધારા વધારા થયા છે-થતા જાય છે. શારીરિક ભોગવિલાસનાં અવનવાં અને આંખને આંજી નાખે એવાં સાધનોમાં પણ દિનપ્રતિદિન વધારો થયાં કરે છે, અને ‘ચાર દિવસના ચાંદરણા’ ની પેઠે થોડા પૈસે મહાન્ ઠાઠ માણી શકાય છે. વળી જો વધારે પૈસા ખરચી શકાય તો પૃથ્વી પર નવું સ્વર્ગ નીપજાવી ઇંદ્રપુરી સરખો ઉપભોગ પણ ભોગવી શકાય. આ બધાની સાથે પૃથ્વીના તળ અને આકાશના ગર્ભ ભાગની અવનવી શોધો કરવામાં આવી છે. વાતાવરણમાં હરી ફરી હજારો માઇલની મુસાફરી

કરવાની શોધો અને અખતરાઓ થઈ ચૂક્યા છે. ટુંકામાં અનેક બાબતોમાં અનેક પ્રકારના સુધારા વધારા થયા છે, એટલુંજ નહિ; પરંતુ ચાલુ સમયનું એકાદ અઠવાડીઉં એવું ભાગ્યેજ પસાર થતું જોવામાં આવે છે કે જેમાં આશ્ચર્ય ચકિત કરી મનુષ્યને દીંગ બનાવે એવી કોઈ પણ નવી શોધ પૃથ્વીના કોઇ પણ ખૂણામાં થયેલી કોઈના પણ સાંભળવામાં આવતી ન હોય !! ખરેખર ! આ સઘળો પ્રભાવ હાલની વીસમી સદિનો છે અને તેના આ પ્રકારના 'પ્રભાવ' પર લોકો અનેક પ્રકારે વારી જાય છે !!

આ પ્રમાણે જમાનાનું સ્વરૂપ જોતાં ચાલુ સમય તે કેવળ પ્રવૃત્તિપ્રધાન જમાનો ગણી શકાય. આ સઘળા પ્રકારની પ્રવૃત્તિમાં મનુષ્યોનો મુખ્ય હેતુ સુખ, સગવડ અને સરલતા અનુભવવાનો જણાય છે. જ્યાં જુઓ ત્યાં પ્રત્યેક ધંધામાં, સઘળા વ્યવહારમાં અને દરેક જાતની હીલચાલમાં સુખ અને સગવડો શોધાય છે, અને જેમાંથી તે મેળવી શકાય તેવા ધંધા, રોજગાર, વર્તન અને વિચારો સર્વ માણસો કરતા ભાસે છે. આ પ્રમાણે સુખ મેળવવા અને અનુકૂળતા અનુભવવા અર્થે પ્રત્યેક પ્રકારની પ્રગતિ કર-

વામાં આવે એ ઘણુંજ ઇચ્છવાયોગ્ય લેખી શકાય. કારણ સુખ મેળવવું એ મનુષ્ય જીવન કર્તવ્યનો મુખ્ય અને આવશ્યક ઉદ્દેશ છે. આ હેતુને પાર પાડવા વા સુખ મેળવવા અર્થે બની શકતા સર્વ પ્રકારના પ્રયત્નોમાં રત થવું એના જેવું બીજું અધિક ઉત્તમ શું હોઈ શકે ? આમ છતાં અફસોસની વાત છે, કે આ સુખ મેળવવાના સઘળા પ્રયત્નોમાં માત્ર શરીરનો એટલે કેવળ બાહ્યનો જ વિચાર કરવામાં આવે છે ! આપણા સુખ મેળવવાના સઘળા પ્રયત્નો કેવળ શારીરિક સુખની પ્રાપ્તિ અર્થે જ કરાતા જોવામાં આવે છે ! આપણે જાણીએ છીએ તે પ્રમાણે આપણી આ ભારતવર્ષની પ્રજા એક કાળે 'નિવૃત્તિને જ ખરી પ્રવૃત્તિ' માની આત્માની અનંતતા અને દેહની નિઃસારતાનું જ્ઞાન પામી ખરા સુખની શોધમાં જીવન વ્યતિત કરવામાં જે સઘળા પ્રકારનાં કર્તવ્યોની સીમા સમજતી હતી. આજ આપણે તેનાં જ સંતાનો કેવળ (materialists.) પ્રકૃતિનાં પૂજારીઓ બની ગયા છીએ. આત્માના સુખની શોધને વિસારે મૂકી શારીરિક ભોગવિલાસનાં સાધનોની શોધમાં મશગુલ બની ગયાં છીએ ! ખરા ચેતનની

પૂજા કરવાને બદલે આજે આ આત્મતત્વની મહારમાઓથી ત્રિભુવિન એવા પરમપુનિત ભારતક્ષેત્રમાં જ્યાં ત્યાં જડની ઉપાસના થતી જોવામાં આવે છે!! હાલની પ્રવૃત્તિમાં બહારથી જણાતાં સુખ અને સગવડના મૂળમાં શું શું છૂપાયેલું હશે તેનો ખરો નિર્ણય તો કોઈ કેવળજ્ઞાની મહાપુરૂષ જ કરી શકે. બાકી સ્થિતિ તો બારીક થતી લાગે છે. સુધારો ઘણા વેગથી ઘનઘોર આગળ ગતિમાન થતો જાય છે અને મનુષ્યજાત પુષ્કળ પ્રવૃત્તિમાન બની ગયાં છે; છતાં તેમાં ખરા હિતની સાચી સમજને અભાવે તેના મોરચા ઉપર કંઈ "અશાંતિ" જેવો શબ્દ મુદ્રિત થયેલો દૃષ્ટિગોચર થતો લાગે છે. દેશના હાલના વાતાવરણ ઉપરથી પણ આ બાબત લક્ષમાં આવી શકે: ઠેકાણે ઠેકાણે પાડવામાં આવતી હડતાળો, પોતપોતાના વર્ગના હિતની ખાતર અન્ય વર્ગ સાથે કરવામાં આવતી તડામારો અને એક બીજી કોમોના આંતરમાં ઉદ્ભવ પામતું વૈમનસ્ય, એ શું એમ સૂચવતાં નથી, કે હાલની પ્રવૃત્તિથી ખરૂં હિત લક્ષમાં આવી શકતું નથી ? જે જમાનામાં કેવળ જડની ઉપાસના એટલે સ્થૂલ પદાર્થોની શોધખોળ તરફ મનુષ્યનું

વલણ વધારે હોય તે સમયે ખરૂં હિત લક્ષમાં આવી ન શકે એ શું અસ્વાભાવિક છે? ખરૂં હિત સર્વના શુભમાં દોરનાર હોઇ સામાન્ય હિતકર હોય શકે અને તેમાં વૈમનસ્ય, ઇર્ષા, સ્વાર્થ આદિ સંકુચિત વિચારોને અવકાશ હોતો નથી. આ ઉપરથી જોઇ શકાય, કે હાલની પ્રવૃત્તિ સુખ અને સગવડો માટે કરાતી જોવામાં આવે છે; છતાં પ્રત્યેક પ્રકારના હિત-સુખ-નો તેના ખરા સ્વરૂપમાં વિચારના તરફ દુર્લક્ષ કરાય છે. જેમ જેમ હિતને તેના મૂળ સ્વરૂપમાં જાણવા તરફ દુર્લક્ષ કરવામાં આવે તેમ તેમ આપણને આપણી જીંદગી માટે અનેક પ્રકારના ખોટા વિચારો ઉત્પન્ન થવાનો ભય રહે એ સ્વાભાવિક લેખાશે.

ખરેખર! આપણી હાલની પ્રવૃત્તિ, બહારનાં સાધનોમાંથી સુખ પ્રાપ્ત કરવાને કરાતી હોય એમ લાગે છે. છતાં ખરા હિત-સુખ-નો સંબંધ બાહ્ય સાથે નહિ; પરન્તુ આન્તર સાથે જ છે. ખરૂં સુખ તે જ હોઇ શકે, કે જે સદા સર્વદા એક સરખું, અવિચલ અને સ્થાયી ટકી શકે છે. બાહ્ય સાધનોથી પ્રાપ્ત કરાતું સુખ તે નિત્ય સુખ હોતું નથી. કારણ, બાહ્ય પદાર્થો વા સાધનો નાશવંત

છે, અને તેથી તે વડે પ્રેમ કરાતું અને ભોગવાતું સુખ પણ હમેશને માટે કાયમ ન રહેતાં થોડા વખતમાં જ નાશ પામે છે, અને પરિણામે દુઃખનો અનુભવ થતો જોવામાં આવે છે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે અને સર્વને તેનો મોડો વહેલો અનુભવ થાય છે; છતાં બહારનાં સાધનોથી સુખ મેળવવાને મન એટલું બધું ટેવાઇ ગયેલું હોય છે, કે તેને અનુસરીને સઘળી પ્રવૃત્તિ બહુધા, તે બાહ્ય સુખો અને ક્ષણધ્વંશી ભોગવિલાસનાં સાધનો મેળવવા માટે જ થતી જોવામાં આવે છે. ખરેખર! આપણે—આપણામાંનો મોટો ભાગ—આ 'પ્રકૃતિપૂજા' ના કાળમાં કેવળ શરીર અને શારીરિક સુખોને માટે જ વિચાર કરવાને ટેવાયેલો દિસે છે. આપણામાંનો ઘણો મોટો ભાગ આપણા શરીર અને કેવળ તે સંબંધીની જ સઘળી બાબતોના વિચારમાં રત બની ગયો હોય એમ લાગે છે. આના પરિણામે જ આપણે—આપણામાંનો મોટો ભાગ—'આપણું શરીર એ જ આપણે પોતે' એવું નિશ્ચિતપણાથી માની બેઠો છે, અને કેવળ તેને જ શણગારવામાં, સુરક્ષિત રાખવામાં, પોષવામાં, સ્વચ્છ બનાવવામાં અને બનતા સઘળા પ્રયત્ને

સાચવવામાં રાત દિવસ વિચારો અને પ્રયત્નો કરતો જોવામાં આવે છે. આવી બહારની પ્રવૃત્તિથી—કેવળ જડની ઉપાસનાથી—આત્મા કે જે ચેતન સ્વરૂપ છે તેનું સુખ એટલે ખરૂં સુખ પ્રાપ્ત કરવાની આશા રાખવી એ ઝાંઝવામાંથી જળ મેળવવા મથવું, એના જેવું નિરર્થક લાગતું નથી શું? આત્માનું સુખ એ જ 'ખરૂં સુખ' ગણી શકાય, અને જેમ જેમ આપણે બાહ્ય સુખો—શારીરિક સુખો—ની ઉપેક્ષા કરતા જઈએ, એષણાદિ અધમ વૃત્તિઓને દાબી દઇએ અને ઈંદ્રિઓને કબજે કરી મનઃસંયમ સાધતા જઇએ તેમ તેમ જ એ ખરા સુખનો અનુભવ કરવા ભાગ્યશાળી થઈ શકીએ એમ સ્પષ્ટ થતું નથી શું?

વળી આ સઘળા ઉપરથી એમ તો ભાગ્યે જ માની શકાશે, કે બહારની પ્રવૃત્તિથી એટલે ભિન્ન ભિન્ન પ્રકારના ધંધા રોજગાર કરવાની, અનેક પ્રકારનાં શાસ્ત્રો સંબંધે શોધખોળ ચલાવવાની અને નવીન પ્રકારનાં હુન્નર અને કળાઓ ખીલવવાની બીલકુલ જરૂર નથી. કેવળ હાથપગ જોડી બેસી રહેવું એને 'નિવૃત્તિ' ભાગ્યે જ કહી શકાશે. સાચી પ્રવૃત્તિ, એ જ નિવૃત્તિ છે; અને તેને અનુસરી

અત્ર જે જણાવવાનો ઉદ્દેશ છે, તે એજ છે, કે જુદા જુદા પ્રકારનાં શાસ્ત્રોની શોધખોળ અને સુધારા વધારા માટે કરાતી પ્રવૃત્તિ કેવળ પ્રકૃતિની જ પૂજા કરવા તરફ ન ઢળતાં તેની સાથે આધ્યાત્મિક બાબતોનો સંબંધ જોડવો એ ખાસ જરૂરનું છે. (અમેરિકાનું હાલનું વલણ જોનારને આ બાબત બહુ સારી રીતે સ્પષ્ટ થઇ શકે.) કેવળ સાયન્સના જ્ઞાનની ઉચ્ચતમ દશા એ મનુષ્યજીવનની ઉચ્ચતમ સ્થિતિ લેખી શકાય નહિ; પરન્તુ જ્યારે સાયન્સનો સાયકૉલૉજી (અધ્યાત્મ જ્ઞાન) સાથે સંબંધ જોડી આંતરના પડદા ચીરતા જવામાં આવે ત્યારે જ ઉચ્ચતમ દશા પ્રાપ્ત કરવાની આશા રાખી શકાય. સાયકૉલૉજી વિનાનું સાયન્સ એ શિર વિનાના જીવ જેવું છે, અને એવી સ્થિતિમાં મન સ્થૂલ વિષયો તરફ સ્વાભાવિક રીતે આકર્ષાય. આ આકર્ષણથી ખરૂં કર્તવ્ય વિસારે પડે અને દુનિયાદારીમાં અનેક પ્રલોભનોમાં ફસાવાય. આપણી આધુનિક પ્રવૃત્તિ બહુધા આ પ્રકારની હોઇ સમયને આપણે તાબે કરવાનું બલ ગુમાવી બેસીએ છીએ અને સમયના ખેંચાણમાં ઘસડાયા જઇ તેના તાબેદાર બની જઇએ

છીએ. સમયની તાબેદારીની સાથે મન ઉપરનો કબજો પણ છૂટી જાય છે, અને તે પતંગીયાની માફક અનેક મોહક અને પ્રકાશિત જણાતાં પ્રલોભનો તરફ આકર્ષાઈ, બહારનાં ભોગવિલાસનાં ઘણાં નાશવંત અને પરિણામે દુઃખકર સાધનો પ્રાપ્ત કરવામાં કર્તવ્ય સમજી ઉડી પડે છે!! ખરા ચેતનને બદલે જડની સેવા કરાય છે અને તેમાં જ સર્વસ્વનો ભોગ અપાય છે! આ પ્રમાણે અંતર કે જે ખરૂં ચેતન સ્વરૂપ છે તેની પૂજા કરવા તરફ દુર્લક્ષ કરી, કેવળ જડની ઉપાસના જે જમાનામાં કરાતી હોય એવા જડવાદના જમાનામાં, જડ અને ચેતન, કહો કે શરીર અને આત્માનો ભેદ પામી, બહારની સઘળી સાહ્યબી, માન, મરતબો અને મહાન વૈભવને ત્યજી દઈ જેણે ચારિત્ર અંગિકાર કર્યું હતું અને છેવટે ચાલીસ અહોરાત્રિ 'અનશનવ્રત' ધારી પરમ આનંદ અને શાન્તિની વચ્ચે આ દેહની નિઃસારતા અને આત્માની અનંતતા જગતને સિદ્ધ કરી બતાવી છે એવા મુનિશ્રીનું જીવન વૃત્તાંત જાણવાની ઇચ્છા સઘળા જૈન બન્ધુઓના મનમાં ઉદ્ભવે એ સ્વાભાવિક લેખાશે. આ ઇચ્છા પ્રકટ રીતે

જાણવામાં આવતાં અને તેમના જીવનની હકીકતો સમાજને તેના અધિકાર પ્રમાણે ઉપયોગી થઇ શકે, એવું લક્ષમાં આવતાં અત્રે એ દિશામાં પ્રવૃત્તિ કરવામાં આવી છે.

જીવનચરિત્રોથી અનેક લાભો થાય છે; માણસ એ બુદ્ધિપૂર્વક નકલ કરનાર પ્રાણી છે અને આપણે જોઇએ છીએ તેમ દરેક માણસ બહુધા એક બીજાના વિચારો અને અનુભવોનું જ્ઞાન મેળવીને આ સંસારમાં પોતાનો નિત્ય વ્યવહાર ચલાવે છે. અંગ્રેજીમાં એક ઠેકાણે કહેવામાં આવ્યું છે, કે: "The proper study of mankind is man; અર્થાત્ **મનુષ્યનો ખરો અભ્યાસનો વિષય મનુષ્ય છે.**" અને તેને અનુસરીને દરેક મનુષ્યમાં કંઇ ને કંઇ શિખવાનું હોય છે જ. આમ છતાં કર્તવ્યાનુગામી પુરૂષોનાં જીવનો સંપત્તિવિપત્તિ યુક્ત બનાવોથી ભરપૂર હોઇ વધારે શિક્ષણીય છે. જુદાં જુદાં જીવનચરિત્રો, જુદા જુદા કાળની સ્થિતિ, ગતિ, લોકાચાર આદિના જ્ઞાન સાથે માનવીઓનાં અંતઃકરણોમાં બીજ રૂપે રહેલા જુદા જુદા ગુણોને અધિકાર પ્રમાણે ઉત્તેજિત કરે છે: કોઇ સુસ્તી ઉડાડી ચંચળ બનાવે છે, જ્યારે કોઈ મૂર્ખતાનો લોપ કરી ડહા-

પણ બક્ષે છે. કોઈ દારિદ્રય અને આપત્તિમાં તરફડીયાં મારતા પુરૂષોને સુખી અને સંતોષી બનાવે છે, જ્યારે કોઈ દુરાચારનું ભાન કરાવી સદ્વર્તનમાં પ્રેરે છે. કોઈ બ્હીકણ પુરૂષના ભયને દૂર કરી હીંમતવાન અને સાહસિક બનાવે છે, જ્યારે બીજાં કેટલાંક સ્વાર્થીને ખરા સ્વાર્થનું ભાન કરાવી પરમાર્થમાં દોરે છે અને અનેક દુષ્કર્મો છેદવાનું બળ અર્પે છે. આમ છતાં જે જીવનો, મનુષ્ય જન્મની અધે.-ગતિ કરી પારાવાર દુ:ખ ઉપજાવનાર, જન્મમરણનાં સંકટો સહિત ચોરાશી લક્ષ યોનિમાં ભમાવનાર, પોતાના મૂળ સ્વરૂ-પનું ભાન ભૂલાવી મોક્ષમાર્ગથી વિયોગ કરાવનાર, ભિન્ન ભિન્ન પ્રકારનાં પ્રલોભનો–લાલચો–માં ફસાવી કર્મબંધન કરનાર, ખરા કર્તવ્યથી ભ્રષ્ટ કરનાર અને છેવટે પશુ કરતાં પણ વધારે અધમ સ્થિતિનો અનુભવ કરાવનાર બાબતોનું ખરૂં ભાન કરાવી હૃદયસાગરને હચમચાવી મૂકે છે અને તેની પાર જવાનો માર્ગ બતાવી રસ્તામાં આવતા દારૂણ ખડકોથી બચાવવા 'દીવાદાંડી' રૂપ બની મનુષ્યજીવન કર્તવ્યની પાર પહોંચાડવાનું અનેરૂં બળ આપે છે તેવાં જીવનો સહસ્ત્રધા વંદનીય, પૂજનીય અને આદરણીય લેખી શકાય.

આ મુનિશ્રીના જીવનમાંથી પણ, શોધનારને કંઇ આવાં જ તત્ત્વો ઉપલબ્ધ થઈ શકે, આજકાલ આપણે જોઇએ છીએ તેમ તેઓશ્રીના જીવનના બનાવો કોઇ આશ્ચર્યચકિત કરી ક્ષણિકને માટે દંગ બનાવે એવા પ્રાકૃતિક શોધોથી ભરપૂર નથી. તેમણે ભૂગર્ભ કે આકાશ મંડળની કોઇ અવનવી શોધ કરી નથી. જુદાં જુદાં શાસ્ત્રો અને મતમતાંતરોનું ખંડન મંડન કરી કોઇ નવીન ધર્મની સ્થાપના તેમના દ્વારા કરાયેલી નથી. સાયન્સની પણ કોઈ નવીન શોધ તેમણે કરેલી નથી અન્યના વિચાર અને અનુભવોમાં પોતાની પંડિતાઇનો ડોળ ઘાલી જનસમાજના મોટા ભાગને છક કરી નાખે એવાં વિદ્વત્તાભર્યાં મોટાં મોટાં પુસ્તકો તેમણે લખ્યાં હોય એવું જાણવામાં નથી. વળી દુનિયાદારીમાં જેને બહોળી કહે છે તે મેળવી જાણીતા મંડળમાં મોટી નામના કાઢવાનો પ્રસંગ છતાં તે તરફ પણ હમેશને માટે તેમના દ્વારા પ્રવૃત્તિ કરાયેલી નથી. આમ છતાં પૃથ્વીપરના આ સઘળા અવનવા બનાવો અને આશ્ચર્યચકિત શોધોમાં તેના શોધકને બહારના કીર્તિ આદિ ક્ષુદ્ર હેતુવશાત્ જે તત્ત્વ દૃષ્ટિગોચર થઇ શકતું નથી તેવું

અનેરૂં તરત આ મુનિશ્રીને પોતાના જીવનમાં પ્રાપ્ત થયેલી એક ધન્યક્ષણના પ્રભાવથી ઉપલબ્ધ થયેલું અને તેમાં જ તેમના જીવનની ઉન્નતતા લેખી શકાય. પોતાને પ્રાપ્ત થયેલા બહારના એક નજીવા જેવા લાગતા પ્રસંગથી તેમના સરલ અને રસજ્ઞ હૃદયને સાચા કર્તવ્યની ઝાંખી થઇ હતી આને પરિણામે તેમણે આસપાસનાં સંયોગજનિત સઘળાં બન્ધનો તોડી નાખી પોતાને સાચા જણાયેલા એ કર્તવ્યમાં જ તેમણે ધર્મ પરની સાચી શ્રદ્ધા, અડગ વૃત્તિ અને હૃદયના અસાધારણ વેગથી ગતિ કરી સર્વસ્વનું બલિદાન આપ્યું હતું ! ! એક તરફ પત્ની અને કુટુંબ તરફનો પ્રેમ, રાજ્યનું માન અને દુનિયાદારીનો મહાન્ વૈભવ અનેક પ્રકારનાં આકર્ષક સ્વરૂપમાં પ્રત્યક્ષ થઇ સ્વર્ગસમ સુખ બતાવી લલચાવતાં હતાં. જ્યારે બીજી તરફથી પોતાને સાચું જણાયેલું કર્તવ્ય જોરથી ખેંચતું હતું. આવી પરસ્પરથી વિરૂદ્ધ ખેંચાણકારક સ્થિતિમાં ખરાં અને ખોટાં સુખોનો ભેદ પામી સાચા કર્તવ્યમાં રત થવાની અને અંત સુધી એક રંગે રંગાયેલા રહેવાની આ મુનિશ્રીની દૃઢતા અને હૃદયની અસાધારણ વેગભરી વૃત્તિ ખરેખર ! અલૌકિક જ ગણી

શકાય. આવી ખેંચાણકારક સ્થિતિ પ્રત્યેક મનુષ્યને પોતાના જીવનમાં આવતી જોઈ શકાય છે; છતાં કર્તવ્યાનુગામી પુરુષો કેવી દૃઢતાથી સાચા કર્તવ્યને પિછાની હાથ કરે છે અને અંત સુધી એક રંગે રંગાઈ જીવન પૂર્ણ કરે છે તે આ ઉપરથી સ્પષ્ટ થઈ શકશે. આ ઉપરાન્ત આ મુનિશ્રીના જીવન ચરિત્રની હકીકત ઉપરથી માનવ-જીવનમાં અનુભવાતા જુદા જુદા પ્રસંગોનો ડહાપણથી ઉપયોગ કરનાર પુરુષો પોતાની અંદરના ગુમ રહેલા ગુણોને કેવી રીતે પ્રકાશિત કરી શકે છે, માબાપની વર્તણુકની નાનાં બાળકોના મન ઉપર કેવી અને કેવા પ્રકારે છાપ પડે છે, પૂર્વજોનાં વૃતાંતો કહી સંભળાવવાથી બાળકોની રસવૃત્તિ કેવી રીતે પોષાય છે અને પરિણામે કેવું વલણ પકડે છે, તે, તેમજ ઉદ્યોગ, ખંત અને સ્વાશ્રયની સાથે પોતાને જણાયેલા સાચા કર્તવ્ય તરફ અસાધારણ વેગથી ગતિ કરનાર માણસો શરૂઆતમાં પડતી કેટલીક મુસ્કેલીઓ સહન કરવા વડે પરિણામે સઘળાનો પ્રેમ સંપાદન કરી ઇચ્છિત કાર્ય કેવી રીતે પાર પાડી શકે છે એ આદિ બાબતોનો સહૃદય વાચકને પાત્રતાનુસાર ખ્યાલ આવી શકશે, અને

એ સઘળા ઉપરથી વાચકવર્ગ પોતાને કંઈ પણ લાભ કરી શકશે તો આ જીવનચરિત્ર લખવાનો મૂળ હેતુ સફળ થયો ગણાશે.

આ મુનિશ્રીનું આલોકનું જીવન ૬૮ વરસ જેટલી મુદ્દત સુધી લંબાયેલું હતું. આ ઉપરથી દર વીસ વરસનો એક તબક્કો ગણી મુખ્ય ત્રણ તબક્કા પાડી દરેકની સાથે "વીશી" એવું નામ જોડવામાં આવ્યું છે, અને છેવટનાં આઠ વરસોનું "અવસાન કાળ" એવું નામ આપી તેનું જુદું પ્રકરણ પાડવામાં આવ્યું છે. આ ઉપરાન્ત જન્મ અને જન્મકાળ સુધીની તેમના બાપદાદની સ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ રીતે આ પુસ્તક પાંચ વિભાગમાં વહેંચાયેલું છે.

છેવટે આ મુનિશ્રીના જીવનની સઘળી શરૂઆતની ઉપયોગી હકીકતો પુરી પાડવા માટે રા. રા. કેશવલાલ સેવકદાસ અને રા. રા. મહાસુખરામ જગજીવનદાસનો તેમજ મુનિજીવન તરીકેની બાબતો પુરી પાડવા માટે જૈન મુનિવર્ગમાંના કેટલાએક મુનિ મહારાજનો આ સ્થળે નમ્રભાવે આભાર પ્રદર્શિત કરવામાં આવે છે વળી સાધુજીવનનો

ઉલ્લેખ કરવામાં ' દશવૈકાલિક ' સૂત્રની ગાથાઓ તેના અર્થ સહિત આ પુસ્તકમાં જે ઉતારવામાં આવી છે, તેમાં " દીક્ષાકુમારી " નામના પુસ્તકનો આધાર લેવામાં આવ્યો છે અને તેથી તેના પ્રસિદ્ધકર્ત્તાનું અત્ર ઉપકાર સ્મરણ કરવામાં આવે છે.

વિરમગામ,<br>
વૈશાખ, શુક્લપક્ષ અષ્ટમી,<br>
સં ૧૯૬૮.

*C. M. T.*

# મુનિશ્રી છગનલાલજી.

## પ્રકરણ ૧ લું.

### જન્મ.

આ દુષ્કર એવા પંચમ કાળમાં ચાલીસ અહોરાત્રિ સંથારો કરી અનશનવ્રત ધારણ કરી જે મુનિશ્રીએ આ માયિક અને ફાની જગતનું મિથ્યાપણું પિછાની પોતાની ઇચ્છાનુસાર તેનો થોડા સમય ઉપર અમદાવાદમાં ત્યાગ કર્યો છે, જેણે આત્મા અને શરીરનો ભેદ પાડી બતાવી જનસમાજને શરીરનું સ્થૂળપણું અને આત્માની અનંતતા, પરમ શાન્તિ અને આનંદની વચ્ચે સિદ્ધ કરી બતાવ્યાં છે, જેણે ધર્મ પરની સાચી

શ્રદ્ધા અને તેના સતત્ અનુશીલન વડે કઠિન એવાં વ્રતોને અંગીકાર કરી ઇંદ્રિયાદિ વિષયોને જીતી એક મનુષ્યના આત્મામાં રહેલા અગાધ બળની ઝાંખી કરાવી છે અને અન્ય મનુજ હૃદયોમાં ધર્મની ભાવનાને સતેજ બનાવી-વધારે દૃઢ કરી વૃદ્ધિના ક્રમમાં મૂકી છે અને છેવટે ધર્મની વિજયપતાકા ફડફડાવી ચારે તરફ આર્હત ધર્મની વાહ! વાહ! કહેવરાવી મુકી છે એવા ધર્મના સ્તંભ રૂપ મુનિ શ્રી છગનલાલજીના નામથી કોણ અજાણ્યું છે? આ સ્વધર્મપરાયણ, કૃતનિશ્ચય અને ધર્મવીર મુનિશ્રીના પ્રપિતાનું નામ રામજીભાઇ હતું. આ રામજીભાઇના પૂર્વજ મૂળ અમદાવાદના વતની હતા એવું તેમના હાલના વંશજોનું મત છે; પરન્તુ તેઓ અવટંકે 'માંગરોળીઆ' કહેવાય છે, તો તે પરથી ધારી શકાય, કે તેઓ અસલ માંગરોળના રહીશ હોવા જોઇએ. આ માંગરોળ તે ભરૂચ જીલ્લાનો જે ભાગ કાનમને નામે ઓળખાય છે તેમાં આવેલું છે. આ પ્રમાણે અસલ તેઓ માંગરોળના કે અમદાવાદના ગમે ત્યાંના રહેવાશી હોય; પણ એટલું તો નક્કી જ છે, કે આ રામજીભાઇ પોતાની સ્થિતિના કારણથી અથવા ગમે તે હેતુ લઇને પાછળથી વડોદરે આવી વસ્યા

હતા, અને તે વખતથી ઉત્તરોત્તર, હાલમાં પણ તેમના વંશજો વડોદરામાં રહે છે. આ રામજીભાઇએ પોતાના જમાનાને અનુકૂળ વ્યવહાર ઉપયોગી કેટલુંક શિક્ષણ મેળવ્યું હતું. તેઓ જ્ઞાતે 'દશા શ્રીમાળી' વાણીઆ હતા અને સ્થાનકવાસી જૈનધર્મ પાળતા હતા. ધર્મ ઉપર તેમની શ્રદ્ધા ઘણી વધારે હતી. દરરોજ નિયમિત સમયે ઉપાશ્રયમાં જવું, સામાયક પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરવી અને પરોપકારે પ્રત્યેક પળે તૈયાર થવું એ વૃત્તિ તેમને તેમનાં માબાપથી વારસામાં મળી હતી એમ કહેવામાં આવે છે. તેમનાં લગ્ન બે વાર થયાં હતાં. પહેલી વાર પ્રાંતીજમાં અને બીજી વાર કાનમના કોઈ ગામમાં પરણ્યા હતા. બન્ને સ્ત્રીઓ ઘણે અંશે સ્વભાવમાં સારી હતી અને તેમનો ગૃહસંસાર એકંદરે ઘણો સુખી હતો. આ બન્ને સ્ત્રીઓથી એકેક પુત્ર પ્રસવ્યો હતો. તેમાંના એકનું નામ ગીરધર અને બીજાનું નામ સેવકરામ હતું. આ સેવકરામ એ જ આપણા મુનિશ્રી છગનલાલજીના પૂર્વાશ્રમના જનક એટલે સાંસારિક પિતા હતા.

રામજીભાઈ જેવી રીતે ધર્મ-પરાયણ હતા તેવી જ રીતે તે વ્યવહારદક્ષ પણ હતા, અને વડોદરામાં આવ્યા

પછી જુદી જુદી પ્રકૃતિના માણસોના સહવાસથી તેમની દક્ષતામાં ઘણો વધારો થયો હતો. આમ છતાં તેમના આંતરમાં ધર્મના સંસ્કારોની છાપ બાળપણથી સજ્જડ પડેલી હોવાથી, ઘણા મનુષ્યોના સંબંધમાં બને છે તેમ તેમની એ દક્ષતા અધમતામાં પરિણામી ન હતી. આથી ઉલટું તેમનામાં ધાર્મિકવૃત્તિ અને વ્યવહારદક્ષતાનું કંઇ ઑર સંમિશ્રણ થયેલું હતું. આ સંમિશ્રણથી ઘડાયેલી તેમની વૃત્તિઓ પરિચયમાં આવતાં માણસો ઉપર જબરી અસર કરી શકતી હતી.

આ સમય તે લગભગ સંવત ૧૮૬૬ એટલે ઇ. સ. ૧૮૧૦નો ગણી શકાય. વડોદરાની ગાદી ઉપર શ્રીમંત આનંદરાવ ગાયકવાડ હતા. પ્રથમના રાજાના વખતમાં છેવટના ભાગે રાજમાં નાણાં ભીડ ઘણી હતી. આથી કેટલાક મહાલો ઘરાણે મૂકાયા હતા અને કેટલાક ઇજારે અપાયા હતા. ખંડણી આપનારા ખંડણી પણ આપતા નહોતા. વળી આરબ લશ્કરનું જોર અતિશય વધી પડયું હતું, અને રાજના માલિક જાણે પોતે જ હોય એ પ્રમાણે વર્તતા હતા. કાનોજીરાવ અને કડીવાળા મલ્હારરાવનાં

બંડોથી રાજમાં અતિશય ખળભળાટ કરી મૂકાયો હતો. રાજની આવી સ્થિતિમાં શ્રીમંત આનંદરાવ ગાયકવાડે અંગ્રેજ સરકારની મદદ માગી અને તેમની સહાયથી બંડો બેસાડી દીધાં, અરબેને તેમનો પગાર ચૂકવી આપી કબજે કર્યા અને નિયમિત રીતે ખંડીઆ રાજાઓ ખંડણી ભરે એવો બંદોબસ્ત કર્યો. વળી આ સમયથી જ ગાયકવાડી રાજમાં અંગ્રેજ સરકાર તરફથી એક રેસીડેન્ટ રાખી રેસિડન્સીની સ્થાપના કરવામાં આવી હતી. આ સમયમાં ખંડણી અને ચોથ ઉઘરાવનાર અમલદારોનો પણ ઘણો જૂલમ હતો અને આસપાસના મૂલકોના લોકો વારેવારે બંડ અને લૂટ કરી પ્રજાવર્ગમાં ભય અને ત્રાસ વર્તાવી રહ્યા હતા.

આવા જ કોઇ અરસામાં ગાયકવાડ સરકારના એક તરફની સરહદે આવેલા ખેરાળુ મહાલમાં આસપાસના મુલકના લોકો લૂટફાટ કરી અતિશય ત્રાસ વર્તાવતા હતા. એક તરફથી શિરોહી, દાંતા અને પાલણપુર તેમજ બીજી તરફથી મહીકાંઠા વગેરે પહાડી મુલકોના લોકો વારે વારે ધાડો પાડી પ્રજાનાં જાનમાલને નુકસાન પહોંચાડતા હતા.

આવી ત્રાસજનક સ્થિતિમાંથી લોકોને બચાવવાને અને રાજનો સારી રીતે બંદોબસ્ત કરવાને હામુમીયાં અને જાબુમીયાંને નામે પ્રસિદ્ધ સરદારોના વઝીર અમીન સાહેબને કેટલાક લશ્કરી સરદારી અને જોખમી સઘળી સત્તા આપી તે મહાલમાં નીમ્યા. રામજીભાઈ આ સમયે રાજમાં નોકર હતા અને તેથી પ્રસંગવશાત્ અમીન સાહેબની સાથે તેમની મુલાકાત થતી. રામજીભાઈ શરીરે હૃષ્ટપુષ્ટ, કદાવર અને પ્રતિભાશાળી હોવા ઉપરાન્ત ઝીણી વીશીના હતા. આ તેમના બહારના દેખાવ અને ઝીણી બુદ્ધિએ અમીન સાહેબના મન ઉપર જબરી અસર કરી હતી. પોતાને પ્રાપ્ત થયેલી આવી જોખમભરી સરદારીના પ્રસંગે આવા એક શારીરિક અને માનસિક શક્તિ ધરાવતા પોતાના જાણીતા માણસને સલાહકાર તરીકે પસંદ કરવો એ હિતાવહ છે એવા કોઈ વિચારને લીધે સરદાર શ્રી અમીનસાહેબે, રામજીભાઈને ખેરાળુના વહીવટદાર તરીકે પસંદ કરેલા. અહીં તેમણે પોતાને સોંપાયેલું આ જોખમદારીનું કામ ઘણી નિમકહલાલીથી બજાવી પોતાની લાયકાત સિદ્ધ કરી બતાવેલી અને અણીના પ્રસંગે બહુ

ડહાપણભરી રીતે તન અને મનથી રાજની સેવા બજાવી મીયાં સાહેબની પૂર્ણ પ્રીતિ સંપાદન કરેલી.

રામજીભાઈની સ્થિતિનો સૂર્ય આ સમયે પૂર્ણ ઉદય-માન હતો. ધન, સ્ત્રી, પુત્રો આદિના સુખ ઉપરાન્ત લો-કોમાં પ્રતિષ્ઠા પણ તેમણે ઘણી સારી સંપાદન કરી હતી. રાજનું માન અને પ્રજાનો પ્રેમ પણ તેઓ અધિક મેળવી શક્યા હતા. આવી ચડતીના પ્રસંગે ઘણાં ક્ષુદ્ર હૃદયનાં માણસો જેમ અધુરા પાત્રની પેઠે છલકાઇ જાય છે અને ધર્મમાર્ગથી ઉતરી પડી અધર્મમાં દોરાઈ અનેક નીચ કર્મો કરે છે તેવું કાંઇ પણ રામજીભાઈના સંબંધમાં બનવા પામેલું નહિ. આથી ઉલટું જુદા જુદા મનુષ્યોના ભિન્ન ભિન્ન દુઃખદ પ્રસંગો નજરે પડતાં ધર્મ તરફ તેમની લા-ગણી વધારે ને વધારે પ્રબળ થયે જતી હતી. પોતાને મળેલા એક સારા પ્રસંગનો શી રીતે સદુપયોગ કરી શકાય, લોકોનાં દુઃખમાં શી રીતે ભાગ લઈ મદદગાર થઇ શકાય અને પોતાની જાતને એવાં દુઃખોથી શી રીતે બચાવી શકાય તે સંબંધે તેમને ઘણીવાર વિચારો આવ્યાં કરતા

હોય એમ લાગે છે. આ વિચારોને કેટલેક દરજ્જે અમલમાં મૂકવાનો પ્રસંગ મળ્યો. તે એવી રીતે, કે ખેરાળુ એ તે સમયમાં મહાલનું મુખ્ય અને મોટું ગામ હોઇ ઘણા મુસાફરો ત્યાં રાતવાસો કરતા; પરન્તુ તેમને ઉતરવાને માટે કોઈ સવડવાળું સ્થળ ન હોવાને લીધે ખુલ્લા મેદાનમાં કે ગમે ત્યાં પડ્યા રહેવું પડતું, અને શિયાળા ચોમાસામાં અતિ ઘણું દુઃખ સહન કરવું પડતું હતું. આ પ્રકારની મુસાફરોની દુઃખી સ્થિતિ જાણવામાં આવતાં પોતાના ખર્ચે એક સારી ધર્મશાળા બંધાવી અને મુસાફરોનાં દુઃખ દૂર કર્યાં. આ ધર્મશાળા અદ્યપિ પણ 'રામજીભાઇની ધર્મશાળા' ને નામે પ્રસિદ્ધ છે. વળી આ ઉપરાન્ત પ્રસંગે પ્રસંગે ગરીબ માણસોની હકીકત સાંભળી તેઓની અડચણો દૂર કરવાને યોગ્ય અને પૂર્ણ તપાસ કરી પ્રયત્નો કરતા અને કરાવતા.

રામજીભાઇને પોતાના ધર્મ ઉપર ઘણી શ્રદ્ધા હતી; છતાં તે કેવળ ધર્માન્ધ ન હતા. ઘણા મનુષ્યો અધિકાર પ્રાપ્ત થયે પોતાના મતમાં અન્ધ બની અન્ય ધર્મીઓને પીડે છે, તેમજ ત્રાસ વર્તાવી અનેકનાં દિલ ઉંચાં કરી

બેદિલી ફેલાવી મૂકે છે. ઇતિહાસમાં આ પ્રકારે ધર્મના કારણને લીધે થયેલા ઝગડાઓ અને લોકોના અંતઃકરણમાં ફેલાયેલી બેદિલીને પરિણામે થયેલાં નુકસાનો સુપ્રસિદ્ધ છે, રામજીભાઇએ આ હકીકતો આસપાસથી સંભળી હોય એટલુંજ નહિ; પરન્તુ હૃદયમાં કોતરી રાખી હોય એમ લાગે છે. આ હકીકત નીચેના બનાવથી સ્પષ્ટ થઇ શકે તેમ છેઃ–

હકીકત એવી બની કે, ખેરાળુમાં ધર્મશાળા બંધાવ્યા પછી એક ઉપાશ્રય કરાવવાની તેમની ઇચ્છા થઇ, ગામમાં વૈષ્ણવ ધર્માનુયાયી વિશેષ હતા અને સ્થાનકવાશી જૈનનાં ઘર આંગળીના વેઢા ઉપર ગણી શકાય એટલાં જ હતાં. આને પરિણામે લોકોમાં વિરૂદ્ધ ભાવના ઉત્પન્ન થઈ અને ગામમાં ઉપાશ્રયને બદલે વૈષ્ણવનું મંદિર કરાવવા તેઓએ આગ્રહ કર્યો. લોકો અજ્ઞાન, અન્ય ધર્મને નામે ભડકી ઉઠે એવા અને ગાડરીઆ પ્રવાહ જેવા હતા. તેથી તે સમજાવ્યા સમજ્યા નહિ અને ગમે તે બ્હાના નીચે પોતાની ફરિયાદ આગળ લઈ ગયા. લોકોમાં ફેલાયેલી બેદિલી માટે પૂછણું થતાં મીયાંસાહેબે, રામજીભાઇને પૂછ્યું. રામજીભાઈને આ પ્રસંગે લોકોની પરંપરાથી ચાલતી આવતી

ધર્મદ્વેષેચ્છા, દુરાગ્રહ અને પૂર્વના સઘળા ધર્મના ઝગડા દૃષ્ટિ આગળ તરી આવ્યા હોય એમ લાગે છે, અને માત્ર પોતાના મતની ખાતર પ્રજામાં બેદિલી ફેલાય અને રાજ્ય તરફ અણગમો ઉત્પન્ન થાય એ તેમના જેવા નિમકહલાલ સેવકને ન રૂચે એ સ્વાભાવિક જણાશે. વળી તેમની દીર્ઘ દૃષ્ટિએ એવો વિચાર પણ ઉત્પન્ન થવો સંભવિત લાગશે, કે મારો વિચાર કેવળ ધર્મના બ્હાનાથી ઉત્પન્ન થયો છે. હવે આ સ્થળે ઉપાશ્રય હોય કે મંદિર હોય તોપણ કાર્ય તો એક સરખું જ સાધવાનું છે, તો મારે મારા મનનો ભોગ આપી લોકોમાં સંતોષ ફેલાવી તેમનો પ્રેમ શા માટે સંપાદન ન કરવો? વળી જ્યાં ધર્મનું કાર્ય હોય ત્યાં ઝગડો કે, જે અધર્મનું મૂળ છે તે હોઇ શકે જ નહિ, અને જો ઉપાશ્રય કરાવવાથી ઝગડો ઉત્પન્ન થશે તો મારા મતની ખાતર મૂળ હેતુનો નાશ થશે અને તે કોઇ પણ પ્રકારે ઇષ્ટ નથી. એવી મતલબનો વિચાર કરી તેમણે મીમાંસાહેબને ખરી હકીકત જાહેર કરેલી. તેમણે એવી મતલબનું જણાવેલું, કે લોકોમાં ધર્મની ભાવના પ્રકટે એટલો જ મારો તે મકાન કરાવવામાં હેતુ છે. લોકોમાં અસંતોષ,

બેદિલી કે અણગમો ઉત્પન્ન થાય એ અધર્મ ઉત્પન્ન કરવા જેવું છે. માટે મૂળ હેતુ સચવાય અને લોકો રાજી થાય એમ કરવા પ્રયત્ન કરીશ. લોકો અમુક માર્ગમાં ટેવાઇ ગયેલા છે અને તેથી ઉદ્દેશ એક છતાં જુદા માર્ગથી ભડકી ઉઠે છે. આ પ્રકારના સામાન્ય સુખની અને સંતોષની ખાતર પોતાના મતનો ભોગ આપવા જેટલી ઉદારતા જોતાંજ **મીસંસ હેબ** ખૂબ ખુશ થયા. રામજીભાઇએ આ પછી તરત જ સઘળા લોકોને એકત્ર કરી ઉપાશ્રયની જગાએ ખડી ધામધૂમથી અને વિધિપુરઃસર, એક સારી પ્રતિમા તૈયાર કરાવી તેને પધરાવવા વ્યવસ્થા કરી. આ સ્થળ તે દિવસથી "રામજી મંદિર" ને નામે પ્રસિદ્ધિમાં મૂકાયું જે હાલમાં પણ હયાતિ ધરાવે છે.

આ પ્રમાણે રાજકાજમાં પ્રતિષ્ઠા પામી પ્રજાજનના પૂર્ણ પ્રેમની વચ્ચે, ધર્મકાર્યથી વિચલિત ન થતાં એકનિષ્ઠાથી તે સેવકભાવે કાર્યો કરતા હતા. પોતાના આ સઘળા પુણ્યોદયનું મૂળ ધર્મ એટલે શ્રાવક આદિએ આચરવાનાં વ્રત જ સમજતા અને સઘળી શક્તિઓ તેથી જ પ્રાપ્ત થાય છે એમ તેમની દૃઢ માન્યતા હતી. ખરેખર!

આપણે પણ એવી રીતે ધર્મ માર્ગને અનુસરી દુનિયાની અસહ્ય જણાતી ભેખડોની સામે પૂર્ણ ધૈર્યથી ખડા રહીએ અને શરૂઆતમાં કેટલુંક સહન કરી લઇએ તો પરિણામે એવું જ બળ અને શક્તિ પ્રાપ્ત કરી શકીએ અને સાચા કર્તવ્યને પિછાની શકીએ. રામજીભાઇને ઘોડા ઉપર સવારી કરવાનો અને યુદ્ધના પ્રસંગે શામેલ રહેવાનો ઘણો શોખ હતો. નક્કી કર્યા પ્રમાણે મહાલનાં સઘળાં ગામોની ઘોડેસ્વાર બની મુલાકાત લેતા અને સઘળા પ્રકારની વ્યવસ્થા માટે બહુ સાવચેત રહેતા. આ પ્રમાણે પોતાને સોંપાયેલા સેવાધર્મમાં જીવન વ્યતિત કરતાં, એક દિવસે ઉમતા નામના ગામમાં તેમનું જવું થયેલું અને ત્યાં એક ઘોડાના કરડવાથી થોડો સમય માંદગી ભોગવી આ નિઃસાર જગતને ત્યજી ગયેલા.

પ્રથમ જણાવ્યા પ્રમાણે રામજીભાઇને બે પુત્રો હતા. આ બન્ને પુત્રોમાં રામજીભાઇના વિચાર, વર્તન અને શારીરિક બાંધણીનું કેટલેક અંશે સ્પષ્ટ દર્શન થતું હતું. સઘળા કરતાં ધાર્મિક વિચારોની છાપો તેમના હૃદય ઉપર રામજીભાઇના પોતાના વર્તન અને વિચારોથી સચોટ રીતે

પડી હોય એમ લાગતું હતું. વળી પોતાનાં બાળકો ધર્મ ઉપર આસ્થાવાળાં થશે તો પોતાની પેઠે કદિ પણ દુઃખી થશે નહિ એવું તેમનું દૃઢ માનવું હોવાથી તેમણે તે બાબતમાં ખાસ કાળજી રાખી હતી. આ બાળકોને જમાનાને અનુસરીને કેળવણી પણ આપવામાં આવી હતી. આ પ્રમાણે આ બન્ને ભાઇઓ સ્વધર્મમાં એક સરખી પ્રીતિવાળા હતા; છતાં દુનિયાદારીનાં કામકાજમાં તેમના હૃદયનું વલણ નિરનિરાળું હતું, અને તે ઘણે અંશે સંગતિનું જ પરિણામ હોય એમ લાગે છે. મોટા પુત્ર ગિરધરને ઘણો વખત સાથે રહેવાનો પ્રસંગ હોઇ તેમનું હૃદય રાજકિય બાબતોમાં રસ લેતું વધારે નીવડ્યું અને તે બાબતની જોઇતી તાલીમ પણ તેમણે પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે મેળવી. નાના પુત્ર સેવકરામને પોતાના મોસાળમાં પ્રસંગોપાત જઇ વસવાનું બનતાં તેમના હૃદયને વ્યાપાર કરી જીવન વહન કરવાનું વધારે રૂચ્યું. રામજીભાઇના અવસાન સમયે બન્ને પુત્રોની ઉમ્મર અનુક્રમે લગભગ ૨૦ અને ૧૮ વરસની હતી અને તેમના મરણ પછી પોતપોતાની ઇચ્છાનુસાર બન્ને ભાઇઓ જુદી જુદી દિશામાં જોડાયા. એટલે મોટાભાઈ *ગિરધર પોતાના પિતાનો હોદ્દો

મેળવવા જેટલી લાયકાત બતાવી આતરસુંબા મહાલના પ્રખ્યાત સરદાર હામુમીયાંના કારભારી બન્યા, અને નાના-ભાઈ સેવકરામે વ્યાપારી કામ શરૂ કર્યું. બન્નેએ પોત-પોતાની દિશામાં બહુ સારી રીતે કામ કરી બતાવ્યું હતું.

સેવકરામનું મન વેપાર કરવા તરફ વળેલું હતું. તેમનો જન્મ સંવત ૧૮૬૨ એટલે ઈ. સ. ૧૮૦૬ માં થયો હતો અને પોતાની લગભગ ૧૮-૧૯ વરસની ઉમ્મરે તે કામ કરવું શરૂ કર્યું હતું. પ્રથમ તેઓ જાણીતા શેઠ આત્મારામ ભૂખણની પેઢીમાં દાખલ થયા હતા અને ત્યાં તેઓ, પોતાને સોંપાયેલા કામમાં કુશળતા બતાવીને અને શેઠનો વિશ્વાસ મેળવીને છેવટે 'ફીલીદાર' બન્યા હતા. આ પછી સ્વતંત્ર રીતે વ્યાપાર કરવાની ઈચ્છા થતાં તેમણે શરાફીનું કામ કરવું શરૂ કર્યું હતું. વળી આ સમયમાં હાલની મફ્ફ એતરોની માપણી કરી તેની ચોકસ વિગોટી લેવાનું

* ગિરધરભાઈના વંશમાં હાલ મહાસુખરામ અને ગોવર્ધનભાઈ છે, કે જેઓ વડોદરામાં રહે છે. આમાંના મહાસુખરામ હાલમાં પણ તે પ્રખ્યાત સરદારના વંશજના કારભારી તરીકે કામ કરે છે, એમ તેઓએ જાતે રૂબરૂની મુલાકાતે જણાવ્યું હતું.

મુકરર કરવામાં આવ્યું નહોતું. આથી દરેક ગામ દીઠ સરકારમાં ભરવામાં અંકડો ઉચક ઠરાવવામાં આવતો, વળી આ આંકડો ભરવાનું ગામના પટેલોને શિર રાખવામાં આવતું, અને તે બદલ તેમને શેઠીઆઓની હામી આપવી પડતી. આ સેવકરામ પણ શરાફીની સાથે હામી કબૂલવાનું કામ કરતા, અને ખાસ કરીને તે પાદરા તાલુકામાં આવેલા વડુ ગામના પટેલ પ્રાગદાસ વખનદાસની હામી કબૂલતા હતા. પોતાના કામકાજમાં તે ઘણા ઉદ્યોગી અને ખંતવાળા હતા. ધર્મ પર મૂળથી જ શ્રદ્ધા હતી અને મુનિ મહારાજ શ્રી હર્ષસિંહજી તરફ તેમનો ઘણો પૂજ્યભાવ હતો. તેમનાં લગ્ન બે વાર થયાં હતાં: પ્રથમ બામણગામમાં અને બીજી વાર પ્રાંતીજમાં. પહેલી સ્ત્રીનું નામ કેસરબાઇ અને બીજી સ્ત્રીનું નામ જોઇતીબાઇ હતું. જોઇતીબાઇ ઘણાં સરલ અને માયાળુ સ્વભાવનાં હતાં. ધર્મ ઉપર પણ ઘણાં પ્રીતિવાળાં હતા. આ જોઇતીબાઈની કુક્ષે આપણા જીવનચરિત્રના નાયક મુનિશ્રી છગનલાલજી સંવત ૧૯૦૦ ના આશ્વિન શુકલપક્ષની શુભ તિથિ દ્વિતિયાને દિવસે પ્રાંતીજમાં જન્મ્યા હતા.

# પ્રકરણ ૨ જું.

## પહેલી વીશી.

માણસના આખા જીવનમાં બાળપણ એ પરમ સુખ અને આનંદનો સમય છે. આ ઉમ્મરે બાળકનામાં રાગદ્વેષાદિ લાગણીઓ હોતી નથી. તેને શત્રુ કે મિત્ર તેમજ 'મારૂં' કે 'પારકું' એવો ભેદ હોતો નથી. તે અંદર અને બહારથી બહુ પવિત્ર અને સુંદર હોય છે. જગતમાં અનેક પ્રકારનાં કલેશ અને દુઃખોને ઉપજાવનાર ષડ્રિપુઓ તેનાથી ઘણે દૂર હોય છે. આથી ઉલટું તે સર્વમાં સમાન ભાવથી જુએ છે, અને પોતાના તાનમાં તલ્લીન બની મસ્તની દશા અનુભવે છે. આપણે જોઈએ છીએ તેમ માબાપનાં શત્રુ ગણાતાં એવાં માણસોની પાસે તે પ્રેમથી જાય છે અને તેના ઉછંગમાં આનંદથી ખેલે છે! ખરેખર!

આ અવસ્થા તે કેવળ પરમાનંદની અવસ્થા છે અને તે આપણને અંદર અને બહારથી પવિત્ર રહેવાની, રાગદ્વેષ રહિત થવાની, સર્વ ઉપર સમભાવ રાખવાની અને એવી જ બીજી મનુષ્યજીવન તરીકેનું સાચું કર્તવ્ય બતાવનારી બાબતોનો પ્રત્યક્ષપણે બોધ આપે છે.

આવી બાળપણની પરમ આનંદની અભેદમય સ્થિતિમાં આપણા આ ભવિષ્યના મુનિશ્રી છગનલાલજી દિવસે દિવસે મોટા થતા જતા હતા. તેમના મુખની કાન્તિ અને હાવભાવો આસપાસનાં મનુષ્યોનાં ચિત્ત સ્વાભાવિક રીતે ખેંચતાં હતાં. સૌ તેમને હેતથી રમાડતાં હતાં. વળી આપણે જાણીએ છીએ તેમ નાનાં બાળકો તેમના શરીરનું બંધારણ સહજ મજબુત થતાં અને વયમાં આવતાં અનેક પ્રકારની ચેષ્ટાઓ કરે છે. બાળકોની આ ચેષ્ટાઓમાં, તેમના ભવિષ્યમાં જણાઈ આવતા એવા કેટલાક ખાસ ગુણો સમાયેલા હોય છે અને જેઓને આ બાળચેષ્ટાએનો અભ્યાસ કરવાની ટેવ હોય છે તેઓ અમુક ચોકસ પ્રમાણમાં આ ગુણોને પારખી પણ શકે છે; પરન્તુ આપણા સમાજમાંના મોટા ભાગને એવી ચેષ્ટાઓ તરફ બારિકાઈથી

જોવાની અને તેનો અભ્યાસ કરવાની ટેવ ન હોવાથી તે પરથી કશું જોઇ કે જાણી શકાતું નથી આમ છતાં મોટી ઉમ્મરે અમુક ગુણો જણાઈ આવતાં આપણને કેટલીક વખત એવું ભાન થઇ આવે છે, કે આ ગુણો તો તેનામાં પ્રથમથી જ હતા અને તેની બાળપણની ચેષ્ટાઓ અને રમતોમાં પણ તે જણાતા હતા. આ પ્રમાણે આ મુનિશ્રીના જીવનમાંના પણ કેટલાક ગુણો તેમની બાળપણની ચેષ્ટાઓમાં જણાઈ આવતા હતા એવું નીચેની, તેમની જાણવામાં આવેલી બાળચેષ્ટાઓ ઉપરથી સ્પષ્ટ થયા વિના રહેશે નહિ.

બાળપણમાં તેમનામાં એક ટેવ એવી હતી, કે જ્યારે રડવા તરફ વળતા ત્યારે તે એટલું બધું અને એટલી બધી વખત સુધી રડયા કરતા કે ઘરનાં સઘળાં માણસો કાયર કાયર થઇ જતાં અને ઘણી વખત પડોશીઓ પણ એકઠાં થઇ જતાં. આથી ઉલટું હસવા માંડે ત્યારે પુષ્કળ આનંદમાં ગુલતાન બની રહેતાં. સ્તનપાનની બાબતમાં પણ તેમજ બનતું. એટલે ધાવવામાં આવે તો વારેવારે ધાવ ધાવજ કરતા અને નહિ તો બિલકુલ ધાવતા જ નહિ. ઉંઘવામાં અને જાગવામાં પણ એજ નિયમ જળવાઇ રહેલો

જણાતો. આ ઉપરથી એમ લાગે છે, કે જે દિશા તરફ તેમના મનનું વલણ થતું તે દિશામાં તે પૂરેપૂરી રીતે અને અસાધારણ વેગથી ગતિ કરતા. તેમનો આ ગુણ તેમના આખા જીવનમાં એક સરખી રીતે જળવાઈ રહેલો હોય એમ તેમના જીવનની આગળની હકીકતો ઉપરથી જણાયા વિના રહેશે નહિ.

બીજી વાત એવી છે, કે જ્યારે તેમને ઉપાશ્રયમાં લઈ જવામાં આવતા ત્યારે શાન્ત મુખમુદ્રાથી બેસતા. સાધુજી કે આર્યાજી જે વ્યાખ્યાન કહી સંભળાવતાં તેમાં તેમનાથી બિલકુલ ભંગાણ પડતું નહિ. વળી કેટલીક વખત તે વ્યાખ્યાનકારની સામે તાકીને જોઈ રહેતા કે પ્રસંગે હસતા પણ ખરા. તેમનું આ પ્રકારનું વર્તન ઉપાશ્રયમાં ફેલાઈ રહેલી શાન્તિને લીધે, કે અજાણ્યાં માણસોના સમૂહને લીધે, કે બાળસ્વભાવને અનુસરીને સ્વાભાવિક રીતે, કે બીજા ગમે તે કારણથી થતું હોય; તોપણ તે ઉપરથી અસારે એટલું તો લાગે છે, કે તેમની એ પ્રકારની ચેષ્ટામાં જ તેમના અંતઃકરણની કોઈ અનેરી અને અજાણી ભાવના સમજી ન શકાય એવી રીતે છુપાયેલી હતી.

આ ઉપરાન્ત બીજી પણ ચેષ્ટાઓ કરાતી હોય એ સ્વાભાવિક છે; છતાં તે સંબંધે કંઇ જાણવામાં આવ્યું નથી. આ પ્રકારની ચેષ્ટાઓ અને પૂર્ણ આનંદની વચ્ચે પોતાનાં કૌટુંબિક પરિજનોના સહવાસમાં આપણા આ મુનિશ્રી ૬–૭ વરસના થયેલા. આ દરમ્યાન તેમનામાં અનેક પ્રકારના ફેરફારો થાય એ સ્વાભાવિક છે: માબાપનાં વાણી, વર્તન અને વિચારોની અસર, પડોશીઓ અને અન્ય સંબંધમાં આવતાં પરિજનોની રીતભાતની અસર અને પ્રસંગમાં આવતાં સમાન વયનાં બાળકોથી કરાતી રમત-ગમતો પરથી થતી અસર, એમ જુદા જુદા પ્રકારની અસરો તેમના મન ઉપર જાણે અજાણે થયે જતી હતી. તેમનાં માતુશ્રી ભલાં, ધર્મ ઉપર આસ્થાવાળાં, દયાળુ અને ઘણા સરલ સ્વભાવનાં હતાં, અને તેથી છગનલાલજીનું હૃદય વધારે કોમળ, નિખાલસ, શ્રદ્ધાળુ અને રસાળ બનેલું હતું. પિતા તરફથી ઉદ્યોગી અને ખંતીલાપણાનો ગુણ ઉતરી આવ્યો હતો. આ ઉપરાન્ત પ્રસંગે પ્રસંગે ઉપાશ્રયમાં જવું થતું હોવાથી ત્યાં એકઠાં મળેલાં માણસોના વર્તનની પણ જાણે અજાણે તેમના મન ઉપર જુદી જુદી અસરો થતી હોય, તો એ

સ્વાભાવિક લેખાશે. આ પ્રમાણે આસપાસના સંયોગોથી થતી અસરોની વચ્ચે તેમને નિશાળે ભણવા બેસાડવામાં આવ્યા હતા.

હાલની પેઠે તે વખતે (ઇ. સ. ૧૮૫૦-૫૧ માં) નિશાળો સ્થપાએલી ન હતી. શિક્ષણની પદ્ધતિ અને અભ્યાસક્રમનું ધોરણ કંઇ નક્કી કરાએલાં ન હતાં. તે સમયે ભણવાને માટે ગામઠી અથવા "ધુડી" નિશાળો હતી અને ત્યાં પાટી ઉપર ધૂળ નાંખી વતરણા વડે આંક અને મૂળાક્ષરો શિખવવામાં આવતા હતા. આ પછી લખવા અને વાંચવા ઉપરાન્ત વ્યવહારજોગું ગણિત શિખવવામાં આવતું હતું. આવી એક નજીકમાં આવેલી ગામઠી નિશાળમાં તેમના નિશાળના શિક્ષણની શરૂઆત થઈ હતી. અહીં તે લખતાં વાંચતાં બહુ સારી રીતે શિખ્યા હતા. સાધારણ વ્યવહારૂ હિસાબો ગણી શકે એવા ગણિતના જ્ઞાન ઉપરાન્ત સાદું નામુંઠામું લખવાની રીત પણ તેમને શિખવવામાં આવી હતી. ગણિતના વિષયમાં તેમનું જ્ઞાન સાધારણ હતું. ગુંચવણીઆ અને અતિશય ઉંડે ઉતરી ગણવાના હિસાબોથી તે કંટાળતા. આ પ્રકારના અભ્યાસમાં લગભગ છએક વરસ પસાર થયા પછી તેમણે

મરાઠી શિખવાનું શરૂ કરેલું. આ ભાષા પણ ઘણી સારી રીતે લખી, વાંચી તેમજ સમજી શકે એવું જ્ઞાન તેમણે એક વરષમાં મેળવ્યું હતું. આટલા વ્યવહાર શિક્ષણ ઉપરાન્ત અહીં તેમને જાણે અજાણે પોતાના હૃદયના ગુણોને પ્રકટાવવાનો અને જુદી જુદી પ્રકૃતિના બાળકોના સહવાસજન્ય જુદા જુદા અનુભવો મેળવવાનો પ્રસંગ મળેલો. શિખવામાં તેમની વૃત્તિ ઘણી વેગભરી જણાતી, અને અભ્યાસ કરવાના વખતમાં ખાસ કરીને તેમનું મન બીજી રમતો રમવા તરફ વળતું નહિ આ ઉપરાન્ત ઘણી વખત ખાવા તરફ પણ બેદરકારી બતાવી પોતાના વાંચવાના કામમાં મશગુલ રહેતા. નિશાળે જવામાં કોઈ દિવસ આડો કરતા નહિ. ભણવાની વખતે ભણવું અને રમવાના સમયે રમવું એવો જાણે એમનો સ્વભાવજ હોય એમ તે ઘણે દરજ્જે વર્તતા હતા. રમવાના પણ તે ઘણા શોખીન હતા. આસપાસનાં બાળકોને એકત્ર કરી જુદા જુદા પ્રકારની રમતો રમતા અને કસરતો પણ કરતા. આથી તેમના શરીરનું બંધારણ પણ ઘણું મજબુત દૃઢ થતું ગયેલું. નૈતિક શિક્ષણની અસરો પણ જુદા જુદા પ્રસંગો ઉપરથી તેમના

મન ઉપર જાણે અજાણે થયે જતી હતી. ખાસ કરીને તોફાની, બેદરકાર, આળસુ અને એવા બીજા દુર્ગુણી વિદ્યાર્થીઓને પડતા મહેતાજીના કેરડાના મારથી અને સદ્ગુણી બાળકોનાં કરાતાં વખાણોથી તેમના મન ઉપર નીતિ અને અનીતિના જ્ઞાનની અસરો થતી હોય એ કેટલેક દરજ્જે સંભવિત જણાશે.

સ્કુલમાંથી મળેલા આ શિક્ષણ ઉપરાન્ત માબાપની પ્રત્યક્ષ રીતમતથી તેમના મન ઉપર પડતી ધર્મિક શિક્ષણની અસરો તો ચલુ જ હતી. પ્રથમ જણાવ્યા પ્રમાણે તેમનાં માતપિતા ધર્મ ઉપર ઘણાં આસ્થાવાળાં હતાં. તેઓ બનતા પ્રયત્ને ઉપાશ્રયમાં જવા ચુકતાં નહિ અને જ્યારે કોઈ મુનિ મહારાજનું ત્યાં પધારવું થતું ત્યારે વ્યાખ્યાનમાં જવાને તેઓ ખાસ કરીને ચુકતાં જ નહિ. આથી છગનલાલજી પણ તેમની સાથે ઉપાશ્રયમાં જતા અને ત્યાં થતાં વ્યાખ્યાનો સાંભળતા. વ્યાખ્યાનમાં ખાસ કરીને શ્રાવકાદિએ આચરવાનાં વ્રતો અને ક્રિયાઓ વિષે કથાઓ આવતી અને તે ઉપરથી તેમને પોતાને કરવાની ક્રિયાઓ વિશે જ્ઞાન થતું જતું હતું; પરંતુ તેમની વિવેકશક્તિ આ

સમયે કેટલેક અંશે ખીલી હતી અને તેથી ક્રિયાઓનાં નામ માત્ર જાણવાથી તેમને સંતોષ થયેલો નહિ. હવે તેમને સામાયક્, પ્રતિક્રમણાદિ કરાતી ધાર્મિક ક્રિયાઓ કરવામાં શો હેતુ હશે, તેમાં કરવામાં આવતા પાઠમાં શો અર્થ સમાયેલો હશે અને તે ક્રિયાઓ કેવી રીતે કરાવી જોઈએ એ વગેરે બાબતો જાણવાની ઈચ્છા થયેલી હોય એમ લાગે છે. કારણ, તે પ્રસંગે પ્રસંગે પોતાનાં પરિજનોને ઉપરની મતલબવાળા સવાલો પૂછતા હતા સૌ તેના ઉતરમાં પોતપોતાની સમજ પ્રમાણે ખુલાસો કરતાં; છતાં તેથી તેમને સંતોષ થતો નહિ. આવી સ્થિતિમાં કેટલાક દિવસો વીત્યા બાદ એક સમયે મુનિશ્રી ઝવેર ઋષિજીનું તેમના શિષ્ય શ્રી હીરાચંદજી સહિત ત્યાં પધારવું થયું. ઝવેર ઋષિજી તેમના પૂર્વાશ્રમમાં વિરમગામના દશાશ્રીમાળી વાણીઆ નામે કલ્યાણચંદના પુત્ર હતા. તેમણે સંવત ૧૮૬૫ના મહા શુદ ૫ ને રોજ મુનિશ્રી પ્રાગજી ઋષિ પાસે દીક્ષા લીધી હતી. સર્વ શ્રાવક શ્રાવિકાઓનો તેમના પ્રતિ ઘણો પૂજ્યભાવ હતો. આ મુનિશ્રીનું આગમન સાંભળીને એક દિવસે પ્રસંગ સાધી છગનલાલજી તેમની પાસે

ગયા અને પોતાની જીજ્ઞાસા તેનને વિનય પૂર્વક નિવેદન કરી. બન્ને મુનિઓને, આટલી સાધારણ વયના બાળકની ધર્મનાં રહસ્યો જાણવાની ઇચ્છા જોતાં ઘણું આશ્ચર્ય ઉપજેલું. તેમની સઘળી શંકા અને જીજ્ઞાસાના સંબંધમાં તે સમજી શકે એવી સરલ રીતે સમાધાન કર્યું અને સમજણ પાડી. મુનિશ્રીના ઉપદેશથી તેમને સંતોષ થયેલો અને તે વખતથી પ્રથમનાં કરતાં ધર્મશાસ્ત્ર પ્રતિ તેમને ઘણો વધારે પ્રેમ ઉત્પન્ન થયો. તેમણે આ પછી તરત જ સામાયક, પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરવાની શરૂઆત કરેલી, અને અમુક કાળ સુધી ખાસ અડચણ સિવાય તેમાંથી તે ચલિત થયેલા નહિ. આ ક્રિયાઓથી તેમના મૂળના ગુણને ઘણું પોષણ મળતું ગયું. કારણ, જ્યારે તે આ ક્રિયાઓ કરવા બેસતા ત્યારે તે ક્રિયામય બની જતા, અને તેથી તેમનો મૂળનો ગુણ 'જે દિશામાં ગતિ કરવી તેમાં પૂરેપૂરી રીતે ગતિ કરવી' એ કેળવાયે જતો હતો. આપણામાંનો મોટો ભાગ એ ધાર્મિક ક્રિયાઓ જે રીતે કરે છે તેવી રીત તે ક્રિયાઓ કરવામાં છગનલાલજીની ન હતી. આપણામાંના મોટા ભાગ તરફ નજર કરીશું તો જણાશે, કે કેટલાક તો

માત્ર ધાર્મિક ગણાવાના ડોળથી અને લોકલાજથી જ તે ક્રિયાઓ કરે છે. કારણ, તેમના આચારમાં એમાંનું કાંઈ પણ જોવામાં આવતું નથી. વળી બીજા કેટલાક માત્ર એક આસને બેસી પાઠ ભણી જવામાં જ તે ક્રિયાઓની પૂર્ણાહુતિ સમજતા માલૂમ પડે છે. આ ઉપરાન્ત પાઠ ભણતી વખતે પણ તેઓનું ચિત્ત તે પાઠમાંના શબ્દોના અર્થ કે પોતાના કર્તવ્ય તરફ ન હોતાં, દુનિયાદારીના અનેક ક્લેશ અને કાર્પણ્યમય વિચારોમાં ભટકાં મારતું હોય છે. આ પ્રકારે કરાતી ધાર્મિક ક્રિયાઓથી કશો લાભ થવો સંભવિત નથી. મન એક ઠેકાણે હોય અને કાર્ય બીજું કરાતું હોય તો તેથી એકે બાબત પાર નપડતાં બન્નેય બગડે છે.

વળી સામાયક અને પ્રતિક્રમણ કરવા સંબંધે કેટલાકનું માનવું એવું હોય છે, કે આપણે દુનિયાનાં કામકાજોમાં વારેવારે અનીતિ અને અધર્મ આચરવાં પડે છે, અને તેથી એ ધાર્મિક ક્રિયાઓ કરીએ તો તેથી, કરેલાં પાપો ધોવાઈ જાય અને આપણને કોઈ પ્રકારની હાનિ કે દુઃખ થાય નહિ. પ્રથમ તો “ પેટને માટે અનીતિ અને અધર્મ આચરવાં પડે છે ” એમ કહેવું એ જ ભૂલભરેલું છે.

કારણ આપણને એવાં દુષ્ટ કામો કરવાની કોઈ ફરજ પાડતું નથી. આપણે જાણી જોઇને જ—સમજણ પૂર્વક એવાં કર્મો કરીએ છીએ, અથવા આપણા ભૂલભરેલા સ્વાર્થી વિચારોને પરિણામે એવાં કામો કરાય છે. ઘણી વખત આપણે એવું માની બેઠા હોઇએ છીએ, કે દુકાન ચલાવનાર માણસે ચાલતા ભાવથી હમેશાં વધારે મૂલ બતાવવું જોઇએ, અને જો તે પ્રમાણે ન કરીએ તો ઘરાક કંઇ ઓછું કરવાનું કહે ત્યારે શું ઓછું કરી શકાય?! ઘી, તેલ અને દાણા જેવા વેપારમાં હમેશાં એક મણે, શેર ઓછું તોળી આપવું જોઇએ. નહિ, તો તેને કાઢતાં, રેડતાં, સળતાં અને વેરાતાં પડતી ઘટ પૂરી પડી શકે નહિ અને વેપારમાં ખોટ જાય! કાલાં, કપાસ અને રૂના વેપારમાં મણે શેર વધારે તોળી લેવું જોઈએ. તે પ્રમાણે તોળી ન લઈએ તો વેપારીઓને મોકલવાના અને આપવાના નમુનાની ઘટ પૂરી પડે નહિ! વળી ઘરાક સમજાવ્યું સમજે એવું ન હોય, તેમજ સસ્તું અને સારૂં શોધનાર હોય તો તેને ઘરાક તરીકે ટકાવી રાખવા માટે એકને બદલે બીજો માલ ચાલાકીથી ઓઢવી દેવો પણ પડે!! આ પ્રમાણે ન કરીએ તો વેપાર થઈ

શકે નહિ તેમજ ધાર્યા પૈસા પેદા કરી શકાય નહિ. પૈસા વગર દુનિયાની લાજ આબરૂ જાળવી શકાતી નથી અને તેથી આ પ્રમાણે વર્તવું જ જોઇએ ! ! જરા ધીરજથી અને ડહાપણથી ઉંડો વિચાર કરનારને આ વિચારોમાં કેટલું સત્ય સમાએલું છે, તે સમજાયા વગર ભાગ્યે જ રહેશે. આ વિચારો કેવળ સપાટી ઉપરના અને સ્વાર્થમાંથી ઉત્પન્ન થયેલા હોઇ ભૂલભરેલા છે એમ લાગ્યા વિના રહેશે નહિ. આથી ઉલટું, સત્ય અને નીતિના પાયા ઉપર રચી હરકોઇ પ્રકારનું કાર્ય કરવાથી જ લાભ થઇ શકે. પ્રપંચથી ભોળાં અને વિશ્વાસુ માણસો કદાચ થોડા સમયને માટે ઠગાય છે અને આપણને તાત્કાલિક લાભ થયો જણાય છે; છતાં આખરે તો "દૂધના દૂધમાં અને પાણીના પાણીમાં જ" જાય છે, એ પ્રકારના સ્વાર્થી અને પ્રપંચી વર્તનથી હમેશાં નુકસાન જ વેઠવા વખત આવે છે. આવાં સમજણપૂર્વક કરાયેલાં પાપકર્મો કેવળ સામાયક કરવાના ઢોંગથી ( ! ) ધોવાઇ જવાની આશા રાખવી એ નિરર્થક લાગતું નથી શું ? એકલી ક્રિયા કરવાથી કશો લાભ નથી; પરન્તુ ક્રિયાની સાથે તેના આચારો પાળવામાં આવે તો જ લાભ થવાની

આશા રાખી શકાય. એવાં પાપકર્મો ધોવાને સામાયક્ કરવાના હેતુને પિછાની તે પ્રમાણે બરાબર ધાર્મિક ક્રિયા કરવામાં આવે અને તે વડે ઇંદ્રિયાદિ વિષયોને પોતાને વશ કરી ફરીને બહારની લાલચોથી આકર્ષાઈ પાપકર્મ કરવા તરફ મન જરા પણ વળે નહિ એવું બલ પ્રાપ્ત કરવામાં આવે તો જ તે ક્રિયાઓ કરવાનું સાર્થક ગણી શકાય, અને એવી રીતે કરાયેલી ક્રિયાઓ જ કરેલાં કર્મોને ખપાવી શકે. જે ક્રિયા કેવળ બહારથી અને બીજાઓને બતાવવા સારૂ કરવામાં આવે તેથી બિલકુલ લાભ થતો નથી. આથી ઉલટું વખતના દુરૂપયોગ સાથે બીજાઓને અને પોતાની જાતને ઠગવાનું નવું પાપકર્મ બંધાય છે.

આ અને એવા અન્ય કર્તવ્યસૂચક વિચારો, એક નહિ, તો બીજી રીતે મુનિશ્રી ઝવેરસાગરજીએ, પ્રથમ આપણે જોઈ ગયા તેમ ભગનલાલજીના મનમાં ઠસાવ્યા હોય એ સંભવિત છે. આથી તે સઘળી ક્રિયાઓ યોગ્ય રીતે કરવા તરફ લક્ષ આપતા અને તેના આચારો પાળવાને ખાસ કાળજી રાખતા. આટલી નાની ઉમ્મરમાં તેમની આ પ્રકારની રીતભાતથી સંબંધમાં આવતાં માણસોના મન ઉપર

જબરી અસર થતી. આ સમયે તેમની ઉમ્મર લગભગ ૧૩–૧૪ વરસની હતી. તેમનું લગ્ન પણ આ અરસામાં જ થયેલું. તેમની પત્નીનું નામ જડાવબાઈ હતું. જડાવબાઇનાં માતપિતા વડોદરામાં જ રહેતાં હતાં. લગ્ન થયા પછી તેમના પિતાની ઇચ્છા તેમને ધંધે બઝાડવાની થઇ, અને પોતાની માફક સ્વતંત્ર વ્યાપારનો ધંધો કરે તો સારૂં એવી તેમણે પ્રસંગ આવતાં પોતાની ઇચ્છા જણાવી. આમ છતાં પ્રત્યેક માણસને પોતાના મનનું અમુક પ્રકારનું ખાસ વલણ હોય છે, અને પોતાના એ વલણને અનુસરીને જ તે હરકોઇ પ્રકારનું કાર્ય કરવાનું પસંદ કરે છે. આ પસંદગીને અનુમોદન આપી વલણ પ્રમાણે વર્તવા દેવામાં આવે તો ઘણે ભાગે તે પોતાની પસંદગીમાં દીપી નીકળ્યા વગર રહે નહિ. આથી ઉલટું તેના ઉપર બળાત્કાર કરી તેના વલણથી વિરૂદ્ધ દિશાએ ગતિ કરવાની ફરજ પાડવામાં આવે તો તેની સઘળી વૃત્તિઓ દબાઇ જઈ કોઇ પણ કાર્યને માટે લાયક નીવડી શકે નહિ. છગનલાલજીના મનનું વલણ વ્યાપાર કરવા તરફ બિલકુલ હતું નહિ. તેમના દિલને એ ધંધો રૂચતો નહોતો, અને તેથી પિતાની ઇચ્છા પોતાને

વ્યાપારમાં જોડવાની છે એમ પ્રત્યક્ષ રીતે જાણતાં તેમણે તે માટે પોતાનો અભાવ બતાવ્યો, અને પોતાની ઇચ્છા વ્યાપાર કરવાની નથી એવો મતલબનું સ્પષ્ટ રીતે જાહેર કર્યું. આમ થવામાં એક કારણ એ લાગે છે કે, ઘરનાં તેમજ આસપાસનાં માણસોથી પ્રસંગે પ્રસંગે પોતાના દાદાને માટે કરાતી વાતો તેમના સાંભળવામાં આવતી હતી. આ વાતોની તેમના મન ઉપર બહુ ઉંડી અસર થયેલી અને તેથી પોતાના દાદાનાં કાર્યો અને પદવી એ જાણે તેમનું પોતાનું લક્ષ્ય બન્યું હોયની! એમ તેમની રાજની નોકરી કરવાની ઇચ્છા અને તેમાં કરી બતાવેલા કામ ઉપ-રથી અનુમાની શકાય છે. વ્યાપાર કરતાં રાજ્યસંબંધમાં આવવું એ એમના દિલે વધારે પસંદ કર્યું, અને પ્રસંગ આવતાં તેમણે એ પ્રકારના વિચારો પોતાના પિતાને જણા-વ્યા. આ પછી તરત જ તેમણે નોકરી મેળવવા માટે પ્રયત્ન કરવા માંડ્યો હતો. આગળ જણાવ્યા પ્રમાણે તેમણે ગુજરાતી અને મરાઠી એ બે ભાષાઓનું સારી રીતે લખી વાંચી અને સમજી શકે એટલું જ્ઞાન મેળવ્યું હતું અને તે સમયમાં રાજની નોકરી મેળવવા માટે તે પૂરતું હોય એમ લાગે છે.

આ સમય તે ઈ. સ. ૧૮૬૦નો ગણી શકાય. તે વખતે વડોદરાની ગાદિ ઉપર **શ્રીમાન ખંડેરાવ મહારાજા** સાહેબ બિરાજમાન હતા. આ મહારાજાને લશ્કરી કવાયતનો ઘણો સારો શૉખ હતો અને મલ્લવિદ્યામાં પોતે ઘણા કુશળ હતા. તેમના લશ્કરનો બંદોબસ્ત ઘણો જ સારો હતો અને તેના પરિણામે ઈ. સ. ૧૮૫૯ના સિપાઈઓના બળવાને પ્રસંગે આખા ગુજરાતમાં સારો બંદોબસ્ત રાખી અંગ્રેજ સરકારને ઘણી સારી મદદ કરી શકયા હતા. આ બળવાના સમયમાં મહીકાંઠા અને રેવાકાંઠાના ભીલ અને પહાડી જાતના લોકો હુલ્લડ કરવાને માટે તૈયાર થઈ રહ્યા હતા; પરન્તુ નામદાર ગાયકવાડ સરકારના વ્યવસ્થિત લશ્કરે તેમને એકદમ દબાવી દઈ આખા પ્રાન્તમાં સારો બંદોબસ્ત રાખી શાન્તિ જાળવી રાખી હતી. વળી રાજના દિવાન તરીકેનું કામ ગોવિંદરાવ રોડે કરતા હતા. તેમણે પણ આ કામમાં ઘણી સારી મદદ કરી હતી, અને તેથી સરકાર તરફથી તેમને ઘણી શાબાશી આપવામાં આવી હતી. રાજ્યના આવા જાગ્રતિના સમયમાં

છગનલાલજીએ નોકરી માટે અરજ ગુજારી હતી. મર્હૂમ રામજીભાઇને પિછાને એવા કેટલાક માણસો રાજ્યમાં સારા અધિકાર ઉપર હતા, અને તેઓ તેમના કુટુંબ તરફ અદ્યપિ પણ સારો ભાવ ધરાવતા હતા. આમાંના કોઇની પાસે છગનલાલજીએ પોતાનો નોકરી મેળવવાનો ઇરાદો જણાવ્યો હોત તો તેમને તરત જ નોકરી મળી શકે એમ હતું. આમ છતાં લાગવગથી નોકરી મેળવવા યત્ન કરવો એ તેમના સ્વભાવથી વિરૂદ્ધ હતું અને તેથી તેમણે રીતસરની અરજી કરી હતી, અને કોઇને મળવા ગયેલા નહિ. તેમની અરજી ઉપરથી તેમને દિવાન સાહેબ ગોવિંદરાવ રોડેની ઑફીસમાં રૂ. ૧૦) ના પગારથી કારકુન તરીકે નીમવામાં આવ્યા. કામ કરવામાં તે ઘણા ઉદ્યોગી અને ખંતીલા સ્વભાવના હતા. તેમજ જે કાર્ય કરવું તેમાં તેમય બનીને કરવું એવો તેમનો મૂળનો સ્વભાવ હતો. આથી પોતાની ચાર વરસની નોકરી દરમ્યાન તે ઘણાના પ્રીતિપાત્ર થઇ પડેલા. વળી આ દરમ્યાન દર બબ્બે વરસે અનુક્રમે રૂ. ૨) અને રૂ. ૩)નું પ્રમોશન મેળવી પોતાની ૨૦ વરસની ઉમ્મરે તેઓ રૂ. ૧૫)નો પગાર મેળવવા પામ્યા હતા. તેમને મળેલા

આ પ્રકારના ઉત્તેજનથી તેમના ઉદ્યોગી અને ખંતીલા-પણામાં ઘણો વધારો થવા ઉપરાન્ત તેમનામાં સ્વાશ્રયી-પણાનો ગુણ કેળવાતો હતો. આ પ્રમાણે જીંદગીના અવ-નવા અને વિવિધ પ્રકારના અનુભવોની સાથે મૂળના જુદા જુદા ગુણો કેળવાતાં તેમના જીવનની "પહેલી વીશી" પૂર્ણ કરી છગનલાલજીએ "બીજી વીશી" માં પ્રવેશ કર્યો હતો. આ સમયે તેમને ભાંડુઓમાં એક ભાઈ તથા બેન હતાં. ભાઇનું નામ કેશવલાલ અને બેનનું નામ અમથીબાઇ પાડવામાં આવ્યું હતું. તેઓ બન્ને અનુક્રમે લગભગ ૧૨ અને ૭ વરસનાં હતાં. આ બન્નેમાં બેનના તરફ તેમનો પ્રીતિભાવ સ્વાભાવિક રીતે વિશેષ આગળ પડતો દેખાતો હતો.

# પ્રકરણ ત્રીજું.

## બીજી વીશી.

માણસને તેની બીજી વીશીમાં યુવાવસ્થા પ્રાપ્ત થતી ગણી શકાય છે અને વખતના વધવા સાથે તે પૂરેપૂરી ખીલતી જાય છે. આ અવસ્થામાં બાળપણના નિર્દોષ હાવભાવો અને અભેદમયતા ભાગ્યેજ અનુભવી શકાય છે. કારણ શરીરના વધવા અને લોહીના વેગભર્યા ધમારાની સાથે આસપાસના સંયોગો અને પોતાની માનસિક સ્થિતિ પ્રમાણે અનેક અવનવા વિષયોમાં મન ઉન્મત્ત બનતું દિસે છે: પ્રત્યેક ઇંદ્રિય સતેજ બની પોતપોતાના વિષયમાં જોરથી ખેંચાણ કરે છે. દુનિયાદારીનાં અનેક પ્રલોભનો–ધન, વિભવ, માન, મરતબો, કીર્તિ આદિ–વિવિધપ્રકારનાં સ્વરૂપો ધારણ કરી, નજર આગળ ખડાં થઇ

પોતાની જાળમાં ફસાવવાને તત્પર રહ્યાં હોય છે. વળી વૃત્તિઓ બહુ ચંચળ બની સમજી ન શકાય એવી રીતે એક સ્થાનથી બીજે એમ અનેક સ્થાનો ઉપર, કલ્પી ન શકાય એટલી ક્ષણમાં ફરી વળતી દિસે છે. આવી વિવિધ રંગી યુવાવસ્થાની સ્થિતિમાં પોતાનું ખરેખરૂં કલ્યાણ કરનારી બાબતને ઓળખી એક જ ખરા કર્તવ્યને હાથ કરવું અને તેમાં આવતી અડચણોને ઓળંગી વેગ ભરી રીતે વહ્યા જવું એ અતિશય કઠણ કામ જણાય છે. ઘણી વખત સાચું કર્તવ્ય હાથ લાગવા છતાં અને ખરા માર્ગમાં ગતિ કર્યા છતાં, મોટી અડચણો રૂપે નહિ, પરન્તુ એક સાચા સલાહકાર અને ખરા હિતચિન્તકના સ્વરૂપમાં એ પ્રલોભનો દેખા દઈ આપણા માર્ગમાં આડાં આવી ખડાં થાય છે અને ખોટા રસ્તે દોરે છે. તે એવાં સ્વરૂપો ધારણ કરી આપણી સામે આવી ઉભાં રહે છે, કે આપણે તેના ખરા સ્વરૂપને ઓળખી શકતા નથી, એટલું જ નહિ, પરન્તુ તેમાં જ આપણું સર્વ પ્રકારનું કલ્યાણ સમાયેલું છે-એ જ જીવનનું ખરૂં કર્તવ્ય છે-એ જ સાર્થક છે-એમ અંતઃકરણથી માની બેસીએ છીએ ! આ પ્રલોભનોને ગમે ત્યારે

અને ગમે તે સ્વરૂપમાં ઓળખવાં અને તેનાથી આપણી જાતને બચાવવી એ જેટલું મુસ્કેલ કામ છે, તેથી અતિશય કઠણ કામ તેને તાબે ન થવં, તેને આવણે પોતાને તાબે કરવામાં છે. આ પ્રકારના અવનવા અનુભવો થવાની માણસને તેની આ યુવાવસ્થામાં શરૂઆત થતી જણાય છે, અને તે સમયના પોતાના માનસિક બળના પ્રમાણમાં માણુસો પોતાનું જીવન પૂર્ણ સુખી વા દુઃખી બનાવી શકે છે. નિર્બળ મનનો માણસ આ ખેંચાણોમાં ખેંચાઈ અટવાઇ પડે છે અને સબળ અંતઃકરણનો પુરૂષ એ ખેંચાણોને પોતાને તાબે કરી પોતાના જીવનનું સાર્થક કરી શકે છે. આ પ્રમાણે જીવનને કૃતાર્થ કરવું વા નિષ્ફળ ગુમાવવું એનો આધાર બહુધા આ અવસ્થાએ કરાતી પ્રવૃત્તિઓ અને તે ઉપરથી મળતો અનુભવોનો ડહાપણથી ઉપયોગ કરવા ઉપર છે, અને તેટલા માટે આ અવસ્થા તે મનુષ્યના આખા જીવનનો એક મુખ્ય અને આવશ્યક ભાગ ગણી શકાય. આપણામાં ચાલતી "સોળે સાન, વીસે વાન અને પચીસે પુરૂષ" એ કહેવત આ અવસ્થાના માહાત્મ્ય તરફ ખાસ ધ્યાન ખેંચે છે, અને તેટલા સમયમાં માણસોએ

કેટલા બધા સાવધ રહેવાની જરૂર છે તેનું પણ ઉપયોગી સૂચન કરે છે.

આવી યુવાવસ્થાની વિષમ સ્થિતિમાં છગનલાલ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા જતા હતા. તેમના બાળપણના ભાવો આડે આસપાસના સંયોગોથી રચાયેલો પડદો પડ્યો હતો. મારૂં–તારૂં, પારકું–પોતાનું વગેરે બાબતોનો તફાવત જણાવનાર ભેદદૃષ્ટિ તેમને પણ પ્રાપ્ત થાય એ સ્વાભાવિક છે. આમ છતાં બાળપણથી પડેલી ધર્મ અને નીતિના વિચારોની છાપોથી તેમના અંતઃકરણમાં કેવળ સ્વાર્થી વિચારો પેસવા પામ્યા ન હતા. આથી ઉલટું પારકાં અને અસહાય જણાતાં માણસોને પોતાથી બનતી મદદ કરવા તરફ તેમના મને વિશેષ વલણ પકડ્યું હોય એમ લાગે છે. તે નિરાધાર અને અપંગ માણસોને પ્રસંગે પ્રસંગે બનતી મદદ કરવા ચૂકતા નહિ. પાછળ જણાવ્યા પ્રમાણે પોતાના કામમાં પૂર્ણ ઉત્સાહ અને ખંતથી મંડ્યા રહ્યા હતા, અને તેને પરિણામે પોતાના ઉપરીનો તેઓ સારી રીતે પ્રેમ મેળવી શક્યા હતા. ખરેખર ! માણસોને પોતાના આખા જીવનમાંના હરકોઈ કાર્યમાં સફળ થવાનો આધાર તેના ઉદ્યોગ

અને ખંતીલાપણા ઉપર હોય છે. ખરી વાત છે, કે તે સાથે બુદ્ધિની જરૂર પડે છે. બુદ્ધિ સિવાયની જાતમહેનત તો વેતરૂં થઇ પડે છે અને તેથી બહુ લાભ થઇ શકતો નથી. બુદ્ધિશાળી છતાં આળસુ માણસના કરતાં ઓછી બુદ્ધિવાળો છતાં ઉદ્યોગી અને ખંતીલો માણસ પોતાના ધંધામાં વહેલો સફળ થઇ શકે છે. એક અંગ્રેજ ગ્રંથકાર બરાબર જ કહે છે, કે:—

" Mere genious will not acquire this for a man: There must be industry: There must be persevearance: There must be × × extra ordinery exertion."

આ કહેવાનો ભાવાર્થ એવો છે, કે કેવળ બુદ્ધિથી, માણસ ઇચ્છેલું મેળવી શકતો નથી. તેનામાં બુદ્ધિ કરતાં કંઇ વધારે હોવાની જરૂર છે અને તે ખંત, ઉદ્યોગ અને અસાધારણ પ્રયત્નો હોવા જોઇએ. છગનલાલજીમાં આ ગુણો તેમના પિતા તરફથી વારસામાં મળ્યા હતા અને તેને પ્રસંગે પ્રસંગે મળતાં પોષણોથી તે વધારે ને વધારે કેળવાતા હતા. આને પરિણામે બીજાં બે વરસમાં તેમના પગારમાં

રૂા. ૫) નો વધારો થયેલો અને એ રીતે તેમને રૂા. ૨૦) મળવાની શરૂઆત થઈ હતી.

આ પ્રમાણે નોકરીના સંબંધમાં એક તરફથી સુખ અને સંતોષ અનુભવાતાં હતાં, જ્યારે બીજી તરફથી વ્યાવહારિક ઉપાધિઓ દુઃખ રૂપ બની ડોકીયાં કરી રહી હતી. સંસારમાં સુખ અને દુઃખ એ એવું દ્વંદ્વ છે, કે જે કોઈ કાળે છૂટું પાડી શકાતું નથી. રથનાં ચક્રની પેઠે તે નિરંતર એક પછી એક ઉંચે નીચે આવ્યાં જ કરે છે. આ દ્વંદ્વના ઝપાટામાંથી આ પૃથ્વી ઉપરની કોઈ પણ રચના કદિ પણ બચવા પામતી નથી. સર્વને તેનો મોડો વહેલો અનુભવ થયા વગર રહેતો જ નથી. સમસ્ત કુદરત તરફ જોનારને આ હકીકત સારી રીતે ધ્યાનમાં આવી શકે: સૂર્ય દિવસે ઉદય પામી, મધ્યાહ્નને પૂર્ણ પ્રકાશિત બની અન્ત ભાગે અસ્ત થતો જોઈ શકાય છે. આપણા શરીર સંબંધે વિચારતાં પણ જાણી શકાય, કે જન્મથી યુવાવસ્થાના મધ્યાહ્ન સુધી આપણાં સર્વ અંગો, વાણી, વિચાર અને વૃત્તિઓ પૂરેપૂરી રીતે ઉદયમાન થાય છે, અને તે પછીના કાળમાં તેને અસ્તનો અનુભવ થવા માંડે છે,

એટલે ધીમે ધીમે ક્ષય પામતાં અંતે તેનો સમૂળગો નાશ થાય છે. આ પ્રમાણે સુખ-દુઃખ વા ઉદય-અસ્ત એ દ્વંદ્વોનો અનુભવ સર્વને થાય છે અને તે પ્રમાણે છગનલાલજી પણ એવા અનુભવમાં મૂકાય એ સ્વાભાવિક છે. તેમના લગ્નને લગભગ ૬-૭ વરસ થવા આવ્યાં હતાં. તેમનાં પત્ની ચંદ્રકળા જેવા શહેરમાં ઉછરેલાં હોઈ તેમનામાં ચપળતા વિશેષ હતી. ઘરના કામકાજને માટે તે ઘણાં કુશળ જણાતાં હતાં. પતિપત્નીના આટલી મુદતના સહવાસથી તેઓ પરસ્પર એક બીજાને કેટલેક અંશે ઓળખી ગયાં હતાં અને તેમનો સંસાર પૃથ્વીપરનાં દંપતિની પેઠે સુખરૂપ હતો. તેમને લગ્ન પછી ત્રણ વરસમાં પ્રજામાં એક પુત્ર સાંપડેલો અને તે બાલ્યાવસ્થામાં જ મરણશરણ થયેલો. છગનલાલજીને તેમના જીવનમાં આ પ્રથમ ઘા હતો; છતાં "દુઃખનું ઓસડ દહાડા" એ કહેવત પ્રમાણે કાળે કરી તેના ઉપર પડ ફરી વળેલું. આ પછી બીજા ત્રણેક વરસે બીજો પુત્ર થયો. તે વરસ દિવસનો થાય તે પહેલાં કાળની તીવ્ર પાંખમાં સપડાયો! આવા બીજી વખતના ઘાની રૂઝ વળે તે

પહેલાં તેમનાં પત્ની મંદવાડને બિછાને પડયાં અને થોડાં સમયમાં મૃત્યુ પામ્યાં! સંવત ૧૯૨૨ ઇ. સ. ૧૮૬૬. આ પ્રમાણે ઉપરાઉપરી પડેલા ઘાથી તેમના મન ઉપર બહુ જ અસર થયેલી. આપણામાં સ્ત્રીઓનું મરણ, એ ઘણી વખત નજીવું ગણવામાં આવે છે, અને તેને માટે અત્યંત શોક કરનારને ઘણી વખત મૂર્ખ તરીકે ગણી કાઢવામાં આવે છે! "વહુ મૂઇ અને ઉંદરડી મૂઇ" એ પ્રચલિત કહેવત આ બાબતને બહુ સારી રીતે સ્પષ્ટ કરે છે. આમ છતાં છગનલાલજીનું હૃદય કોમળ હોઈ તેમને આ પ્રસંગે તાત્ત્વિક માટે ઘણુંજ લાગી આવેલું; છતાં આ લાગણી ક્ષણિક હતી-સ્મશાન વિરાગ જેવી હતી-અને તેથી કાળની સાથે તેના ઉપર નવી આશા અને નવા વિચારોનું પડ ફરી વળ્યું. આમ થવામાં તેમનું નિશ્ચિત લક્ષ્ય જ કંઈ કારણભૂત હોય એમ લાગે છે તેમનું લક્ષ્ય, તેમના 'પિતામહના જેવું થવું' એવું હોય એમ સંભવે છે અને તેથી તે પ્રતિ તેમના મનનો સઘળો ઝોક ઢળેલો હતો. આવી સ્થિતિમાં તેમના મન ઉપર બીજી કોઈ પણ બાબત ઉંડી અસર કરી શકે નહિ એ સ્વાભાવિક જણાશે. થોડી મુદત

પછી તેમનુ ફરીને કડી ગામમાં લગ્ન કરવામાં આવ્યું. આ બીજીવારની સ્ત્રીનું નામ ખેમબાઇ હતું. તેમનાં માબાપ ધર્મ ઉપર અ સ્થાવાળાં હતાં. અને તેથી ધાર્મિક બાબતોની કેટલેક દરજ્જે તેમના મન ઉપર ચોક્કસ અસર થઇ હોય એમ લાગે છે. સાસરે આવ્યા પછી છગનલાલજીના તેમજ સાસરીયાંના સહવાસથી મૂળની અસરોને પોપણ મળેલું. અને પરિણામે તેમની કેટલીક વૃત્તિઓ સારી ઘડાઈ હતી અને બન્ને પતિ-પત્ની એક બીજાને અનુકૂળ નીવડયાં હતાં.

આ સમયને બે વરસ વીત્યા પછી એટલે સંવત ૧૯૦૪ માં છગનલાલજીના નાના ભાઈનુ લગ્ન કરવામાં આવ્યું. મોટા પુત્ર કરતાં નાના પુત્ર તરફ સ્વાભાવિક રીતે માબાપનો પક્ષપાત વધારે ઉતરતો હોય એમ ઘણે ઠેકાણે માલૂમ પડી આવે છે, અને એ પ્રમાણે છગનલાલજી કરતાં તેમના નાના ભાઇને માટે તેમનાં માબાપને ફિકર થવા લાગેલી. આમ થવામાં બીજું એક કારણ એ હતું, કે છગનલાલજી કમાતા હતા અને દિવસે દિવસે પોતાના ધધામાં આબાદ થતા જતા હતા, અને તેથી તેમને માટે તેમના હૃદયમાં ચિંતાને સ્થાન ન હતું. આથી ઉલટું નાના

ભાઇના જીવનની શરૂઆત હજી હવે થવાની હતી. આ પક્ષપાતથી ઘરમાંની મિલ્કતમાંથી છગનલાલજીને ભાગ ન આપવો અને સઘળું નાના પુત્રને આપવું એવા વિચાર ઉપર તેમનાં માબાપ આવ્યાં. છગનલાલજીના જાણવામાં આ હકીકત આવતાં જ તેમણે ઘણી હીંમતભરી રીતે પોતાના પિતાને તેમની મિલ્કતમાંથી એક પાઇ પણ નહીં લેવાનું જણાવ્યું અને સઘળું નાનાભાઇને આપવાની ઘણી ખુશીથી સંમતિ બતાવી ! કેવી ઉદારતા ! કેવી ત્યાગ-વૃત્તિ ! આવા આજ્ઞાપાલક અને માબાપના વિચારોને અનુસરી સંતોષ આપનારા અને પૈસાના પાશમાં ન લપટાતાં કેવળ ત્યાગવૃત્તિ બતાવનારા પુરૂષો ઘણા જ વિરલ હોય છે. તેમને લાગેલું, કે આ સમયે હા-ના કરવા જતાં આખા કુટુંબમાં કલેશ ઉત્પન્ન થશે. અને કલેશ ઉત્પન્ન કરી નાણું મેળવવા તેના કરતાં સંતોષ, સુખ અને સંપની પ્રાપ્તિમાં નાણાંનો ભોગ આપવો એ હજાર દરજ્જે ઉત્તમ છે. તેમણે એક પાઇ પણ નહિ લેવાનું નક્કી કર્યું અને પોતાની જાતમહેનતથી કમાણી કરી તેના ઉપર આધાર રાખી જીંદગી ગુજારવામાં સંતોષ માન્યો !

અહીં દેખીતી રીતે નુકસાન થયું ગણી શકાય; છતાં તે નુકસાનના કરતાં તેમને તેથી ઘણો લાભ થયો, અને તે એ, કે આ સમયથી તેમનો સ્વાશ્રયીપણાનો ગુણ ઘણી સારી રીતે ખીલવા લાગ્યો. તેમને કેવળ જાતમહેનત ઉપર આધાર રાખવાનું અને તે વડે જ કમાણી કરી જીવન વહન કરવાનું ઘણા જોરથી સ્ફુરી આવ્યું. ઉદ્યોગ અને ખંતિલા-પણાની સાથે આ ગુણનો પ્રકાશ થતાં તેઓ પોતાની પા-છળની અવસ્થામાં પોતાને ઘણો લાભ કરી શક્યા અને દુનિયાની સમક્ષ એક ખરા હીરાની માફક ઝળકી ઉઠ્યા. કેટલીક વખત તાત્કાલિક નજરે જણાતા નુકસાનની અંદર પણ આપણે સમજી ન શકીએ એવા મહાન્ લાભો સમા-યેલા હોય છે તે આ ઉપરથી બહુ સારી રીતે સ્પષ્ટ થઈ શકે; પણ આમ થવામાં વૃત્તિઓ ઘણી ઉદાત્ત અને ઉદાર હોવાની જરૂર છે તે ખાસ કરીને ધ્યાનમાં રાખવું આવ-શ્યક છે. માણસને તેના આખા જીવનમાં સફળ થવાને માટે બીજા સદ્‌ગુણોની સાથે સ્વાશ્રયીપણાની ઘણી જરૂર છે. બીજાના ઉપર આધાર રાખનાર માણસો હમેશાં નિરાશા અને દુઃખના જ ભોગ થઈ પડે છે. આપણામાં કહેવત

છે, કે " આપ સમાન બળ નહિ, અને મેઘ સમાન જળ નહિ. " સુખી વા દુઃખી થવું તે સઘળાનો આધાર આપણા પોતાના ઉપર જ છે, છતાં જ્યારે બીજા ઉપર આપણા સુખ દુઃખનો આધાર રાખી બેસીએ છીએ ત્યારે કેવળ દુઃખનો જ અનુભવ કરાય છે. અંગ્રેજીમાં એક સ્થળે કહેલું છે, કે "Happiness and success do not depend on our circomstances, but on curselves." અર્થાત્ **સુખ વા સફલતાનો આધાર આપણી જાત ઉપર છે અને નહિ, કે આસપાસની પરિસ્થિતિ ઉપર.** હકીકત આ પ્રમાણે છે, છતાં આપણે–આપણામાંનો મોટો ભાગ ઘણીવાર અને લગભગ બધીવાર બીજાઓના ઉપર આધાર રાખવાને ટેવાઇ ગયેલો માલૂમ પડે છે; પણ આવે પ્રસંગે યાદ રાખવું ઘટે છે, કે આમ થતાંની સાથે જ આપણે આપણું પોતાપણું ગુમાવી બેસીએ છીએ. મનુષ્ય તરીકેની આપણી તમામ શકિતઓ, બીજા ઉપર આધાર રાખવાની સાથેજ, નાશ પામે છે. આપણને આપણું એવું કશું રહેતું નથી. અર્થાત્ આપણને આપણો વિચાર, આપણી ભાષા, આપણી ઇચ્છા એવું કાંઇ પણ ન રહેતાં જેના

ઉપર આપણે આધાર રાખવાને ટેવાયા હોઇએ છીએ તેના એક ગુલામ જેવા બની જઇએ છીએ. આપણે કેવળ એક હાલતા ચાલતા પુતળા જેવા થઇ રહીએ છીએ અને આપણી જીવનદોરી જેના ઉપર આપણે આધાર રાખતા થયા હોઇએ છીએ તેના હાથમાં જઇ પડે છે!! આમ હોવાથી પ્રત્યેક માણસે પોતાના જીવનમાં સ્વાશ્રયી થવાની અને પોતાની અંદરના એ મૂળના ગુણને જુદા જુદા અનુભવોનો ડહાપણથી ઉપયોગ કરી કેળવવાની ખાસ જરૂર છે. આપણે આગળ જોયું તેમ છગનલાલજીમાં આ ગુણ તેમની ત્યાગવૃત્તિ અને ઉદારતાથી ખીલવા પામ્યો હતો અને તેથી તે સમયે વર્તમાન એવી ખુશામતનો ચેપ તેમને સ્પર્શ કરી શકેલો નહિ!

પ્રત્યેક સદ્‌ગુણ એક બીજાનો અનુષંગી હોય એમ લાગે છે. એકના પ્રકાશવાની સાથે તે અંદરના બીજા ગુણોને પણ બહાર ખેંચી આણતો જણાય છે: સ્વાશ્રયીપણાની સાથે તેમનામાં હવે નિરભિમાનતા, નમ્રતા અને સાદાઇના ગુણો પ્રકાશિત થવા લાગ્યા. હરામનું લેવાની વૃત્તિ ન હોય અને કેવળ પ્રમાણિકપણે પોતાની જાતમહેનતથી કરેલી કમાણી

ઉપર જેમને આધાર રાખવાની ટેવ પડે છે તેમનામાં આ ગુણો એક પછી એક સ્વાભાવિક રીતે દેખા દેતા જોઈ શકાય છે. દુનિયાની અંદર કેવળ નમ્રતાભર્યું સાદું જીવન ગાળવું એના જેવું બીજું ઉત્તમ શું હોઇ શકે? પૂર્ણ દંભ-દમ્ભ અને ગર્વની સાથે હદ વગરના ઠાઠ અને મોજશોખમાં કરાતા ઉડાઉપણાથી ગમે તેટલી સારી આવક છતાં ઘણાં માણસો પાયમાલ થતાં ઠેકઠેકાણે જોઇ શકાય છે. ઘણા મનુષ્યોની માન્યતા એવી હોય છે, કે ઘણાં કીંમતિ અને સુંદર વસ્ત્રોથી શરીરને શણગારવાથી અને એને બદલે બારનું ખર્ચ કરવાથી લોકોમાં આબરૂ મેળવી શકાય છે! એ પ્રમાણે ન કરવાથી ગરીબ, માલ વગરના અને હલકા ગણાઈ લોકોમાં પ્રતિષ્ઠા મેળવી શકાતી નથી. આમ છતાં સહજ ઉંડો વિચાર કરનારને એટલું તો સ્પષ્ટ થઈ શકે, કે પ્રતિષ્ઠા—માન—આબરૂ—એનો સંબંધ બહારના ખાલી ભપકા અને ડૉળદમામ ઉપર નહિ; પરન્તુ અંદરની સુંદરતા, પવિત્રતા અને સરલતા સાથે છે. માન મેળવવાને માટે અંદરના સ્વાર્થી અને સંકુચિત વિચારોને દૂર કરી સાર્વજનિક સુખના વિચારો અને જ્ઞાનસંપત્તિથી અંતઃકર-

ણુને વધારે મજબુત અને સરળ બનાવવાની જરૂર છે. અંદરના બળની ન્યૂનતાના પ્રમાણમાં જ મનુષ્યને બહારના સાધનોની વિશેષ જરૂર પડે છે. જેઓનું અંદરનું બળ અનેરૂં હોય છે, તેઓ બહારના ગમે તેવા દેખાવમાં પણ પોતાને યોગ્ય એવાં માન-મરતબો-ગમે તે સ્થળેથી મેળવી શકે છે. આથી ઉલટું જેઓ તે, બહારનાં સાધનો અને ભપકાથી મેળવવાને ફાંફાં મારે છે, તેઓ તે, ભાગ્યે જ મેળવી શકે છે. એક અંગ્રેજ ગ્રંથકાર યથાસ્થિત જ કહે છે, કે:—

"But never, no, not for one moment believe that any human being with sense in his skull, will love or respect you on account of your fine or costly clothes."

અર્થાત્:-" કદિ પણ એક ક્ષણને માટે એવું માનતા નહિ, કે કોઈ પણ બુદ્ધિશાળી મનુષ્ય તમારાં કીંમતિ વા સુંદર વસ્ત્રોથી તમને ચાહે વા માન આપે." માન મેળવવા માટે અને ચહાવાને માટે પ્રથમ જોયું તેમ અંતઃકરણને સુંદર અને સ્વચ્છ-મલિનતાના વિચારો વગરનું-બનાવવાની

જરૂર છે, અને બહારના ખાલી ભપકાથી તો કાંઇ પણ હાંસિલ થઇ શકે નહિ.

આ પ્રમાણે વિવિધ પ્રકારનાં સાંસારિક સુખ દુઃખોના અનુભવની વચ્ચે તેમનું જીવન પસાર થયે જતું હતું, અને તે સાથે ઉદ્યોગ, ખંત, સ્વાશ્રયીપણું અને તેના અનુષંગી એવા કેટલાક ગુણો તેમનામાં દિનપરદિન ખીલતા જતા હતા. આ ગુણોની ખીલવટથી તેમજ ધર્મ અને નીતિના વિચારોની છાપોથી છગનલાલજીનું મન અનીતિ કે અધર્મ કરવા તરફ વળતું નહિ. તેમની સરલતા અને સાચાપણાને લીધે તેમને ઘણીવાર અનેક તરફથી સહન કરવાના પ્રસંગો પ્રાપ્ત થતા; છતાં તેથી તેમના સઘળા ગુણો કસોટીમાં મૂકાઇ તેમાં ઓર પ્રકારનો સુધારો વધારો થયે જતો હતો, તેમની સહનશીલતા વધારે ને વધારે કેળવાયે જતી હતી, અને પોતાના કર્તવ્યમાં તે વધારે વેગથી ગતિમાન થતા હતા. આ સમયે તેમની નોકરીની મુદતને લગભગ આઠેક વરસ પુરાં થવા આવ્યાં હતાં. રાજ્યના દિવાન પદ ઉપર નારાયણરાવ ભાઉ સિંદેની નીમણુક કરવામાં આવી હતી. આપણે આગળ જોયું તેમ નામદાર મહારાજા ખંડેરાવ.

જીને લશ્કરી કવાયતનો ઘણો શોખ હતો અને તેથી તે પોતાના લશ્કરની વ્યવસ્થા તરફ અતિશય કાળજી રાખતા હતા. આ વ્યવસ્થા સારી રીતે સચવાઈ શકે તેટલા માટે તેમણે સેનાપતિ ખાતામાં ઘણા સુધારા વધારા કર્યાં હતા, અને લાયક જણાતા માણસોની તે ખાતામાં તેમણે ખાસ ફેરફારીઓ કરાવી હતી. છગનલાલજીની શારીરિક સંપત્તિ ઘણી સારી હતી. વળી તે કદાવર અને ભવ્ય પ્રતિભાશાળી હોઈ તે ખાતાને માટે ખાસ લાયક હતા અને તેથી દિવાન સાહેબની ઑફિસમાંથી તેમની આ અરસામાં સેનાપતિની ઑફિસમાં નીમણુક કરવામાં આવી. આ ફેરફારીની સાથે તેમને પગારમાં રૂ. ૫ ) નો વધારો કરી આપવામાં આવ્યો હતો. વારેવારે અને યોગ્ય સમયે મળે જતા આ લાભોથી તે વધારે ને વધારે ઉત્સાહી બનતા ગયા હતા. વળી પોતાના વિચારોમાં દૃઢ બની લક્ષ્ય પ્રતિ વધારે વેગથી ગતિમાન થયા હતા. આ ઑફિસની અંદર ઘણાખરા નોકરો દક્ષિણી હતા અને તેમાંના કેટલાકની વિચિત્ર પ્રકૃતિને લીધે તેમને ઘણી વખત સહન કરવાના પ્રસંગો આવતા. અન્ય કોમના અને વિરૂદ્ધ સ્વ-

ભાવના માણુસોના સહવાસમાં જેમને રહેવાનો પ્રસંગ આવ્યો હશે તેમને અનુભવ હોઇ શકે, કે એવા પ્રસંગે માણુસને કેટલું બધું સહન કરવું પડે છે। વળી વધારામાં જે માણુસ કેવળ સ્વાશ્રયી, ખુશામત કરવાના સ્વભાવ રહિત, પ્રામાણિક, કર્તવ્યનિષ્ઠ અને સરલ અંતઃકરણનો હોય તેને જ્યારે પ્રપંચી, મિથ્યાભિમાની એવા ગાખણુદાસોની મંડળીમાં વસવાનો પ્રસંગ આવે ત્યારે કેટલું અને કેવા પ્રકારનું સહન કરવું પડતું હશે, એ તો માત્ર અનુભવીઓને જ વિદિત હોવું સંભવે છે. આવી સ્થિતિમાં પણુ તે પોતાની જાતને લાભ કરી શકેલા, અને તે એ, કે તેમનો સહનશીલતાનો ગુણુ ઘણો કેળવાયો હતો. આને પરિણામે તેઓ સર્વનાં અંતઃકરણો જીતી વિરોધીઓને વહાલાઓ બનાવી શકેલા ! ।

આ પ્રમાણે છગનલાલજીએ વિવિધ પ્રસંગોનો ડહાપણથી ઉપયોગ કરી અંદરના સદ્‌ગુણોને ખીલવેલા, અને તે વડે પોતાની આસપાસનાં પરિજનો, સહકાર્યકારો અને પોતાના અધિકારીની સારી રીતે પ્રીતિ સંપાદન કરી હતી. તેમના કામ અને વર્તનથી સેનાપતિ સાહેબને સંતોષ

થયેલો, અને તેમની કર્તવ્યનિષ્ઠાથી ખુશ થઇ તેમની નોકરીને બીજાં પાંચ વરસો પૂરાં થાય તે પહેલાં તેમના પગારમાં રૂ. ૧૫ )નો વધારો કરી આપ્યો હતો. તેમની ૨૮ વરસની ઉમ્મરે તેમને આ પ્રમાણે રૂ. ૪૦ ) નો પગાર મળવાની શરૂઆત થઇ હતી. આ સમયે વડોદરાની ગાદી ઉપર મલ્હારરાવ મહારાજા ગાદિનશીન હતા. આ મહારાજાએ ગાદી ઉપર બેસતાંની સાથે રાજ્યના બધા જુના અને અનુભવી અધિકારીઓને દૂર કર્યા હતા અને તેમની જગાએ પોતાના ઇષ્ટમિત્રોની નીમણુંકો કરી હતી. સેનાપતિની જગાએ તેમના સાળા બાપુસાહેબ મોહિતે નીમાયા હતા. આ સમયે રાજ્યમાં અંધાધુંધીની સાથે ગેરવ્યવસ્થા ઘણી વધી પડી હતી. આમ છતાં કર્તવ્યપરાયણ પુરૂષોનો તો સર્વ સ્થિતિમાં હમેશાં વિજય જ થતો જોવામાં આવે છે! તેમની કાન્તિ, અંતઃકરણની સરલતા અને કર્તવ્યપરાયણતા આદિ ગુણોએ સેનાપતિના મન ઉપર જબરો વિજય મેળવ્યો હોય એમ જણાય છે. તેમને પ્રમોશન મળ્યાંને બેએક વરસ પૂરાં થયાં ન થયાં એટલામાં તેમની ઑફિસના ચીટનીસની જગા ખાલી પડી. વગસગનું જોર જબરૂં

હતું, અને ઑફિસની અંદર સારી લાગવગ ધરાવનારા એવા ઘણા દક્ષિણીઓ હતા. આમ છતાં કોણ જાણે કેમ, પણ તે સઘળામાંથી આ ગુજરાતી બાઇના ઉપર સેનાપતિ સાહેબની પસંદગી ઉતરી અને તેમને તરત જ રૂપિયા ૧૦૦) ના પગારથી પોતાના ચીટનીસની જગાએ નીમ્યા! કેટલો બધો ફેરફાર! ક્યાં રૂપિયા ૪૦ નો પગાર અને ક્યાં રૂપિયા ૧૦૦)ની માન ભરેલી પદવી! આવી રીતનો ફેરફાર થવો અને જીવનનું આમ એકાએક નવી જ સ્થિતિમાં ફેરવાઇ જવું એ બહુ સુલભ અને સર્વને સાધ્ય હોતું નથી. આટલા મોટા અણધાર્યા ફેરફારનું કારણ, આપણે જાણીએ છીએ તેમ, તે બીજા કશાને નહિં; પરન્તુ તેમના હૃદયના ઉન્નત ગુણો અને કર્તવ્યપરાયણતાને જ આભારી હતું. કર્તવ્યપરાયણ પુરૂષોને આ જગત્માં કશું જ અસાધ્ય નથી. ગમે તેવું કઠણ જણાતું કાર્ય તેવા પુરૂષો સહેલથી કરી શકે છે અને દુર્લભ જણાતાં પ્રાપ્તવ્યોને તે વગર મુશ્કેલીએ મે[illegible] શકે છે. લક્ષ્યને પોતાની દૃષ્ટિમાં સ્થિર કર્યું—કાર્ય મુકરર કર્યું—અને તે પછી સઘળા વિચારો અને પ્રયત્નો તે કાર્ય પ્રતિ સતત ગતિએ કરવા માંડયા, પછી મનુષ્યથી ન બને

એવું કશું જ રહેતું નથી. આ હકીકત છગનલાલજીના જીવનમાંની ઉપરની હકીકત પરથી સહજ લક્ષમાં આવી શકે. તેમણે પોતાનું લક્ષ્ય નિર્ણિત કર્યું હતું. પોતાના દાદાની માફક એક સારા રાજ્યાધિકારી બનવું એવી કોઇ ઇચ્છા તેમનામાં જાણે અજાણે રમી રહી હતી અને સઘળું બળ તેમણે તે એક જ દિશામાં સત્ય, ધર્મ અને નીતિના પાયા ઉપર રહી વાપર્યું અને પરિણામે આપણે જોયું તેમ તે પોતાની ઇચ્છામાં સફળ થયા. આ પ્રકારનો બનાવ પ્રત્યેક મનુષ્ય પોતાના જીવનમાં અનુભવી શકે. ઇચ્છા ખરી હોય અને ગતિનો વેગ સતત હોય તો આપણે પણ આપણું લક્ષ્ય નક્કી કરી તેના તરફ અંતઃકરણની નિર્મળતા, ઉમદા સદ્ગુણો અને દૃઢતા સહિત વેગભરી રીતે સતત ગતિમાન થઇએ તો યોગ્યકાળે તે અવશ્ય મેળવી શકીએ જ. એક વાર મુકરર કર્તવ્ય લક્ષમાં લઇ તે પ્રતિ કર્તવ્ય-પરાયણતાથી મંડ્યા રહેનારને કશું જ અસાધ્ય નથી એવું આ ઉપરથી સ્પષ્ટ થતું નથી શું? માણસના અંતઃકરણમાં ન ધારી શકાય તેવી અને તેટલી અજબ શક્તિઓની ખાણ છે; છતાં તે પરનાં પડોને ભેદતાં અને તેનો ઉકા-

પણુથી ઉપયોગ કરતાં આવડે તો તે શક્તિઓને બહાર લાવી અનેક પ્રકારના પ્રસંગોથી પ્રકાશિત કરી શકે છે, અને છેવટે તે જેવો ધારે તેવો થઇ શકે છે એ નિઃસંશય જ લાગે છે.

આ પ્રમાણે છગનલાલજી પોતાની નોકરીની શરૂઆતથી લગભગ ૧૪–૧૫ વરસમાં હલકા પગારની નોકરીથી શરૂઆત કરી પોતાના ધારવા પ્રમાણેની મોટામાં મોટી સ્થિતિએ પહોંચ્યા હતા. પોતાના દાદાના જેવી એક માનભરી પદવી તેઓ ખંત, ઉદ્યોગ અને સ્વાશ્રયથી મેળવવા ભાગ્યશાળી થયા. આ સમયથી વધારામાં તેમને રાજ્યના નિયમાનુસાર છત્રી, ઘોડો, મશાલ આદિ રાજકિય ચિન્હો અર્પણ કરવામાં આવ્યાં હતાં અને તેથી સવારીના પ્રસંગે તે ઘણા દીપી ઉઠતા હતા. આ સઘળો વૈભવ અને માનમરતબાવાળી પદ્વી તે તેમના હૃદયના ઉમત ગુણો અને કર્તવ્ય તરફ અસાધારણ વેગભરી વૃત્તિને જ આભારી ગણી શકાય. આ સમયે ઘરનાં તેમ જ આસપાસનાં મનુષ્યો તેમના પર ઘણું વહાલ રાખે એ સ્વાભાવિક જણાશે. તેઓશ્રી પણ પોતાની નમ્રતાભરી સાકાઇથી સર્વ તરફ યથા-

ધટિત માન અને પ્રેમની લાગણી ધરાવતા હતા. માબાપના આનંદનો પાર નહોતો. તેમને પરણ્યાને આઠ વરસ થયાં હતાં અને તે દરમ્યાન તેમને કંઇ પણ સંતાન નહોતું. આમ છતાં પતિપત્ની આનંદ અને સંતોષમાં દિવસો નિર્ગમન કરતાં હતાં. આ પ્રમાણે આ સમયે છગનલાલજી સર્વ પ્રકારે સુખી ભાસતા હતા; છતાં આ આનંદ, સંતોષ વા સુખ તે ક્ષણિક અને તેથી નાશવંત છે એ બાબતનું ભાન થવાનું તેમને માટે અવશેષ હતું. સાંસારિક વૈભવો અને માનમરતબો એ એમના માટેનું છેવટનું નિર્માણ ન હોતું. તેમને ખરા સુખની દિશાની ઝાંખી થવાની હતી. ખરા સુખના માર્ગ આડે માબાપ અને પરિજનોના સ્નેહ તેમજ સાંસારિક પ્રલોભનોનાં જે પડો ફરી વળ્યાં હતાં તેને તોડી ખરા સુખ, સાચા હિત અને યથાર્થ કર્તવ્યની દિશા તેમને હાથ લાધવાની હતી. આખરે એ સમય પણ આવી પહોંચ્યો ! !

આપણે શરૂઆતમાં જોયું તેમ, છગનલાલજીમાં ધર્મ તરફની આસ્થા વારસાથી ઉતરી આવી હતી અને તે સ્વાભાવિક રીતે ખીલી નીકળી હતી. આમ છતાં મનના વલ-

યુને અનુસરી, કાળ જતાં તેમાં કેટલાએક ફેરફારો થાય એ સ્વાભાવિક છે, અને તે પ્રમાણે તેમની મૂળની ધાર્મિક વૃત્તિને આડે, યુવાવસ્થાના વલણથી સાંસારિક વાસનાનાં કેટલાંએક પડો બંધાઇ ગયાં હતાં. આમ હોવામાં મુખ્ય કારણ તેમનું 'લક્ષ્ય' અને તે પ્રતિ કરાયે જતી અસાધારણ વેગભરી વૃત્તિ જ લેખી શકાય, જો કે ધાર્મિક ક્રિયાઓ કરવાનું તે બનતાં સુધી ચૂકતા નહિ અને ઉપાશ્રયમાં પણ જતા; છતાં મનનો સઘળો વેગ તે દિશામાં ન હોતો એ અહીં ખાસ કરીને જણાવવાનું છે. તેમની આવી સ્થિતિમાં પણ તેમના હૃદયને ઉત્તેજે, તેમની મૂળની વૃત્તિઓને પોષે અને અસલના સંસ્કારોને જાગ્રત કરે એવા ત્રણ પ્રસંગો તેમને પ્રાપ્ત થયેલા; છતાં 'લક્ષ્ય' જુદું હોઈ તે તરફ ગતિ કરી રહેલી તેમની વૃત્તિ ઉપર તેનાથી જોઇએ તેવી અસર થઇ નહોતી. હવે લક્ષ્ય સુધી આવી પહોંચ્યા હતા. મન કંઇક શાન્ત થયું હતું. વૃત્તિઓ પોતાના માર્ગમાં સ્થિર થઇ ગઇ હતી. જેમ આપણે કોઇ નક્કી કરેલે મુકામે જવું હોય છે ત્યારે પ્રથમ ઘણા વેગથી ગતિમાન થઇએ છીએ અને સ્થળ આવી પહોંચતાં "હાશ" કરી

નીચે બેસતાં શાન્ત બનીએ છીએ, એવી જ કોઇ સ્થિતિ છગનલાલજીની આ વખતે થઇ હોય એમ લાગે છે. કોઈ પણ પ્રકારના બનાવની મન ઉપર સચોટ અસર થવાને મનુષ્ય–હૃદયની આવી શાન્તઃ સ્થિતિ પૂરતી હોય એમ લાગે છે. વળી આવી સ્થિતિમાં હૃદય ઉપર થયેલી અસરના પ્રમાણમાં જ માણસની ઉંચી કે નીચી ગતિ થવી સંભવે છે. આ અસરની સાથે હૃદય સહજ ઉર્ધ્વગામી બને તો મનુષ્ય સુખી નીવડી શકે અને અધોગામી થતાં જ દુઃખના ખાડામાં ધસી પડે એમ બહુધા લાગે છે. આ પ્રમાણે વિચારતાં છગનલાલજીને પોતાની શાન્ત સ્થિતિમાં, બહારના એક બનાવથી કેવી અને કેટલી અસર થાય છે અને તેના પરિણામે તેમના જીવનની દિશા કેવા પ્રકારે પલટાઇ જાય છે તે તપાસીશું.

હકીકત એવી બની કે, તેમના આવા પૂર્ણ જાહોજલાલી અને આનંદના સમયમાં એકાએક તેમનાં બેન અમથીબાઇ કે જેના ઉપર બાળપણથી તેઓશ્રી ઘણી માયાળુ લાગણી ધરાવતા હતા તેને અકાલીન વૈધવ્ય પ્રાપ્ત થયું. આ ઘા, તેમના આવા આનંદના સમયમાં ઘણો સખત હોઇ ઘરનાં

સઘળાંને તે એક સરખો અને ઘણો અસહ્ય હતો. આમ છતાં એકજ બનાવમાં જુદી જુદી દૃષ્ટિ જુદું જુદું જુએ છે અને એ રીતે છગનલાલજીના મન ઉપર આ બનાવથી કેવળ જુદી જ અસર થઈ. પોતાની બેનની દુઃખી સ્થિતિનો વિચાર કરતાં તેમને અતિશય દુઃખ થયું, અને તે સાથે તેમણે જોયું, કે આ આસપાસનાં, આંખને આંજી નાખી દીંગ કરે તેવાં સાધનો, માનમરતબાવાળી પદવી, નજીકનાં ગણાતાં સ્વજનો અને ગમે તેવી સાહ્યબી પણ આવી સ્થિતિમાં કોઇ પણ પ્રકારનો દિલાસો આપવા સમર્થ નથી. આ સઘળું માયિક, ક્ષણિક અને નાશવન્ત છે. આવાં નાશવન્ત સાધનોથી સુખ મેળવવા ફાંફાં મારવાં એ મૃગતૃષ્ણા જેવું છે. વળી વધારામાં તેમણે જોયું, કે આ બહારથી જણાતાં સુખરૂપ સાધનો જ પ્રસંગે મહાન્ દુઃખરૂપ બને છે, એટલુંજ નહિ; પરન્તુ એ સર્વ છોડીને ગમે તે સ્થિતિમાં ગમે તે ક્ષણે ચાલ્યા જવાનું નિર્માયેલું છે જ. વળી તેમની આવી સ્થિતિમાં એવા પણ વિચારો ઉદ્ભવી શકે, કે દુનિયામાં જેને મારૂં ગણીએ છીએ તે વસ્તુતઃ ભ્રમ છે. દુનિયાના પદાર્થોથી કોઇ પણ પ્રકારનું હિત

સાધી શકાતું નથી, અને દુઃખરૂપ જ નીવડતા જોઇ શકાય છે. મોટા મોટા શેઠીઆઓ, રાજારાણાઓ આદિ સર્વ ચાલ્યા ગયા છે અને તેમને તેમના પૈસાના વા રાજસંપત્તિના ઉપભોગે ખરા સુખનું દર્શન કરાવ્યું હોય એમ જાણવામાં નથી. જગત્ સર્વ મિથ્યા છે અને આ દેખીતાં સુખ, સાહ્યબી, માન, મરતબો એ સર્વ ક્ષણિક છે. આવાં દુઃખકર સાધનો પ્રાપ્ત કરવામાં જીવન ગુમાવવું અને તેને સુખ માની સડ્યા કરવું એથી બીજી અધમ સ્થિતિ કયી હોઇ શકે? આ પ્રકારના તર્ક વિતર્કોમાં તેમનું હૃદય કમ્પી ઉઠે અને તે સાથે તેની અંદરના સઘળા તારો ઝણુઝણી રહે એ સ્વાભાવિક લેખાશે. તેમની આવી સ્થિતિમાં તેમને ખરૂં સુખ ક્યાં અને શામાં છે, તેમજ તે કેવી રીતે પ્રાપ્ત થઇ શકે એ આદિ વિચારો ઉદ્ભવે અને તેમનું હૃદય દોલાયમાન બને એ શક્ય છે. આને પરિણામે તેમના પૂર્વના સુવ્રગા સંસ્કારો જાગ્રત થયા અને સગાંસંબંધી ઉપરની સ્થૂલ મમતા સહિત દુનિયાદારીના વૈભવો પ્રાપ્ત કરવાની તેમના અંતરમાં રમતી ઇચ્છાઓ ક્યાંઇ ભરાઇ પેઠી! દષ્ટિ કેવળ ફરી ગઇ અને તે સાથે આખી સૃષ્ટિ પણ બદલાઈ ગયેલી

ભાસી. આ પ્રમાણે એકજ ઘાથી—એકજ ટકોરાથી—તેમની સઘળી વૃત્તિઓ સતેજ બની ગઇ અને તે સાથે જીવન પણ ફેરવાઇ જવાની સ્થિતિમાં મૂકાયું !!

આ પ્રમાણેની પલટાયેલી સ્થિતિથી તે હવે ઉદાસી જેવા જણાતા. પ્રથમના તેમના સઘળા ભાવોમાં, વાતચીતમાં અને વર્તનમાં ફેર જણાતો હતો. તેમનાં કૌટુંબિક પરિજનો જ્યારે તેમની આવી રીતભાત વિષે પૂછતાં ત્યારે તે ઘણા ભાગે ચૂપ જ રહેતા. ઘણી વખત, શોકને લીધે આમ થયું હશે એમ ધારી, કેટલાક વહીવટી શબ્દોથી તેમને દિલાસો આપવાને પ્રયત્નો કરાતા; પરન્તુ તેથી તેમના મન ઉપર લેશ પણ અસર થયેલી જણાતી ન હોતી. નોકરીના કામકાજ ઉપરથી પણ હવે તેમનું દિલ ઉઠી ગયું હતું. આથી કેટલીક વખત ભૂલો પણ કરાતી હતી. એક પ્રસંગે તેમને તેમની આવી વૃત્તિ માટે પૂછેલું ત્યારે તેમણે એવી મતલબનું જણાવેલું, કે મારૂં મન આ દુનિયાદારીનાં કામકાજો ઉપરથી ઉઠી ગયું છે, અને તેથી આ સઘળું હવે મને વેઠ કે ભારરૂપ લાગે છે. સેનાપતિએ તેમના આવા વિચારો જાણતાં, તેમનામાં ઉત્સાહ આણવાને કંઇક ઉપકા-

રૂપે અને કંઇક ઉપદેશ રૂપે થોડા શબ્દો કહી તેમને ભાવિમાં લાભ થવા માટેની કેટલીક લાલચો બતાવી; છતાં તે સઘળા ઉપરથી તેમના મન ઉપર બીલકુલ અસર થયેલી નહિ। આ સમયે તેમની ઉમ્મર ૩૧ વરસની હતી. તેમની આવી સ્થિતિમાં મુનિશ્રી હીરાચંદજી મહારાજનું ત્યાં પધારવું થયું. હીરાચંદજી મહારાજ તેમના પૂર્વાશ્રમમાં જાતના આંજણા કણબી હતા, અને તેમના પિતા હીમાજી અમદાવાદની નજીક આવેલા પાલડી ગામના વતની હતા. તેમણે ૧૧ વરસની નાની ઉમ્મરે દીક્ષા લીધી હતી અને તે વીરમગામના ઝવેરઋષિના શિષ્ય હતા. બાળપણથી ઉપજેલા વિરાગને પરિણામે તેમણે ધર્મગ્રંથોનો સારો અભ્યાસ કર્યો હતો અને તેથી તેઓશ્રી તે સમયે ઘણા વિદ્વાન્ ગણાતા હતા. તે આચારમાં ઘણા નિપૂણ હતા અને તેમની ઉપદેશ કરવાની શૈલી ઘણી અસરકારક હતી. આથી સર્વ શ્રાવક શ્રાવિકાઓનો તેમના પ્રતિ ઘણો પૂજ્યભાવ હતો. આ સઘળામાં છગનલાલજીની તેમના તરફની પૂજ્યવૃત્તિ કંઈ જુદા જ પ્રકારની હતી. પોતાના પરમ પૂજ્ય મુનિશ્રીનું પધારવું જાણતાં જ તેઓ તેમની પાસે ગયેલા

અને કેટલાક દિવસ સુધી તેમનાં વ્યાખ્યાનો ધ્યાનપૂર્વક સાંભળવાનું જારી રાખેલું. આ વ્યાખ્યાનોમાંના વિચારોથી તેમની વિરાગી વૃત્તિને અતિશય પોષણ મળેલું અને હરકોઇ પ્રકારે સંસારનો એટલે સાંસારિક ઉપાધિઓનો ત્યાગ કરી કર્મ ખપાવાનાં કર્તવ્યોમાં મન જોડવાનું ઘણા જોરથી તેમને સ્ફુરી આવેલું. હવે તે પોતાના વિચારોને અંતરમાં દબાવી રાખી શકયા નહિ, કારણ, તેમ કરવાની હવે કશી જ જરૂર તેમને જણાયેલી નહિ. તેમણે તરત જ પોતાના સઘળા વિચારો અને સ્થિતિ પોતાના પૂજ્ય મુનીશ્રીને નિવેદન કર્યાં અને પોતાને દીક્ષા આપવાને વિનતિ કરી. મુનિશ્રી તેમની સઘળી વાતચીત ઉપરથી તેમના મનના સઘળા ભાવો સમજી ગયા; છતાં કસોટીની ખાતર, સાધુતામાં અડચણકારક થઇ પડનારાં એવાં ઘણાં ડરામણાં સ્વરૂપો તેમણે તેમની આગળ ખડાં કર્યા હતાં. આવા ડરથી તે તસુ પણ ચલિત થયેલા નહિ અને પોતાના વિચારોમાં રહેલી દૃઢતાનું અને અંતઃકરણમાં ઉપજેલા સાચા વિરાગનું મુનિશ્રીને યથાર્થ ભાન કરાવ્યું હતું. આ પ્રમાણે દીક્ષા લેવાનો તેમનો પાકો નિશ્ચય થઇ ગયો હતો.

આમ છતાં પોતાના એ કાર્યમાં માતા, પિતા, પત્ની આદિની સંમતિની જરૂર હતી, અને તેથી તે મેળવવાને તૈયાર થયા. પ્રથમ પોતાનાં માતપિતાને પોતાનો દીક્ષા લેવાનો વિચાર જણાવ્યો અને તે માટે આજ્ઞા આપવાને તેમને તેમણે ઘણા નમ્ર ભાવે અને ઉપકારી હૃદયે વિનતિ કરી હતી. તેમનાં માતપિતા ધાર્મિક હૃદયનાં હતાં. ધર્મ ઉપર તેમની આસ્થા સારી હતી; છતાં તેમની શ્રદ્ધાને હદ હતી. તેમનાં હૃદયો સાંસારિક બંધનોથી બંધાયેલાં હતાં અને તેથી વાત્સલ્ય ભાવથી બંધાયેલી તેમની વૃત્તિ ઉપર, પુત્રની સાધુ થવાની ઇચ્છા જાણતાં અને પોતાની સમીપ તે માટે તેને આજ્ઞા માગતો જોતાં જ જબરો આઘાત થયો હતો. વાત્સલ્ય પ્રેમનું સ્વાભાવિક બંધન તોડી પોતાના પુત્રને સાધુ થવાની આજ્ઞા આપે—મુખેથી 'હા' ભણે–એવી તેમની તે સમયની સ્થિતિ ન હતી, અને તેથી નકાર સિવાય બીજું કંઇ પણ તેમના તરફથી સાંભળવામાં આવ્યું નહિ. તેમનાં પત્ની છેલ્લી કેટલીક મુદ્દતથી તેમના દ્વારા કરાતા જુદા પ્રકારના વર્તનથી ઘણાં ચિંતાતુર રહેતાં; છતાં પોતાના પતિની ઇચ્છા સાધુ થવાની છે એમ જ્યારે

તેમણે તેમની રૂબરૂની વાતચીતથી જાણ્યું ત્યારે તેમના શોકનો પાર રહેલો નહિ. સાંસારિક પ્રેમનાં આવરણો તેમના હૃદય ઉપર એટલાં બધાં ઘટ થઇ ગયાં હતાં કે, એવી સ્થિતિમાં શોક, કે દુઃખ સિવાય બીજી લાગણી તેમના હૃદયમાં ઉદ્ભવે એ આશા કેવળ અસ્થાને અને નિરર્થક હતી. આ પ્રમાણે એક તરફથી માતપિતાની દુઃખી સ્થિતિ અને બીજી તરફથી પત્નીના શોકથી તેમની દઢતા અને વિરાગવૃત્તિ કસોટીમાં મૂકાયાં હતાં; છતાં તેમના હૃદય ઉપર સંવેગી રંગ ખરેખરી રીતે ચઢી ગયો હતો અને તેથી તે ઉપર બીજા રંગો લેશ પણ સ્પર્શ કરી શકે એમ હતું નહિ. આથી ઉલટું માતપિતા અને પત્ની વગેરેની આ પ્રસંગે થયેલી સ્થિતિથી તેમને માયાના બંધનનું ખરૂં સ્વરૂપ નજરે પડયું અને પોતાના સિદ્ધાન્તમાં તેઓ વધારે મજબૂત બન્યા. આ પછી થોડા કાળે એક વખત ફરીને તેમણે આજ્ઞા આપવાને વિનતિ કરી હતી. તેમના અતિશય આગ્રહથી તેમના કાકાએ પોતાના પુત્રના લગ્ન સુધી થોભી જવાનું જવાબ્યું અને ત્યાર પછી કોઈ નહિ, તો હું મારી જાતે દીક્ષા ધારણ કરવાની સંમતિ

બતાવીશ અને સઘળાની સંમતિ માટે યત્ન કરીશ એમ કહ્યું. આ લગ્ન થોડા સમય પછી થવાનું હતું અને તેથી તેમના કાકાએ ધારેલું, કે એટલી મુદતમાં તેમના મનનો ઉભરો શમી જશે અને પછી સૌ સારાં વાનાં થશે. પોતાના કાકાનું કહેવું તેમણે કબૂલ કર્યું અને તેથી કુટુંબમાં કંઇક શાન્તિ થઇ. સમયે સમયનું કામ કર્યું અને લગ્ન પણ થઇ ગયાં; છતાં છગનલાલજીની વૃત્તિમાં તેમના કાકાના ધારવા પ્રમાણેનો બિલકુલ ફેરફાર થયેલો નહિ. તેમની એવી વૃત્તિ તે કંઇ ઉભરો નહોતો કે કાળે કરી સમાઇ જાય. તેમનો વિરાગ તે અંતરમાંથી ઉદ્‌ભવ્યો હતો અને તેથી તે એકરંગી જ રહેલો. આમ છતાં આટલી મુદત વિલંબ થવાથી એક લાભ થયો અને તે એ, કે તેમના પોતાના વિચારોનું અને દીક્ષા લેવાના નિશ્ચયનું કેટલેક અંશે તેમણે તેમનાં કુટુંબીઓને ભાન કરાવ્યું અને પોતાનું મન કોઇ પણ પ્રકારે હવે ફરવાનું નથી એવી સર્વને પાકી ખાત્રી કરી આપી. આમ થવાથી કેટલીક આનાકાની પછી તેમને દીક્ષા લેવા માટે સર્વ સંબંધીઓએ સંમતિ બતાવી. આ સમયે મુનિશ્રી હીરાચંદજી અમદાવાદમાં વિચરતા હતા,

તેથી કુટુંબનાં સર્વ માણુસો અને છગનલાલજી અમદાવાદમાં આવ્યાં. અહીં સર્વની સંમતિ અને ચતુર્વિધ સંઘની સાક્ષી સાથે મુનિશ્રી હીરાચંદજીએ, છગનલાલજીને સંવત ૧૯૩૨ના વૈશાખ સુદ ૧૩ ને દિવસે યથાર્થ ક્રિયા વડે દીક્ષા આપી. આ વખતે ભારે ધામધુમ થઈ હતી અને ધનાસુતારની પોળમાંથી તેમનો વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો.

આ પ્રમાણે ૩૨ વરસની ઉમ્મરે આ સંસારનાં બંધનોને પૂર્ણ વિરાગવૃત્તિથી તોડી છગનલાલજી નવ જીવનમાં પ્રવેશ્યા હતા. તેમનો વિરાગ એ સાધારણ વિરાગ ન હોતો. તેમજ બહારનાં ક્ષુદ્ર એવાં નજીવાં કારણોથી તે ઉત્પન્ન થયેલો ન હતો. આથી જે અસાધારણ વેગ ભરી વૃત્તિથી તેમણે સંસારમાર્ગમાં ગતિ કરી હતી તેની તેજ વેગભરી ગતિથી તેઓ આ નવીન પણ ખરા માર્ગમાં પૂર્ણ ઉત્સાહ અને આનંદથી ગતિમાન થયા હતા. વેગ તેનો તેજ હતો; છતાં ગતિની દિશા કેવળ પલટાઈ ગયેલી હતી, અને આવાં હૃદયોને માટે માત્ર દિશા પલટવી એટલું જ તેમનું જીવન ફેરવવાને પૂરતું હોય છે. વળી દિશા

પલટવાને આવાં સરલ અને તેજદાર હૃદયોને માત્ર એક ટકોરા—એક ઘા—ની જ જરૂર હોય છે. દુનિયામાં થયેલા મહા પુરૂષોના સંબંધમાં વિચારતાં તેમાંના કેટલાએકના જીવનનું ફેરવાઈ જવું તે આવા એક નજીવા જેવા જણાતા ટકોરાથી બનેલું જોઇ શકાય છે. કેટલાએક બહારનાં નજીવાં દુઃખોથી કંટાળી ક્ષણિક ઉભરાને વશ બની દીક્ષા લેવાને તૈયાર થઈ જાય છે, તેમના કરતાં આવા પુરૂષોની લાગણીઓ કંઇ જુદા જ પ્રકારની હોય છે. આવા પુરૂષોની લાગણીઓ સચોટ, દઢ અને સતતવાહિની હોય છે. જ્યારે દુનિયાદારીથી કંટાળેલા એવા કેટલાક બીજાની ક્ષણિક હોઈ થોડા કાળે આચારથી પતિત કરનારી થઈ પડે છે. આવી ક્ષણિક લાગણીઓને વશ થઈ દીક્ષા ધારણ કરનારાઓ પાછળથી કેવી રીતે વર્તે છે તે સંબંધે નીચેના વિચારો જાણવા જેવા હોવાથી આ સ્થળે ઉતારવા યોગ્ય જણાય છેઃ—

" અનધિકારી ગૃહસ્થો ચારિત્ર લીધા પછી અનેક જાતની ધર્મની હીલણા કરાવે છે. કોઇ ઇંદ્રિયોને વશ થઈ વિષય સેવે છે, કોઇ ગૃહસ્થના સહવાસમાં રાગી બને છે,

કોઈ પૂર્વના ગૃહસંસારીઓને સહાય કરાવે છે, કોઇ સ્વતંત્ર બની સંઘમાં ખટપટ કરાવે છે, કોઈ સંઘાડામાં બખેડો કરાવે છે, કોઈ સંવેગી સ્વરૂપ છોડી બીજા સ્વરૂપમાં પ્રવેશ કરે છે અને કોઈ સાધુવેષ છોડી ગૃહસ્થનો વેષ પહેરી લે છે.” ખરેખર! આવા પુરૂષોની સ્થિતિ “ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો,” એવી બને છે અને **અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ** થાય છે. આ પ્રકારે પોતાની ખરી સ્થિતિ પિછાન્યા વગર દિક્ષા ધારણ કરનાર પુરૂષ ધિક્કારવા લાયક લેખી શકાય. આ કરતાં તો અનેક સાંસારિક દુઃખોને સહન કરી તેની સામે દૃઢતાથી ખડા રહી તેની પાર જવામાં જ કૃતાર્થતા છે. મુનિશ્રી છગનલાલજીનો વિરાગ તે આવો ક્ષણિક વિરાગ ન હતો. કારણ આપણે જોયું તેમ તેમની આસપાસ અનેક પ્રલોભનો હતાં—તેઓ વયમાં જુવાન હતા, ધન, વિભવ અને કીર્તિમાં તરબોળ હતા, માત, પિતા અને પત્નીના પ્રેમનાં અનેકવિધ આકર્ષણો તેમને ખેંચતાં હતાં અને તેમના અધિકારીએ અનેક પ્રકારની લાલચો તેમની સામે ખડી કરી હતી—છતાં તેઓની વિરાગ વૃત્તિ સહજ પણ ડગી તહોતી!! સાંસારિક વાસનાઓ

તેમને જરા પણ બંધનમાં આણી શકી નહોતી ! એટલું જ નહિ; પરન્તુ તેમની આ વિરાગવૃત્તિ માબાપની આજ્ઞા મળતા સુધી કસોટીમાં મૂકાઇ હતી; છતાં તે એક જ રંગી રહેલી અને તેમાં જ તેમના વિરાગનું મહત્ત્વ હતું. વળી પૂજ્યશ્રી હીરાચંદજી મહારાજશ્રીએ પણ તેમના અધિકાર વિષે અનેકવિધ પરીક્ષા કરી હતી અને જ્યારે તેમને તેઓશ્રીએ પોતાના વિચારમાં વધારે સાચા, દૃઢ અને અસાધારણ વેગવાળા જોયેલા ત્યારે જ તેમને દીક્ષા માટે અધિકારી ઠરાવી દીક્ષા આપેલી. તેમની આવી વેગભરી વૃત્તિ અને અંતઃકરણની સાચી વિરાગવૃત્તિથી તેઓશ્રી એક ખરેખરા મુનિ બની શક્યા અને એકે એકે પોતાને આચરવાનાં કર્મોનું જ્ઞાન મેળવી તેમને બનતા સઘળા ભોગે પાળવાનો દૃઢ નિશ્ચય કરી આ નવીન માર્ગમાં પોતાની ગતિ દિનપ્રતિદિન વધારવા લાગ્યા. આ પ્રકારની નવીન પણ સાચી પ્રવૃત્તિમાં ગતિ કરતાં આઠ વરસ જેટલી મુદ્દત વ્યતિત થતાંની સાથે તેમના જીવનની બીજી વીશી પૂર્ણ થઇ. આ દરમ્યાન તેઓશ્રી કયાં કયાં વિચર્યા હતા અને વિહારસ્થાનમાં તેમણે કેવી રીતે અને કયા પ્રકારનાં વ્યાખ્યાનો કર્યાં હતાં તે જણાવ-

વાને કોઇ ચોકસ કે સબળ આધાર નથી; છતાં તેઓશ્રી ઘણી સારી અને અસરકારક રીતે વ્યાખ્યાનો કરતા હતા, અને પોતાના પંથમાં એક સરખી ગતિ અને આચાર-વિચારો સહિત આગળ વધતા જતા હતા એવી મતલબનું અન્ય મુનિમહારાજો દ્વારા સાંભળવામાં આવ્યું છે. આ પ્રમાણે બીજી વીશી પૂર્ણ કરી ત્રીજી વીશીમાંની હકીકતો જાણવા તરફ વળીશું અને તે સાથે સાધુ શબ્દમાં રહેલી મહાનતા, તેમનાં કર્તવ્યો અને પંચમહાવ્રતાદિ આચરવાનાં તેમનાં વ્રતો સંબંધે ટુંકામાં વિચાર કરી તેમાં મુનિશ્રી છગનલાલજીની પ્રગતિ કેવી હતી તે અવલોકીશું.

ઉપર જણાવ્યા પ્રમાણે ત્રીજી વીશીની હકીકતો જાણ-વાની શરૂઆત કર્યા પહેલાં, તેમના આઠ વરસના દીક્ષાના કાળમાં તેમની આસપાસ બનેલા બહારના બનાવો અને તે પરથી તેમના મન ઉપર થયેલી અસર સંબંધે વિચારવું તે અસ્થાને નથી. છગનલાલજીએ દીક્ષા ધારણ કરી તે પહેલાં આ સંસારના મિથ્યાપણા વિષે તેમણે તેમની પત્ની સાથે અનેક પ્રકારે વાતચીતો કરી હતી એમ જાણવામાં આવ્યું છે. તેમની પત્નીનો તેમના તરફ

ઘણો પૂજ્યભાવ હોવા ઉપરાન્ત તે બહુ સરલ અંતઃકરણનાં અને ધર્મ તરફ મૂળથી આસ્થાવાળાં હતાં, અને તેથી તેમના મન ઉપર છગનલાલજીના વિચારોની કેટલેક અંશે અસર થવા પામી હોય એ સ્વાભાવિક જણાશે. છગન-લાલજીએ દીક્ષા ધારણ કરી તે સાથે તરત જ તેમણે જાવજીવ ચોથું વ્રત અંગીકાર કર્યું હતું. છગનલાલજીએ પોતાની મિલ્કતમાંથી તેમના નિર્વાહને માટે સારો બંદોબસ્ત કર્યો હતો અને તે ઉપરાન્તનાં સઘળાં નાણાં ધર્મ કામમાં વાપરી દીધાં હતાં. પોતાના નિર્વાહના આ સાધન વડે તે પોતાના પિતાને ઘેર કડીમાં રહી ધર્મકાર્યમાં પોતાનું જીવન વ્યતિત કરતાં હતાં. અહીં તેમણે પોતાના અંગીકાર કરેલા વ્રતના સેવનમાં અને ધર્મકાર્યમાં જીવન વ્યતિત કરતાં લગ-ભગ આઠેક વરસ જેટલી મુદ્દતમાં કાળ કર્યો હતો. પોતાના અવસાન સમયે તેમણે પોતાના નિર્વાહના સાધનમાંથી બચેલાં નાણાં ધર્મકાર્યમાં વાપરવાનું સૂચન કર્યું હતું અને તે પ્રમાણે તે ધર્માદા કામમાં વાપરી દેવામાં આવ્યાં હતાં.

વળી છગનલાલજીએ દીક્ષા ધારણ કર્યા પછી લગ-ભગ સાડાત્રણ વરસ જેટલી મુદ્દતમાં તેમના પૂર્વાશ્રમના

જનક સેવકરામ સંવત ૧૯૩૫ના આસો સુદિ ૯ ના દિવસે મૃત્યુ પામ્યા હતા. આ પછી પૂરાં ચાર વરસે એટલે સંવત ૧૯૩૯ ના આસો સુદિ ૧૧ ના દિવસે તેમના ગુરૂ પૂજ્ય શ્રી હીરાચંદજી મહારાજે વીસલપુર મુકામે ઘણા શાન્તિ અને સંતોષની વચ્ચે કાળ કર્યો હતો. આ પ્રમાણે તેમની દીક્ષાના શરૂઆતના આઠ વરસમાં એટલે તેમની બીજી વીશી પૂર્ણ થાય તે પહેલાં બહારના બનાવો બનવા પામ્યા હતા અને તેની અસરથી સંસારની અસારતા વધારે ને વધારે લક્ષમાં આવતાં મુનિશ્રી છગનલાલજી પોતાના વિરાગમાં વધારે ને વધારે મક્કમ બન્યા હતા.

# પ્રકરણ ૪ થું.

## ત્રીજી વીશી.

આપણે પાછળના પ્રકરણમાં જોયું તેમ મુનિશ્રી છગનલાલજીએ કેવળ ૩૨ વરસની ઉમ્મર, કે જે અવસ્થાએ મનુષ્યો અનેક પ્રકારના આશાપાશે બંધાયેલા હોય છે તેવી અવસ્થાએ આસપાસનાં માન, મરતબો, ધન, વિભવ અને અધિકારાદિ અનેક પ્રકારના દુનિયાદારીના વૈભવોને નાશવંત અને તૃણવત્ લેખી ખરૂં સુખ મેળવવાનું સાધન જે ચારિત્ર તેને અંગીકાર કર્યું હતું. એક જ ટકોરાથી તેમને તેમની ખરી સ્થિતિનું ભાન થયું હતું અને જગતના સઘળા પદાર્થો તરફ વિરાગી ભાવ ઉત્પન્ન થયો હતો, એટલું જ નહિ, પરન્તુ તે કાયમનો બન્યો હતો. તેમના અંતઃકરણની સઘળી વૃત્તિઓ સતેજ થઈ, પોતાના

મૂળના ગુણ 'અસાધારણ વેગથી' વિરાગની દિશામાં ગતિ-
માન બની હતી. આ ઉપરથી જોઈ શકાય, કે તેમનો વિરાગ
ક્ષણિક નહોતો, તે બહારનાં સાંસારિક દુ:ખોના કંટાળા-
માંથી ઉપજેલો નહોતો; પરન્તુ પૂર્વ કર્મના સંચિતાનુસાર
અંતરમાંથી જન્મેલો હતો. " નાર મરે ઘર સંપત નાસી,
મૂંડ મૂડાય ભયે સંન્યાસી " એવી સ્થિતિમાંથી ઉત્પન્ન થયેલો
તેમનો વિરાગ ન હોતો. તેમનો વિરાગ તે ખરો વિરાગ
હતો અને એવો વિરાગ જ મનુષ્યને કર્મબન્ધન અને
જન્મમરણના દુ:ખદ ફેરામાંથી મુક્ત કરી સનાતન સુખની
દશાનો અનુભવ કરાવી શકે. મોક્ષપ્રાપ્તિનું ખરૂં સાધન
વિરાગ જ છે. પદાર્થ તરફ પદાર્થ ભાવે વિરાગ ઉત્પન્ન થવો
એ જ ખરૂં સુખ જન્માવી શકે. દુનિયાના ગમે તે પ્રકા-
રના ઉપભોગો તરફની આસક્તિમાંથી ખરૂં સુખ મેળવી
શકાતુ જ નથી. બહારના ઉપભોગો—ઉપભોગનાં સાધનો—
ક્ષણિક છે—નાશવન્ત છે—અને તેથી તેનાથી મેળવાતું સુખ
પણ કાળે કરી નાશ પામે છે, અસંતોષને પેદા કરે છે
અને પરિણામે દુ:ખકર થઈ પડે છે. આવાં નાશવન્ત સાધ-
નોમાંથી સનાતન સુખની આશા રાખવી એ વ્યર્થ જ ગણી

શકાય. સર્વ પ્રકારના ભયથી મુક્ત થવાનું અને ખરૂં સુખ મેળવવાનું મુખ્ય સાધન વિરાગ જ છે. મહાત્મા ભર્તૃહરિ પ્રબોધે છે, કે:—

" भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयं
मौने दैन्यभयं बले रिपुभयं रूपे जरायाभयं ।
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद्भयं
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयं ॥"

વૈરાગ્ય શતક : શ્લોક–૩૪.

" ભોગમાં રોગનો ભય, કુલિનતામાં લાંચ્છનનો ભય, ધન હોય તો રાજાનો ભય, મૌનમાં દૈન્યનો ભય, બલમાં શત્રુનો ભય, રૂપમાં ઘડપણનો ભય, શાસ્ત્રમાં વાદનો ભય, ગુણમાં લુચ્ચાઓનો ભય અને શરીરને કાળનો ભય છે. આ પ્રમાણે જગત્‌માં માણસોને સઘળી વસ્તુઓ માટે ભય રાખવો પડે છે: માત્ર વૈરાગ્ય જ અભય છે. "

આ ઉપરથી જોઇ શકાય, કે કેવળ અભય પદ પ્રાપ્તિને માટે વિરાગ એ જ ખરૂં સાધન છે. દુનિયાદારી એટલે જગત્‌ના ક્ષુદ્ર વ્યવહાર તરફ ત્યાગબુદ્ધિ ઉત્પન્ન થવી એ

ખરૂં સુખ–મોક્ષ–મેળવવાનું ઘણું આવશ્યક અને પ્રથમ પગથીઉં છે. જગતને, જગતના સ્વરૂપમાં નહિ જોતાં, એટલે કેવળ સ્થૂલતા તરફ દૃષ્ટિ ન રાખતાં તેની અંદરના ગૂઢ ભેદો નિહાળી સર્વ તરફ સમભાવથી નીરખવાની દૃષ્ટિ પ્રાપ્ત કરવી જોઇયે. આ પ્રાપ્ત થયેલી નવી દૃષ્ટિ વડે જગત્ ઉપરની સઘળી મમતા દૂર કરી અંતરમાં અનેરૂં બલ પ્રકટાવવું એ જ ખરા સુખની પ્રાપ્તિનું અચ્છું અને અદ્વિતીય સાધન ગણી શકાય. આત્માપરનાં અહંતામમતાનાં માયિક પડો દૂર કર્યા સિવાય અને "હું" તથા "મારૂં" એનો સાચા કર્તવ્યમાં ભોગ આપ્યા સિવાય જીવનમાં રસ કે ખરૂં સુખ અનુભવી ન શકાય એ બહુ સ્પષ્ટ છે. હકીકત આ પ્રમાણે હોવાથી સાંસારિક સુખોને ક્ષણિક અને તેથી તૃણવત્ લેખી તે તરફ ત્યાજ્ય બુદ્ધિ ઉત્પન્ન કરી માયાનાં બંધનો તોડવાં અને જગત્ ઉપર જગતભાવે વિરાગ ઉત્પન્ન થવો એ મોક્ષપ્રાપ્તિનું એક ખરૂં સાધન છે એમ લાગ્યા વિના રહેશે નહિ.

આ પ્રમાણે ખરૂં સુખ મેળવવા માટે વિરાગ ધારણ કરવાની, દીક્ષા ગ્રહણ કરી સાધુ બનવાની અને સંસારને

ત્યજવાની વાતથી ઘણાઓની લાગણી એકદમ સતેજ થઇ જશે અને તે સાથે કદાચ ગુસ્સો પણ ઉત્પન્ન થશે. કારણ, જગતમાં રહીને અને પોતાનાં કર્તવ્ય કર્મો કરીને ખરૂં સુખ મેળવી શકાય છે તો સાધુ થવાની–સંસારને ત્યજવાની–શી જરૂર છે ? એવા વિચારો બહુ મુખે ઉચ્ચારાતા સાંભળવામાં આવે છે. આ પ્રકારના વિચારોમાં સત્યના ઘણા અંશો છે; છતાં વિચારવું ઘટે છે, કે કામક્રોધાદિ ષડ્રિપુઓ, બહુરંગી ઇંદ્રિયોના વિષયો અને મહાન લાલચોથી વીંટાએલા એવા આ વિશ્વની સાથે પળીને પોતાનાં ખરાં કર્તવ્ય કર્મોને પીછાનવાં, આચરવાં અને અન્ય વિકર્મોનો પોતાના હૃદયને લેશ પણ સ્પર્શ થવા ન દેતાં એકાન્તીકની પેઠે જીવન ગાળવું એ તો કેવળ વિરલ હૃદયોનેજ સાધ્ય હોઈ શકે. દુનિયાના વ્યવહારોમાં પળતા છતાં 'જળકમળ ન્યાયે' પોતાની જાતને તેનાથી નિર્લિપ્ત રાખવી એ સર્વને સાધ્ય હોતું નથી. અનેક જન્મોના વૈરાગ્યમય સંસ્કારોની અસરવાળાં હૃદયો જ એવો વિરલ યોગ સાધી શકે અને વ્યવહારમાં વિચરતા છતાં તેનો લેશ પણ સ્પર્શ પોતાને થવા ન દેતાં ખરાં કર્તવ્ય કર્મોમાં રમમાણ બની

ખઈ સુખ પ્રાપ્ત કરી શકે. બાકી વાતો કરનારા અને કાર્ય કરી બતાવનારાનો માર્ગ તો કેવળ નિરનિરાળો જ છે અને તે તો હમેશને માટે રહેવાનો જ. किं बहुना.

વળી સંસાર ઉપર સંસારભાવે વિરાગ ઉત્પન્ન થવો અને તેને કાયમને માટે હૃદયે સ્થાપી ચારિત્ર અંગીકાર કરવું એ કોઇપણ પ્રકારે સહેલું ગણી શકાય નહિ. દુનિયાદારીમાં પળવું એ જેટલું સહેલું છે તેનાથી અતિ ગણું કઠણ કામ સાધુપણું સેવવામાં અને તેને હમેશને માટે નિભાવી કૃતકૃત્ય થવામાં છે. માત્ર ધોળાં કપડાં પહેરવાં, ઘર મૂકી ઉપાશ્રયમાં જઇ વસવું અને ગોચરી લાવી જીવન પૂર્ણ કરવું એટલામાં જ સાધુતાનાં સઘળાં કર્તવ્યોનો સમાવેશ થઇ જતો નથી. સાધુ થવામાં તો " સર્વસ્વ " નો ત્યાગ કરવાનો છે અને મનની વિવિધ વલણવાળી વૃત્તિઓને એકત્ર કરી તેનો એક જ ખરા કર્તવ્ય સાથે યોગ સાધવાનો છે. કોઇ ગરીબ કે નિરાધાર જણાતા મનુષ્યને નજીવી વસ્તુ આપવાના અંતઃકરણમાં અનેકવાર ઉધામા થવા છતાં પણ તેનો ત્યાગ કરી શકાતો નથી તો જેને માયાના આવરણ વડે " મારૂં " માની લીધું છે તે ' સર્વસ્વ ' નો હમેશને

માટે ત્યાગ કરવો–સાધુતામાં ભાગ આપવો એ કોઈ પણ પ્રકારે સહેલું કામ નથી એમ લાગતું નથી શું? વળી આ ત્યાગ માત્રથી જ સાધુતાનાં સઘળાં કર્તવ્યો પૂર્ણ થતાં નથી. એથી તો માત્ર સાધુતાના ડિમ્બરમાં પગ મૂકવાને અધિકારી થઈ શકાય છે અને તે પછી તો તેને માથે અનેક પ્રકારની ફરજો ઉત્પન્ન થાય છે અને મહાન પરિષહોને ધીરજ અને ક્ષાત્ર હૃદયથી સહન કરી કર્તવ્યની પાર જવું પડે છે. દીક્ષા ધારણ કરતી વખતે જે પ્રતિજ્ઞા ગ્રહણ કરવાની હોય છે તે ઉપરથી તેની કઠિનતાનો કેટલેક અંશે ખ્યાલ આવી શકે. ચારિત્ર ગ્રહણ કરતી વખતે ગુરૂની સમીપ પ્રતિજ્ઞા લેવામાં આવે છે, કે "**જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ છે ત્યાંસુધી ત્રણ પ્રકારના દંડને મન, વચન અને કાયાએ કરી હું કરીશ નહિં. કરાવીશ નહિ અને કરતા હોય તેને અનુમોદીશ નહિ**" કેવી ઉગ્ર પ્રતિજ્ઞા! અને જોઈ શકાય, કે મનની અતિ તીવ્ર અને ચંચળ વૃત્તિઓની સામે કમર કસી–અડગ બની–આ પ્રતિજ્ઞાનું આમરણાન્ત પાલન કરવું એ કોઈ પણ પ્રકારે સહેલું ગણી શકાય નહિ. વળી મનમાં ઉપજેલા ક્ષણિક ઉભરાને–સ્મશાન વિરાગને–વશ થઈ સંસારને છોડનાર અને પોતાની વૃત્તિઓને ખરા સ્વરૂપમાં ન પિછાનનાર

મનુષ્ય સાધુપણાને યોગ્ય ગણી શકાય જ નહિ. આમ છતાં તે દીક્ષા અંગીકાર કરે તો કાળે કરી પોતાની વૃત્તિઓ સમ્યા પછી આચારમાંથી બહુધા ભ્રષ્ટ થઇ પતિત બને એ સંભવિત લાગશે. ગુરૂના ઉપદેશથી વા હરકોઇ કારણથી પૂર્વ કર્મના સંસ્કારો જાગ્રત બની હૃદયના સઘળા તારો ઝણઝણી ઉઠે અને તે સાથે છ કાય જીવ ઉપર સમદૃષ્ટિ રાખી દ્રવ્ય વગેરે બહારના અને કામ ક્રોધાદિ અંતરના પરિગ્રહો ત્યાગ કરવાનું અંતઃકરણમાં જોરથી સ્ફુરી આવે અને સઘળી વૃત્તિઓ એ એક જ તાનમાં તલ્લીન બને ત્યારે જ હૃદય સાધુ થવાને–દીક્ષા ધારણ કરવાને–યોગ્ય ગણી શકાય. સર્વ ઉપર સમાનભાવ પેદા થયા વગર અને પરિગ્રહોને છેદ્યા વગર કદિ પણ સાધુપણાને યોગ્ય થઇ શકાય નહિ. સમાનભાવ પેદા થયા પછી અંગીકાર કરેલા ચારિત્રથી મનુષ્ય શાશ્વત સુખનો અધિકારી થઇ શકે. ભગવત્ ગીતામાં શ્રી કૃષ્ણ અર્જુનને ઉપદેશે છે, કેઃ—

यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोमृतत्वाय कल्पते ॥

અધ્યાય-૨ : શ્લોક-૧૫

" કેમકે, હે પુરૂષર્ષભ ! જે ધીર પુરૂષને એ ( પરિગ્રહો ) વ્યથા કરતા નથી ને જેને સુખદુ:ખ સમાન છે તે મોક્ષ પામવા યોગ્ય છે. "

આ પ્રમાણે પરિગ્રહોના બંધનોથી મુક્ત થવાય અને સુખદુ:ખાદિ સર્વ તરફ સમાન ભાવથી જોવાય ત્યારે જ ખરી વિરાગી સ્થિતિ થયેલી ગણી શકાય, અને એવો વિરાગ જ મોક્ષનું સુખ પ્રાપ્ત કરાવી શકે. વિરાગ ઉત્પન્ન થયે ચારિત્ર અંગીકાર કરી તેને હમેશને માટે નીભાવી રાખવામાં જ ખરા વિરાગની પરીક્ષા થઇ શકે. કારણ ચારિત્ર અંગીકાર કર્યા પછી તેના આચારો સેવવા અને અનેક પ્રકારનાં પ્રલોભનોથી બચવું એ મહા મુશ્કેલ કામ છે.

આ પ્રલોભનો કેવા પ્રકારનાં છે તેમજ ચારિત્રમાં પાળવાના આચારો કયા કયા છે તે જાણવાને આપણે મુનિ કોને કહી શકાય, તેમનામાં કેવા ગુણો હોવા જોઇએ અને તેમનાં કયાં કયાં કર્તવ્યો છે, એ સંબંધમાં જૈન ધર્મશાસ્ત્રમાં જે ઉલ્લેખો છે તેમાંના કેટલાએક આ સ્થળે ટુંકામાં જોઈ જવા એ અનુચિત લેખાશે નહિ.

ખરેખરા મુનિ-સાધુ કોણ કહેવાઈ શકે તે માટે મહાન્ સૂત્રકાર શય્યંભવસુરી 'દશવૈકાલિક સૂત્ર'માંની નીચેની ગાથાઓમાં સ્પષ્ટ કરે છેઃ—

**"जेय कंते पिइ भोए, लद्धेवि पिठि कुव्वइ ।**
**साहीणे चयइ भोए, से हु चाइत्ति वुच्चइ ॥"**

"જે પુરૂષ મનને આકર્ષણ કરનારા, પ્રિય લાગે તેવા અને પોતાને સ્વાધીન પ્રાપ્ત થયેલા ભોગોને ત્યજે છે, તે નિશ્ચે સાધુ કહેવાય છે."

**"पंचासवपरिण्णाया, तिगुत्ता छसुसंजया ।**
**पंचनिग्गहणा धीरा, निग्गंथा उज्जुदंसिणो ॥"**

"જેઓ હિંસાદિક પાંચ આશ્રવોને યાવજ્જિવિત ત્યાગ કરનારા છે, જેઓ મનોગુપ્તિ, વચનગુપ્તિ, અને કાયગુપ્તિ-એ ત્રણ ગુપ્તિને ધારણ કરનારા છે, જેઓ છજીવ નિકાય ઉપર દયા રાખનારા છે, જેઓ દર્શન, રસન, ઘ્રાણ, સ્પર્શન અને શ્રવણ-એ પાંચ ઈંદ્રિયોને વશ રાખનારા છે-એટલે જિતેન્દ્રિય છે, જેઓ ધીર છે એટલે સાત પ્રકારના

ભયથી રહિત છે અને જેઓ સંયમને વિષે ઉપયોગ રાખ-
નારા છે તે ખરેખરા નિર્ગ્રંથ–સાધુઓ કહેવાય છે. ”

**“ यः समः सर्व भूतेषु, त्रसेषु स्थावरेषु च ।**
**तपश्चरति शुद्धात्मा, श्रमणोऽसौ प्रकीर्तितः ॥ ”**

“ જે શુદ્ધ આત્માવાળો થઈ ત્રસ અને સ્થાવર સર્વે પ્રાણીઓ ઉપર સમભાવથી વર્તે અને તપ તપ્યા કરે તે શ્રમણ કહેવાય છે. ”

**“ अभिभूअ काएण परीसहाइं**
**समुद्धरे जाइपहाउ अप्पयं**
**विइत्तु जाइ मरणं महब्भयं**
**तवे रए सामणिए जे स भिक्खू ”**

“ જે મુનિ કાયાથી પરિષહોનો પરાભવ કરી આ સંસારમાંથી પોતાના આત્માનો ઉદ્ધાર કરે અને જન્મ મરણ રૂપી આ સંસારના મૂળને મોટા ભય રૂપ જાણી સાધુપણાને યોગ્ય એવા તપને વિષે જે આસકત રહે, તે ભિક્ષુ કહેવાય છે. ”

" अलोल भिक्खू न रसेसु गिज्झे,
उंछचरे जीवि अ नाभि कंखी ।
इढ्ढीं च सक्कारण पूअणं च,
चए ठिअप्पा अणि हे जे स भिखू ॥ "

" જે મુનિ અપ્રાપ્ત વસ્તુની પ્રાર્થના કરે નહિ, કોઈ પણ રસમાં લુબ્ધ બને નહિ, ઉચ્ચવૃત્તિ આચરે, સંયમ વગરના જીવિતની ઇચ્છા ન રાખે, સમૃદ્ધિ, સત્કાર અને પૂજાની ઇચ્છા રાખે નહિ, જ્ઞાનાદિકમાં પોતાના આત્માને સ્થિર રાખે અને કપટથી દૂર રહે, તે ખરેખરો ભિક્ષુ મુનિ કહેવાય છે. "

" न जाइमत्ते न य रूवमत्ते,
न लाभमत्ते न सुएण मत्ते ।
भयाणि सव्वाणि विवज्जइत्ता,
धम्मज्झाणरए जे स भिक्खू "

" જે મુનિ જાતિ, રૂપ, લાભ અને શ્રુતનો મદ કરે નહિ, સર્વ પ્રકારના મદને છોડી દે અને ધર્મધ્યાનમાં

તત્પર રહે તે ખરેખરો ભિક્ષુ મુનિ કહેવાય છે.”

**“ पवेअए अज्जपयं महामुणी,**
**धम्मेठिओ ठावयई परंपि**
**निरकम्म वज्जिज्ज कुसीललिंगं,**
**न आवि हासं कुहए जे स भिक्खू ”**

“ જે મહામુનિ આર્યપદ–શુદ્ધ ધર્મને કહે છે, પોતે ધર્મમાં રહી બીજાને ધર્મમાં સ્થાપન કરે છે, આ સંસારમાંથી નીકળી કુસીલલિંગ એટલે આરંભ સમારંભ–કરનાર ગૃહસ્થની ચેષ્ટાને વર્જી દે છે અને હાંસી થાય તેવી ચેષ્ટાઓ કરતો નથી, તે ખરેખર ભિક્ષુ સાધુ કહેવાય છે.”

**“ समावयंता वयणाभिधाया,**
**कन्नं गया दुम्मणिअं जणंति**
**धम्मुत्ति किच्चा परमग्गसूरे**
**जिइंदिए जो सहई स पुज्जो ॥ ”**

“ જે આવી પડતાં કઠોર વચનોના પ્રહાર જો કાનમાં પડ્યા હોય તો પ્રાણીઓના મનોભાવને દુષ્ટ કરી દે છે એવા

વચનના અભિઘાતને ધર્મ એવું માની જે મુનિ સમતાથી સહન કરે છે, તે શૂરવીર જિતેન્દ્રિય મુનિ સર્વથા પૂજ્ય છે. ”

આ ઉપરાન્ત મહાત્મા ભર્તૃહરિ જે ઉપદેશ છે તે પણ વિચારણીય લેખાશેઃ—

**“ पाणिः पात्रं पवित्रं भ्रमणपरिगतं भैक्षमक्षय्यमन्नं**
**विस्तीर्णं वस्त्रमाशा सुदशकममलं तल्पमस्वल्पमुर्वी ।**
**येषां निःसंगतांगीकरणपरिणतिः स्वात्मसंतोषिणस्ते**
**धन्याः संन्यस्तदैन्यव्यतिकरनिकराः कर्मनिर्मूलयन्ति ॥’**

વૈરાગ્યશતકઃ શ્લોકઃ ૫૦.

“ જેમને હસ્તરૂપી પવિત્ર પાત્ર છે, ભિક્ષા માગવાથી ખૂટે નહિ તેવું અન્ન મળે છે, દિશા રૂપી વિસ્તીર્ણ વસ્ત્ર છે, પૃથ્વી રૂપી વિશાલ શય્યા છે, નિઃસંગતામાં જેમનું મન વિરામ પામ્યું છે એવા, અને દૈન્ય રૂપી દુઃખનો ત્યાગ કરેલો છે એવા કર્મ નિર્મૂળ કરનારા આત્મસંતોષીઓને જ ધન્ય છે.” મતલબ, કે કર્મ ખપાવનારા અને તૃષ્ણા રહીત યોગીઓને જ ધન્ય છે.

આ પ્રમાણે મુનિ કોને કહી શકાય તે જોયું. તે ઉપરથી તેમનામાં કેવા ગુણો આવશ્યક છે તે પણ સમજી શકાય. આમ છતાં પ્રત્યેક મુનિમાં જે આઠ ગુણો હોવાની ખાસ જરૂર છે તે સૂત્રકાર નીચેની ગાથામાં સ્પષ્ટ કરે છેઃ—

"अलोलुए अकुहए अमाई
अपिसुणे आवि अदीणवित्ती ।
ना भावए नो विअ भावि अप्पा,
अकोउहल्ले अ सया अ पुज्जो ॥ "

"આલોલુપ એટલે અલુબ્ધ, અકુહક એટલે મંત્ર તંત્રના પ્રયોગો રહિત, અમાયી એટલે કપટ રહિત, અપિશુન એટલે ચાડીચુગલી રહિત, અદીનવૃત્તિ, બીજાની પાસે પોતાનાં વખાણ કરનાર, કરાવનાર અને કૌતુક રહિત એવો મુનિ સદા પૂજનીય છે."

હવે આવું મહાન મુનિપદ પ્રાપ્ત કરવા અને તેને યોગ્ય ગુણો સંપાદન કરી, મુનિપદની મહાનતા વધારવા અને પોતાના જીવનની કૃતાર્થતા અર્થે મુનિઓએ કેવાં

કર્મો આચરવાં યુક્ત છે અને કેવાં કર્મો અનાચરિત છે તે ટુંકામાં અવલોકી મૂળ વિષય તરફ વળીશું.

ચારિત્ર અંગીકાર કરનાર મુનિએ તેના પાંચ પ્રકારનું પ્રેમથી પાલણ કરવું જોઇયે. ચારિત્ર એટલે શું અને તેના પાંચ પ્રકાર કયા છે તે સંબંધે "યોગશાસ્ત્ર"માં કહેલું છે, કેઃ-

**सर्वसावद्ययोगानां त्यागश्चारित्रमिष्यते ।**
**कीर्तितं तदहिंसादिव्रत भेदेन पञ्चधा ॥**

ચારિત્ર યોગઃ શ્લોકઃ ૧૮.

"સર્વ દોષવાળા મન, વચન, કાયાદિ યોગોનો ત્યાગ કરવો, તેને ચારિત્ર કહેવામાં આવે છે. આ ચારિત્ર અહિંસાદિ વ્રતના ભેદે કરી પાંચ પ્રકારે કહેલું છે."

**अहिंसासत्यमस्तेय ब्रह्मचर्या परिग्रहाः ॥**
**पंचभिः पंचभिर्युक्ता भावनाभिर्विमुक्तये ॥ १९ ॥**

"અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને મમતા રહિતપણું, આ પાંચ મહાવ્રતો ચારિત્ર કહેવાય છે. એક એક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે. પાંચ પાંચ ભાવના સહિત પાંચ મહાવ્રતો મુક્તિને માટે થાય છે.

આ પ્રમાણે ચારિત્ર ધારણ કરનાર વ્યક્તિ પાંચ મહાવ્રતોનું પ્રેમપૂર્વક પાલણ કરે ત્યારે જ તે ખરેખરો ચારિત્રધારી ગણી શકાય. આ પાંચ મહાવ્રતોની સમજ આ પ્રમાણે છે: “ ૧-*અહિંસા એટલે પોતાના આત્માને કોઈ પણ પ્રકારે હિંસક થવા ન દેવો. અર્થાત્ કોઇ પણ જાતનાં શુભાશુભ કર્મોથી આત્માને દબાવા ન દેવો જોઇએ. ૨-સત્ય એટલે આત્મા સિવાય બીજી કોઇ પણ વસ્તુને પોતાની માનવી કે કહેવી ન જોઇએ. ૩-અચૌર્ય એટલે પુદ્ગલિક કાંઇ પણ વસ્તુ ગ્રહણ કરવી ન જોઇએ. ૪-બ્રહ્મચર્ય-પુદ્ગલિકવસ્તુનો ઉપભોગ ન કરવો જોઇએ, અને આત્મભાવમાં રમણ કરવું જોઇએ. ૫-શુભાશુભ કર્મો ઉપર પણ મમત્વ હોવો ન જોઇએ.”

ઉપરનાં પાંચ મહાવ્રતોની સાથે ૧૭ ભેદે સંયમ પાળી ૧૨ પ્રકારની તપસ્યા તપવાની છે. સંયમના ૧૭ ભેદને માટે નીચેનો ઉલ્લેખ જોવામાં આવે છે:—

“संयम पंचाश्रवविरमणं, पंचेन्द्रिय निग्रह, चतुः

---

* યોગશાસ્ત્ર.

कषायजयः त्रणदंडविरतिश्चेति सप्तदश भेद संयमः”
‘ આચારાંગ. ’

“ પાંચ આશ્રવ એટલે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ આદિનો નિરોધ, પાંચ ઇંદ્રિયોના પાંચ, વિષયોનો નિગ્રહ, ચાર કષાય–ક્રોધ, માન, માયા, અને લોભના ઉપર જય મેળવવો અને ત્રણ દંડ–મન, વચન અને કાયા–થી વિરતિ એટલે અનાસક્તિ એ ” પ્રમાણે સત્તર ભેદે સંયમ પાળવો એ મુનિયોનું આવશ્યક કર્તવ્ય છે.

તપસ્યાના બાર પ્રકાર છે અને તેના મુખ્ય ભેદ બે છેઃ–(૧) અભ્યંતર. (૨) બાહ્ય. અભ્યંતર તપસ્યાના છ પ્રકારઃ ૧–પ્રાયશ્ચિત એટલે થયેલા અપરાધની શુદ્ધિ કરવી અને કપટરહિતપણે લાગેલા દોષ ગુરૂ પાસે પ્રકાશી તેની આલોચણા લેવી. ૨–વિનય એટલે ગુરૂ આદિનો વિનય સાચવવો અને અશાતના ટાળવી. (૩) વૈયાવચ્ય એટલે યથાયોગ્ય સેવા ભક્તિ કરવી. ૪– સજઝાય એટલે ભણવું, ભણાવવું, પૃછવું, શિખેલું ફરીને ફેરવવું, ધારેલું ચિન્તવન કરવું અને ધર્મોપદેશ કરવો. ૫–ધ્યાન એના ચાર પ્રકાર છેઃ આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ. તેમાંનાં પ્રથમનાં

બે ત્યાગી બીજાં બે ગ્રહણ કરવાં. ૬–કાયોત્સર્ગ એટલે કાયાનો વ્યાપાર બંધ કરવો. બાહ્ય તપસ્યાના પણ છ પ્રકાર છે. ૧. અનશન. ૨. ઉનોદરી. ૩. વૃત્તિસંક્ષેપ એટલે અભિગ્રહ તથા નિયમાદિ ધારવાં. ૪–રસપરિત્યાગ. ૫. કાયાક્લેશ એટલે તપસ્યા કરવી, લોચાદિ કષ્ટ સહન કરવું અને કાઉસગ કરવો. ૬. પ્રતિસંલીનતા એટલે અંગોપાંગનું ગોપવવું.

અનાચરિત કર્મોમાં અઢાર પાપસ્થાનને માટે નીચેની ગાથા જોવામાં આવે છે:—

**“ दस अट्ठय ठाणाइं जाइं, बालो वरज्झइ ।**
**तत्थ अन्नयरे ठाणे, निग्गंथत्ताउ भस्सइ ”**

“ જે બાળક જેવો સાધુ અઢાર પાપસ્થાનનો આશ્રય કરી અપરાધી થાય છે, તે અઢાર પાપસ્થાનો માંહેલા હરકોઇ એક સ્થાનમાં વર્તે છે તો નિર્ગ્રંથપણાથી ભ્રષ્ટ થઇ જાય છે.”

આ અઢાર પાપસ્થાનો આ પ્રમાણે છે: ૧–પ્રાણાતિપાત. ૨–મૃષાવાદ. ૩. અદત્તાદાન. ૪. અબ્રહ્મચર્ય, એટલે વિષય સેવન, ૫. પરિગ્રહ ૬. રાત્રિભોજન. ૭. પૃથ્વીકાય

જીવની વિરાધના. ૮. અપકાય જીવની વિરાધના. ૯. વાયુ કાય જીવની વિરાધના. ૧૦. તેજસ્કાય જીવની વિરાધના. ૧૧. વનસ્પતિકાય જીવની વિરાધના. ૧૨. ત્રસકાય જીવની વિરાધના. ૧૩. અકલ્પ અનાચાર સેવન. ૧૪. ગૃહિભાજન એટલે ગૃહસ્થના પાત્રનો ઉપયોગ કરવો. ૧૫. પર્યંક એટલે પલંગમાં સૂવું. ૧૬. નિષદ્યા એટલે સુંદર આસનો ઉપર બેસવું. ૧૭. સ્નાન. ૧૮ શોભા શૃંગાર ધરવો એ અઢાર પાપસ્થાન છે. સાધુઓએ તેનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

" सव्वेमयमणाइन्नं, निग्गंथाण महेसिणं
संजमंमि अ जुत्ताणं, लहुभूय विहारिणं ॥ "

" જેઓ બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહથી, સંયમથી યુક્ત અને વાયુની પેઠે પ્રતિબંધ રહિત એવો નિગ્રહ કરનાર એવા મહર્ષિઓને ચોપન પ્રકારના અનાચરિત વર્જવા યોગ્ય છે. " આ અનાચરિતના ચોપન પ્રકાર નીચે પ્રામણે છેઃ-

૧. ઔદ્દેશીક એટલે જે ખાસ મુનિને ઉદ્દેશીને તૈયાર કરી રાખેલું. ૨-ક્રીતકૃત એટલે જે ખાસ સાધુને માટે વેચાથી લાવી વહોરાવવું તે. ૩-નિયાગ એટલે જે આમં-

ત્રણ કરે તેને ઘેર આહાર લેવો અને તે સિવાય બીજેથી લેવો નહિ તે. ૪–અભ્યાહૃત–પરગામનાં માણસો સાધુને માટે જે પદાર્થ પોતાની સાથે લેતા આવે તે ૫–રાત્રિભોજન. ૬–સ્નાન. ૭–ગંધ એટલે સુગંધીદાર પદાર્થો શરીરે ચોળવા તે. ૮–માલ્ય એટલે પુષ્પ–માળા પહેરવી તે. ૯–વ્યજન એટલે વીંજણાથી પવન ખાવો તે. ૧૦–સંનિધિ એટલે ઉપાશ્રયમાં પદાર્થોનો સંગ્રહ કરવો તે. ૧૧–ગૃહીમત્ર–ભોજનમાં ગૃહસ્થનાં પાત્રોનો ઉપયોગ કરવો તે ૧૨–રાજપિંડ એટલે રાજાએ આપેલો આહાર લેવો તે. ૧૩–કિમિચ્છક એટલે સદાવ્રત લેવું તે. ૧૪–સંવાહન એટલે શરીરના સુખ અર્થે તેલ ચોળાવવું તે. ૧૫–દંત–પ્રધાવન એટલે આંગળી આદિથી દાતણ કરવું તથા મોઢું સાફ કરવું તે. ( રૂપાળા દેખાવાની ઇચ્છાએ. ) ૧૬–સંપ્રશ્ન એટલે ગૃહસ્થને કુશળતા પૂછવી અથવા પોતાની શરીર શોભા માટે પૂછવું તે. ૧૭–દેહપ્રલોક એટલે દર્પણમાં શરીરની શોભા નિહાળવી તે. ૧૮–અષ્ટાપદ એટલે કોઈ પણ પ્રકારનો જુગાર ખેલવો તે. ૧૯–નાલિકા એટલે પોતાની ઇચ્છાનુસાર જુગારનો પાસો પાડવો જોઇએ, એવું ધારી નલિ-

કાની કળાથી જે પાસા પાડવામાં આવે છે તે. ૨૭—છત્ર-ધારણ. ૨૧—ચૈકિત્સ્ય એટલે પોતાના કે પારકાને માટે સાવઘ ચિકિત્સા કરવી તે. ૨૨—ઉપાનહ એટલે જોડા પહેરવા તે. ૨૩—જ્યોતિઃસમારંભ એટલે દેવતા સળગાવવો તે. ૨૪—શય્યાતરપિંડ એટલે પોતાનાં કર્મોને હળવાં કરવા માટે જે શ્રાવકે સાધુને શય્યા અર્પણ કરી હોય એવા ગૃહસ્થના ઘરનો આહાર લેવો તે. ૨૫—આસંદી એટલે ઉચી જાતનાં ચટાઈ વગેરે આસન ઉપર બેસવું તે. ૨૬—પર્યંક. ૨૭—ગૃહાંતર શય્યા એટલે ઉપાસરાથી અન્ય સ્થળે જઇને સૂવું. ૨૮—ગાત્રોદ્વર્તન એટલે શરીરનો મળ દૂર કરવા શરીર ચોળાવવું. ૨૯—આજીવવૃત્તિતા એટલે જાતિ તથા કુળથી ઉદરપોષણ કરવું. ૩૦—તપ્તાનિર્વૃત્ત ભોજિત્વ એટલે અપ્રાસુક જળ વાપરવું. ૩૧—આતુરસ્મરણ એટલે પરિષહોની પીડાથી પૂર્વના ભોગોનું સ્મરણ કરવું. ૩૨—અનિર્વૃત્તા મૂલક એટલે અપકવ મૂળાનો ઉપયોગ કરવો. ૩૪—અનિર્વૃત્ત શ્રંગવેર એટલે અપકવ આદુનો ઉપયોગ કરવો ૩૫—અનિર્વૃત્ત ઇક્ષુખંડ એટલે અપકવ શેલડીનો ઉપયોગ કરવો. ૩૬—કંદાનાચરિત. ૩૭—મૂળાનાચરિત. ૩૮—આમફળ એટલે કાચું ફળ વાપરવું તે.

૩૯–બીજ અનાચરિત. ૪૦–૪૬. સૌવર્ચલ એટલે સાત પ્રકારનાં લવણ સચિત્ત વાપરવાં તે. ( સંચલ, સૈંધવ, લવણ, રોમકક્ષાર, સમુદ્રનું મીઠું, પાંસુક્ષાર અને કાલલવણ) ૪૭–ધૂપન એટલે વસ્ત્રોને સુગંધી ધૂપ આપવો તે. ૪૮–વમન એટલે ઉલટી કરનારા પદાર્થનું ભક્ષણ કરી વમન કરવું તે. ૪૯–બસ્તી કર્મ. ૫૦–વિરેચન એટલે રેચ લેવો તે. ૫૧–અંજન. ૫૨–દંતવર્ણ. ૫૩–ગાત્રાભ્યંગ. ૫૪–ગાત્રવિભૂષણ. આ ચોપન દુરાચારો ગણાય છે અને સાધુઓએ તેનો સર્વદા ત્યાગ કરવો જોઇએ. આ ઉપરાન્ત ગોચરી લેવા સંબંધે, વિહાર કરવા સંબંધે અને એવી બીજી ઘણી બાબતોના સંબંધમાં એવું તો નિયમન થએલું છે, કે જેને જોતાંની સાથે જ આપણને તેના ઘડનાર અને તેને સર્વાંશે પાળનાર તરફ માન અને પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થયા સિવાય રહેતાં નથી.

આ પ્રમાણે આપણે સાધુ કેવા હોવા જોઇએ, તેમનામાં કયા ગુણો ખાસ કરીને હોવા જોઇએ, તેમને કયાં કર્મો આચરવા તેમ નહિ આચરવા યોગ્ય છે, ચારિત્ર એટલે શું એ વગેરે ધર્મશાસ્ત્રમાંના ઉલ્લેખો ઉપરથી

જોયું. હવે તે ઉપરથી ભાગ્યે જ એમ લાગ્યા વિના રહેશે, કે સાધુ થવું એ અતિ કઠિન અને સામાન્ય મનુષ્યોથી ન બની શકે એવું કામ છે. ખરેખર! સાધુના આચારો દુર-ધિષ્ઠિત અને કાયર પુરૂષોથી ન પાળી શકાય એવા છે, જેઓ ખરેખરા નિર્ગ્રંથ, સંયમી અને અપ્રતિબંધ વિહાર કરનારા મુનિઓ હોય તે જ આ સઘળા આચારો પાળવાને શક્તિમાન બને છે. અને એવા મુનિ બનવું એ સર્વને સુસાધ્ય હોતું નથી; પરન્તુ પૂર્વપુણ્યના ઉદયે જ એ ખરા કર્તવ્યની દિશા હાથ લાગે છે. વળી તેમાં અચળ અને અડગ રહી પુણ્યશાળી પુરૂષો જ ખરા સુખ–મોક્ષ પદને પામે છે.

આવો દુઃસહ અને દુષ્પ્રાપ્ય જણાતો વિરાગ આપણે પાછળ જોયું તેમ મુનિશ્રી છગનલાલજીમાં એક જ ટકોરાથી ઉત્પન્ન થયો હતો અને તે સાથે તેમણે પોતાના આંતરપરના યુવાવસ્થાના અનેકરંગી પડદાઓને ચીરી પોતાની ગતિની દિશા એકદમ બદલી નાખી હતી. તેમની ગતિનો વેગ મૂળથી જ અસાધારણ હતો અને તેથી બહારનાં તેમ જ અંદરનાં કોઈ પણ પ્રકારનાં પ્રલોભનો તેમની ગતિને

સ્થિર તો શું; પરન્તુ સહજ મંદ પણ કરી શકેલાં નહિ! તેમની આવી વેગ ભરી વૃત્તિના વલણને અનુસરી તેમણે સંસારનો સંસારભાવે ત્યાગ કર્યો હતો અને દીક્ષા ધારણ કરી પંચમહાવ્રતને ધારણ કર્યાં હતાં. આ પછી બહારના બનાવોથી તેમના વિરાગી ભાવો પોષાતા જતા હતા. આ બનાવોમાં તેમના ગુરૂના કાળથી તેમના મન ઉપર જબરી અસર થયેલી અને પોતાના વિરાગમાં વધારે દૃઢ બનેલા. વળી જે દિશાએ ગતિ કરે તેમાંના સઘળા માર્ગો અને તેની અંદરનાં રહસ્યો જાણવાની અને સારા માર્ગને ગ્રહણ કરી તેમાં ઉત્સાહ, ખંત અને સ્વાશ્રયથી મંડ્યા રહી લક્ષ્ય પ્રતિ પહોંચવાની તેમનામાં મૂળથી જ વૃત્તિ હતી. આ વૃત્તિને અનુસરી તેમણે શાસ્ત્રના જરૂર જોગા અધ્યયન અને ગુરૂના ઉપદેશ દ્વારા મુનિયોનાં કર્તવ્યોનું જ્ઞાન મેળવ્યું હતું અને તે પ્રમાણે આચરવાની શરૂઆત પણ તે સાથે જ કરી હતી. તેમના ગુરૂશ્રી હીરાચંદજી મહારાજ ઘણા વિદ્વાન્ હતા અને તેથી તેમને તેમના દ્વારા મુનિધર્મ વિષે બહુ સારી સમજ અપાઇ હતી. તેમનો કાળ થયા પહેલાં પ્રથમનાં ૬-૭ વરસમાં તેમની પાસેથી છગનલાલજી

મુનિશ્રીએ પોતાને આચરવાનાં કર્તવ્યોનું સઘળું જ્ઞાન સંપાદન કર્યું હતું. તેમનું હૃદય ઘણું શ્રદ્ધાળુ હતું અને તેથી ગુરૂના ઉપદેશને શાસ્ત્ર વચન તરીકે સ્વીકારી તે પ્રમાણેના આચારમાં કમર કસી, અડગ રહી અને ધૈર્ય ધરી પ્રવૃત્ત થવું એ એક જ મહામંત્ર તેમણે પોતાના હૃદયમાં સ્થાપિત કર્યો હતો એમ તેમના આચાર ઉપરથી અનુમાની શકાય છે. તેમણે શાસ્ત્રોનો બહુ અભ્યાસ કર્યો હોય એમ જાણવામાં નથી. આમ છતાં શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં આવે અને તે પ્રમાણે આચરવામાં આવતું ન હોય તો તેથી કશો લાભ નથી એ સ્પષ્ટ નથી શું? हत ज्ञानं क्रिया हिनम्. ક્રિયા વગરનું જ્ઞાન નિરર્થક છે. આથી ઉલટું પોતાને જણાયેલા સાચા કર્તવ્યમાં અંતઃકરણના સઘળા બળથી મંડ્યા રહેનાર માણસો ઘણું નવું શીખી શકે છે અને અનેરૂં બલ પ્રાપ્ત કરી શકે છે. તેમના આચારો જ તેમને નવા અનુભવમાં મૂકે છે અને એ અનુભવો શાસ્ત્રમાં ગુંથાયેલું એવું જ્ઞાન પટાંતરે તેમનાં હૃદયોમાં પ્રકાશિત કરે છે. આવી જ કંઈ સ્થિતિ છગનલાલજી મુનિશ્રીની થયેલી. સાધુનાં કર્તવ્યો જાણ્યા પછી અનેક પ્રકારના પરિષહો

વેઠીને, આંતર અને બાહ્ય તપ આચરીને અને એવા બીજા સર્વ પ્રકારના ભોગે તેમાં ( કર્તવ્યોમાં ) ઉત્તીર્ણ થવું અને તેમાં જ પૂર્ણ થવું એવું જાણે તેમણે પોતાને માટે 'લક્ષ' નક્કી કર્યું હોય એમ તેમના સઘળા પ્રકારના આચારો ઉપરથી જાણી શકાય. પોતાના કર્તવ્યમાં દૃઢ બન્યા પછી અને તેને કાર્યમાં મૂક્યા પછી તેમના હૃદયમાં ધીમે ધીમે બળ આવતું ગયેલું તેમજ જ્ઞાનનો પણ પ્રકાશ પડેલો એમ અન્ય મુનિશ્રીઓનું કહેવું છે અને તેમાં ઘણે દરજ્જે સત્ય હોવું સંભવે છે.

પોતાને આચરવાના સંયમ અને તપસ્યાના ભેદો જાણ્યા પછી તેમણે પ્રથમ બાહ્ય તપસ્યાની શરૂઆત કરી હોય એમ તેમણે કરેલી ઉપવાસાદિકની ક્રિયાઓ ઉપરથી લાગે છે. તેઓશ્રી ઘણીવાર ઉપવાસ કરતા તો કેટલાએક દિવસ સુધી પોતાના આહારમાંથી થોડો થોડો ઘટાડો કરતા. કેટલીક વખત તાપ તો કેટલીક વખત ટાઢના પરિષહો પોતાના અંગ ઉપર વેઠવાને પ્રયત્નશીલ બનતા. આ પ્રકારની બાહ્ય તપસ્યાથી તેમના મન ઉપર કાબુ રાખવાની તેમની શક્તિમાં ઘણો વધારો થયો હતો. આ બાહ્ય તપસ્યાની સાથે આંતર તપસ્યા પણ ચાલુ જ હતી.

સત્ય તરફ તેમને મૂળથી જ પ્રીતિ હતી અને કપટપણા તરફ તેમને ઘણો તીરસ્કાર હતો, આથી નિષ્કપટ ભાવે કર્તવ્યમાં રત થવું અને ગમે તેવા દોષોને સરલતાથી જાહેર કરવા એ એમને માટે ઘણું સહેલું હતું. નમ્રતા એ એમનો સ્વભાવ હતો અને તેથી અગ્રદીક્ષિત એવા વડીલ મુનિઓનો તેઓશ્રી ઘણી સારી રીતે વિનય સાચવી શકતા તેમ જ સેવા ભક્તિ પણ યોગ્ય રીતે કરતા હતા. જ્ઞાનની તેમણે અગાઉ જણાવ્યા પ્રમાણે ગુરૂ પાસે શરૂઆત કરી હતી અને તે પછી પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાન અને અનુભવ તેમ જ પોતાને જણાયેલા સાચા કર્તવ્યને અનુસરી પોતાના પ્રત્યેક વિહારને સ્થળે શ્રાવક શ્રાવિકાઓને વ્યાખ્યાનો દ્વારા ઉપદેશ પણ કરતા. પોતાનાં વ્યાખ્યાનોમાં આચારને માટે તે ભાર મૂકીને ઉપદેશ કરતા. વળી તેમની અંતર અને બાહ્ય તપસ્યાને પરિણામે તેમના મુખ ઉપર કંઈ અનેરૂં તેજ ઝળકી રહ્યું હતું અને તે તેમની મૂળની સુંદરતા અને ભવ્યતામાં ઘણો વધારો કરી રહ્યું હતું. આને પરિણામે જ્યારે તે વ્યાખ્યાન આપતા ત્યારે એક રાજા જેવો ઠાઠ થઈ રહેતો અને સાંભળનારનાં મનને તે એટલાં બધાં

આકર્ષી શકતા, કે તેઓ ક્ષણભર સંસારની સઘળી ઉપાધિઓ વીસરી જતાં અને ઉપદેશમય બની જતાં. તેમના આ પ્રકારના ઉપદેશથી ચડાદરાના વતની અને જ્ઞાતે દક્ષિણી રજપૂત ગણપતલાલજીને વિરાગ ઉત્પન્ન થયો હતો, અને તેથી તેમણે તેમની પાસેથી વડોદરા મુકામે કેવળ ૨૬ વરસની ઉમ્મરે સંવત ૧૯૫૨ના આસો વદિ ૧૩ ને દિવસે દીક્ષા ગ્રહણ કરી હતી. આ પછી સાત વરસે જ્યારે મુનિશ્રી વઢવાણ વિહાર કરી ગયા હતા ત્યારે ત્યાં અપાયેલા ઉપદેશથી લખતરના રહેવાશી, ભાવસાર જ્ઞાતિના કૃષ્ણજીએ ૩૬ વરસની ઉમ્મરે તેઓશ્રીની પાસેથી સંવત ૧૯૫૯ના મહા સુદિ ૫ ને દિવસે પંચ મહાવ્રત ધારણ કર્યા હતાં. આ ઉપરાન્ત કસ્તુરજી નામના તેમના એક ત્રીજા શિષ્ય હતા અને એમ સઘળા મળી ત્રણ જણાએ તેમની પાસેથી ચારિત્ર ગ્રહણ કર્યું હતું.

આ ઉપરાન્ત કયી કયી સાલમાં કયા કયા સ્થળે મુનિશ્રીએ વિહાર કર્યો હતો અને કયા કયા વિષયો ઉપર તેમણે વ્યાખ્યાનો આપ્યાં હતાં એ આદિ બાબતો ક્રમાનુક્રમે જણાવવાને કોઇ પણ જાતનું સબળ સાધન તપાસ

કરતાં છતાં પણ જાણાયું નથી અને તેથી આ સ્થળે તે ચોકસપણે નોંધી શકાયું નથી. આમ છતાં અન્ય મુનિશ્રીઓના કહેવા પ્રમાણે તે પોતાના વિચારોમાં દિન પ્રતિ દિન ઘણા દૃઢ બની પોતાના આચારોમાં અસાધારણ વેગથી અને ખંત તેમજ ઉદ્યોગથી ગતિ કર્યે જતા હતા. તેમના આચારની સાથે તેમનામાં મુનિધર્મને યોગ્ય એવા સબળા હૃદયના ગુણો વૃદ્ધિ પામતા હતા, અને એ પ્રકારે આચાર, વિચાર અને હૃદયના સદ્‌ગુણોમાં દિન પ્રતિદિન વધારો થયે જતાં દીક્ષાકાળથી ૨૮ વરસે એટલે ત્રીજી વીશીના પૂર્ણ કાળે તેમનામાં જબરો ફેરફાર થયેલો અધિકારી જનોને બહુ સારી રીતે સ્પષ્ટ થઈ શકતો હતો. આ પ્રકારની વધતી જતી ગતિ તેમના જીવનમાંનાં છેલ્લાં આઠ વરસોમાં કયા પ્રકારની દિશા પકડે છે અને પરિણામે આર્હત ધર્મની પવિત્ર ભાવના ચારે તરફ ફેલાવી પોતાના મુનિ–કર્તવ્યમાં કેવા પ્રકારે કૃતકૃત્ય બને છે તે આપણે હવેના પ્રકરણમાં તપાસીશું.

# પ્રકરણ ૫ મું.

## અવસાનકાળ.

જગતમાં જે નાશવંત છે તે કદાપિ શાશ્વત થઇ શકે નહિ અને જે શાશ્વત છે તે કદાપિ વિલય પામતું નથી. જે મર્ત્ય છે તે કદાપિ અમર બને નહિ, અને જેનો સ્વભાવ અમર છે તે કદાપિ મરે નહિ, અમુક સમય ચાલે તેવી વસ્તુ કદાપિ સનાતન થઇ શકે નહિ, અને જે સનાતન છે તે કદાપિ અમુક કાળને વાસ્તે જ હોઈ શકે નહિ. બાહ્ય દેખાવો તે કદાપિ અંદરના તત્ત્વના રૂપમાં થાય નહિ, અને જે ખરૂં તત્ત્વ છે તે કદાપિ દેખાવ રૂપ થાય નહિ. અજ્ઞાન તે સત્ય થાય નહિ અને સત્ય તે કદાપિ અજ્ઞાન થાય નહિ. આ સર્વ અચલ નિયમો પ્રમાણે મનુષ્ય આ શરીરને અમર બનાવી શકે નહિ; પણ શરીરને નિગ્રહમાં રાખીને ત્હેની તૃષ્ણાઓનો ત્યાગ કરીને, તે અમર પ્રદેશમાં દાખલ થઇ શકે. આત્મા એ જ

અમર છે, માટે આત્મતત્ત્વનો અનુભવ કરવાથી મનુષ્ય અમર થઈ શકે." *

આ પ્રમાણે વિચારતાં જગત પરની પ્રત્યેક વ્યક્તિને અવસાન કાળ આવતો જોઇ શકાય છે "નામ તેનો નાશ અને જાયું તે જવાનું." કોઇને વહેલો તો કોઇને મોડો મરણનો અનુભવ થાય છે જ. આમ છતાં મહાપુરૂષો અને સામાન્ય મનુષ્યોના મરણમાં જે મહાન્ તફાવત પડતો જોઇ શકાય છે તે એ છે, કે એક પોતાને સમજાયેલા સાચા કર્તવ્યમાં જીવન પૂર્ણ કરી જગતને ખરા સુખનું અને સાચા કર્તવ્યનું ભાન કરાવે છે. આ ઉપરાન્ત તેવા પુરૂષો મરણને આનંદ અને સંતોષથી ભેટી યશદેહે ચીરંજીવી બને છે. જ્યારે બીજાઓ ક્ષણિક અને માયિક પદાર્થથી વેષ્ટિત એવા જગતને અધીન બની સ્વકર્તવ્યથી વિમુખ થાય છે અને અંતે મરણના મુખમાં ઘણા ત્રાસ, ડર અને દુઃખની વચ્ચે સપડાઇ જાય છે. એકનું જીવન ખરૂં જીવન છે. બીજાનું જીવન તે જીવન જ નથી. મહાપુરૂષો કથી ગયા છે, કેઃ-

---

* "સંસારમાં સુખ ક્યાં છે?"

" परिवर्तिनी संसारे मृतः को वा न जायते ।
सजातो येन जातेन याति वंश समुन्नतिम् ॥ "

" આ ફેરફારવાળા વિશ્વમાં મરણ પામે એવું પ્રાણી કોણ જન્મતું નથી ? જેના જન્મથી વંશ ઉન્નત દશા પ્રાપ્ત કરે છે તે જ જન્મ્યો." જન્મ અને મરણ ઉભય, આવા **મહાપુરૂષોનાં** જ ધન્ય છે, કે જે પોતાને અને પોતાના કુળને તારે છે-અમર કરે છે.—**આત્મજ્ઞાન** વિના **અમરત્વ** સંભવતું નથી અને તેથી જેણે માયિક પદાર્થોની નિઃસારતા પિછાની દેહ અને દેહીભાવો—અહંભાવાદિ વાસનાઓ-નો ત્યાગ કરી ખરા કર્તવ્યને હાથ કર્યું છે. તેવા જ પુરૂષો આત્માની અમરતાનું જ્ઞાન મેળવી અમરત્વનો અનુભવ કરી શકે. મૃત્યુ અને અમરત્વ વિષે પ્રસંગવશાત્ આટલું વિચાર્યા પછી હવે આપણે મૂળ વિષય તરફ વળીશું.

પાછળ જોયું તેમ મુનિ શ્રી છગનલાલજી તેમના જીવનનાં ૬૦ વરસ દરમ્યાન નવનવા અનુભવમાં અને પોતાને જણાયેલા સાચા કર્તવ્યમાં દિનપ્રતિદિન અસાધારણ વેગથી ગતિ કરી રહ્યા હતા. તેઓશ્રી જેમ જેમ

વિચારોમાં વધતા ગયા અને દેહની નિઃસારતા પિછાનતા ગયા તેમ તેમ આચારમાં પણ વધારે વેગથી પ્રવૃત્ત બની મુનિજીવનને યોગ્ય એવી આંતરબાહ્ય તપશ્ચર્યા તપતા હતા. આના પરિણામે દેહ જર્જરિત છતાં પ્રકાશિત જણાતો હતો. શારીરિક કરતાં માનસિક બલ વધારે દૃષ્ટિગોચર થઈ શકતું હતું. આ સમયે તેઓશ્રી શરીરે વૃદ્ધ હતા; છતાં મનઃસંયમને લીધે પ્રાપ્ત થયેલા આત્મબલના પ્રભાવે તપમાં એક સરખી રીતે જ ગતિમાન હતા એમ જણાવવામાં આવે છે. આ સમયે તેમનાં બહારનાં નેત્રો નિસ્તેજ બન્યાં હતાં અને તેથી તેઓશ્રી બીલકુલ જોઈ શકતા ન હતા. માથામાં પણ કોઇ કોઈ સમયે પુષ્કળ વેદના થતી. તેમની આવી સ્થિતિમાં તેઓશ્રી બહુ શાન્ત જણાતા અને એ સઘળું શાન્તિથી સહન કરી પોતાનાં કર્તવ્યોમાં પ્રમાદ કર્યા વગર એક સરખી રીતે રમમાણ રહેતા. તેમના શિષ્યશ્રીના પત્ર પરથી જાણવામાં આવ્યું છે, કે * સંવત

---

* આ હકીકત ' ત્રીજી વીશી ' ના કાળની છે; છતાં તે છપાઈ ગયા પછી પત્ર દ્વારા જાણવામાં આવતાં અહીં દાખલ કરવામાં આવી છે.

૧૯૫૬ની સાલમાં ગામ **મીરોલીમાં** ચોમાસું કર્યા પછી તેઓશ્રી અમદાવાદ વિહાર કરી આવેલા. અહીં કેટલાએકના આગ્રહથી તેમણે એક આંખમાંથી 'મોતીઓ' કઢાવેલો. આ પછી **પ્રાંતીજ**, ત્યાંથી **પાટણ** અને **વઢવાણ** એમ જુદાં જુદાં સ્થળોએ જુદા જુદા ચાતુર્માસમાં વિહાર કરી છેલ્લે ૧૯૬૦--૬૧ માં અમદાવાદમાં ચાતુર્માસ વિચરેલા. અહીં અર્ધું ચોમાસું વીત્યા પછી તેઓશ્રીની બીજી આંખે ઘણી ઝાંખ વળવા લાગી. આથી તે આંખમાંથી પણ 'મોતીઓ' કઢાવવાને કેટલાકે આગ્રહ કર્યો. આ સંબંધમાં તેમના શિષ્યશ્રી એક પત્રમાં લખાવરાવે છે, કે "બીજી આંખે ઘણી ઝાંખ પડી. ચોમાસા પછી બીજી આંખે અમદાવાદમાં ડાકતર ધનજીભાઇ અંકલેશ્વરીઆની પાસે મોતીઓ કઢાવ્યો તેથી શસ્ત્ર ઊંડો લાગવાથી આંખ પાકી ઉઠી. તેથી એ આંખે દેખાતું બંધ થઈ ગયું." આ પ્રમાણે ૬૧ મા વરસની શરૂઆતમાં તે આંખે અખમ થયા હતા. આથી આચાર્ય શ્રી **રઘુનાથજી મહારાજની** આજ્ઞાથી બહારનાં ક્ષેત્રોમાં વિહાર કરવાનું બંધ કરી અમદાવાદમાં શેઠ **પાનાચંદ** ઝવેરદાસવાળા વૃજલાલ મુગચંદની 'જૈનશાળા' ના ઉપ-

રના ભાગમાં સ્થિરવાસ કરી રહ્યા હતા. અહીં તેમની સેવામાં તેમના બે શિષ્યો રહેતા હતા.

આંખો જવાથી દેખીતી રીતે ઉપાધિ થઇ ગણી શકાય; છતાં કર્તવ્યપરાયણ પુરૂષો બહારથી જણાતી ઉપાધિને દુઃખ રૂપ નહિ માનતાં તેને આનંદથી વધાવી લે છે. સુખ દુઃખ પ્રતિ એવા પુરૂષોની વૃત્તિ સમાન હોય છે અને સઘળી સ્થિતિમાં તેમને સંતોષ જ હોય છે. કહ્યું છે કેઃ—

‘ संपत्तौविपत्तो च महतामेकरुपता ’

આ પ્રમાણે સંપત્તિવિપત્તિમાં તેમની સ્થિતિગતિ એક સરખી હોય છે એટલું જ નહિ; પરન્તુ પ્રાપ્ત સ્થિતિના સદુપયોગ વડે તેઓ પોતાની જાતને અનેક લાભો કરી શકે છે. બહારથી જણાતી વિપત્તિને એવા પુરૂષો કસોટી રૂપ લેખે છે અને તેથી પોતાના કર્તવ્યમાં વધારે દૃઢ બની પોતાની ગતિમાં વધારે વેગથી આગળ વધે છે, આ પ્રમાણે પ્રાપ્ત પ્રસંગના સદુપયોગ વડે પોતાની મૂળની ગતિમાં વધારો કરનાર પુરૂષ જ મહાપુરૂષની ગણનાને યોગ્ય ગણી શકાય અને એવા મહાપુરૂષો જ પ્રસંગના સદુપયોગ વડે સર્વ સ્થિતિમાં સુખી અને સંતોષી રહી શકે છે તેમજ

પોતાની ગતિના વેગમાં વધારો કરી અનન્ય લાભ મેળવે છે, રોમના મહારાજ માર્કસ ઍન્ટોનિનસ વદે છે, કે:—

" It—Atman (that which rules wethin) requires no definite material, but it moves towards its purpose, under certain conditions however; and it makes a material for itself out of that which opposes it, as fire lays hold of what falls into it, by which a small light would have been extinguished: but when the fire is strong, it soon appropriates to itself the matter which is heaped on it, and consumes it, and rises higher by means of this very material. "

આ કહેવાનો શબ્દાર્થ એવો છે, કે " મહાત્માને (રામવાનને) નિશ્ચિત સાધનની અપેક્ષા નથી, પરંતુ અમુક વૃત્તિથી તે નિજ અર્થ પ્રતિ ગતિમાન થાય છે; અને જે તેના વિરૂદ્ધ હોય છે તેને જ તે પોતાનું સાધન કરી લેછે.

જેમ અગ્નિમાં જે પદાર્થ પડે છે અને જે પદાર્થથી અલ્પ પ્રકાશ ઓલવાઇ પણ જાય–તે પદાર્થ ગ્રહીને તે સબલ અગ્નિ પોતાના ઉપર ખડકાયલા પદાર્થને પોતાના ઉપયો-ગમાં આણી લે છે, તે પદાર્થનું ભક્ષણ કરે છે, અને તે જ (વિરૂદ્ધ પદાર્થના જ) સાધનથી એ સબલ અગ્નિ વધી ઉદય પામે છે." *

અને, આ પ્રમાણે મુનિશ્રી છગનલાલજીના સંબંધમાં પણ એમ જણાવવામાં આવે છે, કે તેમની સ્થૂલ તરફની મમતા પ્રથમથી ઉઠી ગઈ હતી અને હવે તો દૃષ્ટિ સરખી પડવાનું પણ બંધ થઇ ગયું તેથી એકાગ્રતાની શક્તિ કેળ-વાતાં તેમના આંતરમાં પ્રકાશ પડેલો અને તે વડે પોતાની ગતિમાં ઘણા જ આગળ વધેલા. આ ઉપરાન્ત તેમની સ્મરણ શક્તિ પણ કંઇક સતેજ થયેલી. આ કહેવામાં સત્ય હોવું પણ સંભવે છે. બાહ્ય પદાર્થો વા સાધનો તરફ મૂળથી ત્યાગવૃત્તિ હોય અને એવી સ્થિતિમાં નેત્રથી નિહાળવાનું પણ અટકી જાય તો યોગના માર્ગમાં ગતિ કરી રહેલા

* " અસ્તોદય."

કર્તવ્યપરાયણ પુરૂષના મનની વીખરાઈ જતી વૃત્તિઓ પોતાના કર્તવ્યમાં અથવા 'લક્ષ્ય'ના કેન્દ્રમાં એકત્ર બની અંતરમાં અનેરા બલ અને પ્રકાશને ઉત્પન્ન કરે એ સ્વાભાવિક લેખાશે. અહીં તે એકાન્તિકના જેવું જીવન ગાળતા. શિષ્યની પાસે સૂત્રો વંચાવતા અને પોતે ધ્યાન-પૂર્વક સાંભળી તેનું અનન્યભાવે ચિંતન કરતા. આથી સ્મરણશક્તિ તેજ બની ઘણાં સૂત્રો જીવ્હાગ્રે થઇ ગયાં હતાં. કોઈ સમયે શ્રાવકશ્રાવિકાઓ વંદન કરવા આવતાં તો બહુ શાન્તભાવે કેટલાંક ઉપદેશાત્મક વચનો કહેતા. આ પ્રમાણે અહીં તેઓશ્રી ઘણા શાન્ત અને સરલ અંતઃકરણ સાથે ઘણી સાદાઇથી રહી શ્રવણ, પઠન, મનન, ધ્યાન અને તપસ્યામાં દિવસો નિર્ગમન કરતા હતા. તેઓ ઘણીવાર ધ્યાનમાં તલ્લીન બની રહેતા તો કોઈ કોઈ સમયે મોઢેથી સૂત્રોની સજ્ઝાય કરતા. તેમના શિષ્યશ્રી જણાવે છે, કે "ઉત્તરાધ્યયન તથા દશવૈકાલિક એ બે સૂત્રો તેમને મોઢે હતાં, અને તેઓ બે સૂત્રોની સજ્ઝાય કરતા હતા. × × દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયનનો મોઢેથી ઉપદેશ કરતા. બીજું સ્વભાવ અખમ થયા પછી ઘણો જ શાન્ત હતો.

એ બે સિદ્ધાન્ત ઉપરાંત સુયગડાંગજીના અધ્યયન તથા બીજા ગ્રંથો પણ તેમને મોઢે હતા."

મુનિશ્રી છગનલાલજી આ પ્રમાણે ધર્મ, ધ્યાન, તપ આદિ વિષયોમાં આગળ વધતાં તેમના અંતરમાં અનેરૂં બલ ઉમેરાતું જતું હોય એ સ્વાભાવિક છે. જેમ જેમ અંતરૂમાં બલ પ્રાપ્ત થતું જાય તેમ તેમ બહારની સ્થૂલતાની ઉપેક્ષા કરાય એ સંભવિત છે. મન અંતરના: વિષયોમાં રમતું થાય અને સ્થૂલ પ્રતિ ઉપેક્ષા કરાઇ બહારની મમતા ઉઠતી જાય તો તેને પરિણામે દેહાદિ સુખદુઃખો પણ તેમને કશી અસર કરી શકે નહિ એ સુસ્પષ્ટ છે. તેમની આવી સ્થિતિમાં તેમને આત્માની અનંતતાનું અને દેહની નિઃસારતાનું અધિક જ્ઞાન થયેલું અને તેના વિવેકે, અંતરૂના કોઇ અનેરા બલના પ્રભાવે આત્મા પરનો સ્થૂલ પડદો જે શરીર તેનો ત્યાગ કરવાના નિર્ણય ઉપર તેઓશ્રી આવ્યા હતા એમ તેમણે અંગીકાર કરેલી સંથારાની ધાર્મિક ક્રિયા ઉપરથી અનુમાની શકાય છે. આત્મજ્ઞાનની ઉન્નત સ્થિતિએ પહોંચ્યા પછી યોગી પુરૂષો શરીરને આત્મા સાથે કશો પણ સંબંધ હોય એવું માની કે જોઈ શકતા

નથી. આવી સ્થિતિમાં તેમને શરીર એ કેવળ ઝાંખરા રૂપ લાગે છે, અને તેથી આપણે જેમ આપણને વળગેલા ઝાંખરાને એકદમ દૂર કરીએ છીએ તેમ તેઓ પણ તે શરીર રૂપી ઝાંખરાને જેમ બને તેમ એકદમ દૂર કરવાને તૈયાર થઇ જાય છે. આ ઝાંખરૂં–આત્મા પરનો સ્થૂલતાનો પડદો જે શરીર—તેને ત્યાગ કરવાનો માર્ગ જુદા જુદા યોગી પુરૂષોનો પોતાના ધર્મ અથવા પંથની પ્રચલિત પ્રણાલિકાને અનુસરી જુદો જુદો હોય છે. કોઈ જળશાયી થાય છે તો કોઈ સમાત લે છે. જ્યારે બીજા કેટલાક પોતાના ઇષ્ટ કર્તવ્યના ધ્યાનમાં તલ્લીન બને છે. ખાનપાનાદિ શારીરિક વ્યાપાર બંધ કરી આત્મજ્ઞાનના પરમાનંદી અનુભવમાં લીન બની તેમાં જ વિરમે છે અને બાહ્ય ઉપાધિઓનો હમેશને માટે ત્યાગ કરે છે. આ માર્ગોમાંનો પોતાના ધર્મની પ્રચલિત પ્રણાલિકાને અનુસરી મુનિશ્રી છગનલાલજીએ છેલ્લો માર્ગ ગ્રહણ કર્યો હતો. સંવત ૧૯૬૮ના કાર્તિક શુકલપક્ષ એકાદશી ને ગુરૂવારને દિને છતી શક્તિએ, નીરોગી કાયાએ અને પોતાના અંતરની ઇચ્છાએ શારીરિક ખાનપાનાદિ વ્યાપાર બંધ

કરી પોતાના 'લક્ષ્ય'માં જાવજીવ સ્થિર બન્યા હતા. આ પ્રમાણે પોતાના ઇષ્ટ કર્તવ્યમાં ખાનપાનાદિ બંધ કરી જાવજીવ સ્થિર થવું તેને સંથારો કહેવામાં આવે છે.

તેમણે કરેલા **સંથારાના** સંબંધમાં કેટલાક શ્રાવક બન્ધુઓનું અને મુનિ મહારાજોનું કહેવું એવું થતું હતું, કે તેમને પોતાના કાળ કરવાના દિવસનું જ્ઞાન થયું હતું અને તેથી તેમણે આ અતિ મહાન્ વ્રત અંગિકાર કર્યું હતું. આ બાબતમાં શું સત્ય છે તે જાણવાને મુનિ શ્રી છગનલાલજીના શિષ્યશ્રીને પત્રદ્વારા વિનતિ કરી હતી; છતાં પત્રના ગેરવલ્લે પડવાથી વા ગમે તે કારણથી તેનો જવાબ મળી શકયો નથી, તેથી એ સંબંધે ચોકસ મત ઉચ્ચારી શકાય નહિ. વળી ગઇ કાલે જ એક મુનિ મહારાજે એવું જણાવ્યું, કે તેમને એક એવું સ્વપ્ન આવ્યું હતું, કે તેઓશ્રી સ્વભુજાથી સમુદ્ર પાર ઉતરી ગયા, અને તેથી આ સંસાર સાગરની પાર જવાનો કાળ નજીક જાણી તેમણે અનશન અંગિકાર કર્યું હતું. આ હકીકત સાચી પણ હોઇ શકે. આમ છતાં તેમનો તીવ્ર વિરાગ, કર્તવ્ય પ્રતિ હૃદયનો અસાધારણ વેગ, આસપાસના સંયોગોના સદુપયો-

ગવડે અંતરમાં પ્રાપ્તકરેલું અનેરૂં બલ, ધ્યાન, તપ અને એક રંગે રંગાયેલા રહેવાની તેમની અસલથી ચાલી આવતી વૃત્તિના પરિણામે તેમજ મુનિ ધર્મને યોગ્ય એવા શુદ્ધાચારોના સેવનથી તેમને આત્માની અનંતતા અને દેહની નિઃસારતા લક્ષમાં આવતાં, નિઃસારત્વને ત્યજી અનંતમાં ભળી જવાની ઇચ્છાને અનુસરીને એ મહાન્ અને દુરધિષ્ઠિત વ્રત અંગીકાર કર્યું હતું એમ માનવું વધારે સંભવિત જણાશે. પોતે અંગિકાર કરેલા આ વ્રત સંબંધે પ્રથમ તેઓશ્રીએ કોઇને જાણીતા કરેલા નહિ એટલું જ નહિ; પરન્તુ એવી રીતે ખાનપાનાદિ સઘળો વ્યાપાર બંધ કરી ધર્મધ્યાનમાં દિવસો ૧૧ વીત્યા છતાં તેમનામાં એક પણ એવો ફેરફાર જોઈ શકાતો નહતો કે જે પરથી આસપાસના અન્ય તેમની એ સ્થિતિ પરખી શકે વા એ સંબંધે પૂછવાની ઇચ્છા પણ કરે ! અગીઆર દિવસ પછી તેઓશ્રીએ જાતે પોતાની એ સ્થિતિથી પોતાના શિષ્યોને જાણીતા કર્યા અને ત્યારે જ તેઓ તથા તેમના દ્વારા અન્ય સઘળાઓ જાણી શકયા, કે મુનિશ્રી છગનલાલજીએ સંથારો કર્યો છે। પોતાની આ ખાનપાન વગરની સ્થિતિમાં તેઓ ઘણા શાન્ત અને સુખી

જણાતા હતા. તેઓ સૂત્રોની સજઝાયમાં, આત્મભાવની ભાવનામાં અને અન્ય શાસ્ત્રવિહિત ક્રિયાઓમાં દિવસો વ્યતિત કરતા હતા. ભૂખ તરસથી થતી એવી લેશ પણ અસર તેમના આંતરમાં અને તેથી જ શરીર ઉપર જોઇ શકાતી નહોતી ! આથી ઉલટું તેઓ વધારે તેજસ્વી, દૃઢ અને ધર્મવીર જેવા ભાસતા હતા, કર્તવ્યરત આત્મજ્ઞાની પુરૂષોના આત્મામાં જ કોઈ એવું અનેરૂં બલ ઉત્પન્ન થાય થાય છે, કે તેમને ભૂખ તરસ વા હરકોઇ પ્રકારની શારીરિક ઉપાધિની લેશ પણ અસર થતી નથી. પોતાના કર્તવ્યમાં બરાબર સ્થિર થયા સિવાયના અને તપ આદિ પરિષહોના સેવનથી મનઃસંયમ સાધી આંતરમાં અનેરૂં બળ મેળવ્યા વગરના એવા કેટલાક દુરાગ્રહ વા અન્ય કોઇ કારણને લીધે આ પ્રકારની ક્રિયામાં પ્રવૃત્ત થતાં જે કષ્ટ ત્રાસ આદિ અનુભવે છે અને ભૂખતરસથી થતી વ્યાધિથી તરફડીઆં અને બૂમો મારતા સાંભળવામાં વા જાણવામાં આવે છે તેમાંનું કાંઇ પણ આવા દૃઢ, સબળ અંતઃકરણના અને ધર્મરત પુરૂષોના સંબંધમાં બનવા પામતું નથી. તેઓ તો આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં સ્થૂલતાનો ભોગ

આપવાને પ્રસંગે 'ઇષ્ટ પ્રાપ્તિ'માં તદ્દાકાર હોઇ ઘણા શાન્ત, સુખી અને પરમાનંદી જ ભાસે છે. આપણામાંના ઘણાના સ્મરણમાં હોવું ઘટે છે, કે રૂશિયા સાથેના જાપાનના યુદ્ધના પ્રસંગે કેટલીક સ્ટીમરો દરિયામાં ડૂબાડી દેવાની જાપાનીઓને જરૂર પડી ત્યારે તે સ્ટીમરો સાથે ડૂબવાને તૈયાર એવા કેટલાએક સ્વયંસેવકોની મીકાડોએ અરજીઓ માગી હતી. આ પ્રસંગે દેશસેવાના યજ્ઞમાં પોતાની જાતનું બલિદાન આપવાને તૈયાર એવા ઘણા વીર પુરૂષોએ અરજીઓ કરી હતી; છતાં તેમાં વધારે નવાઈ ભરેલું તો એ હતું કે તેમાંના કેટલાએક તે અરજીઓ શરીરના લોહીથી લખી હતી ! ! વળી જીવતા માણસના પ્રયોગની ખાતર અમેરિકાના કેટલાએક શારીરશાસ્ત્રીઓએ જીવતા માણસની છાતી ચીરવાની જરૂર વિચારી તે પ્રસંગે અનેક અમેરીકનો પોતાની છાતી ચીરાવવાને તૈયાર થઇ ગયા હતા !! આ દૃષ્ટાંતોમાં બહારથી જોતાં પ્રત્યેકના કર્તવ્યની દિશા જુદી જુદી જણાય છે; છતાં એ પરથી એટલું તો જોઇ શકાય, કે પોતાને જણાયેલા સાચા કર્તવ્યમાં શરીરનો ભોગ આપતાં કર્તવ્યપરાયણ પુરૂષોને બિલકુલ વ્યથા કે દુઃખ ન થતાં ઉલટો આનંદ અને સંતોષ જ થાય છે. બીકણ અને કર્ત-

બ્યવિમુખ પુરૂષોના મનમાં એવો ખ્યાલ જ આવતો નથી, અને કદાચ દેખાદેખી કરવા જાય તો એવી સ્થિતિમાં દુઃખ અને તરફડાટનો અનુભવ કરતા જોઈ શકાય છે. આવી સ્થિતિને ભાગ્યે જ કર્તવ્યપરાયણતા વા આત્માનુભવ કહી શકાય. એને તો આત્મા પરનો બળાત્કાર જ કહેવો ઉચિત જણાશે. મુનિશ્રી છગનલાલજીની આ છેવટની અને ધર્મમાર્ગની દિશામાં કરાયેલી પ્રગતિ તેમના આત્માનુભવનું પરિણામ હતું એમ તેઓશ્રીની અત્યાર સુધીની સ્થિતિ પરથી જોઇ શકાય, અને તેથી તેમને એવે પ્રસંગે કેવળ શાન્તિ, સુખ અને સંતોષનો જ અનુભવ થાય એ સ્વાભાવિક જણાશે. આ કંઈ કેવળ કલ્પના કે અનુમાન નથી; પરન્તુ તેમની સ્થિતિ ખરેખર તેવી જ હતી એમ તેમનાં તે સમયે દર્શન કરનાર પ્રત્યેક વ્યક્તિને સારી રીતે વિદિત હોવું સંભવે છે. એક અંગ્રેજી સ્કુલના શિક્ષક કે જેઓ વૈષ્ણવ મતાનુયાયી છે તેમને, મ્હેં એવું કહેતાં સાંભળેલા, કે મારા એક મિત્ર ( વૈષ્ણવ ધર્મના અને એક સ્ટેટમાં પ્લીડર છે તે) આ મુનિશ્રીને જોવા ગયેલા અને તે કહેતા હતા કે તેમના મુખ ઉપર ભૂખતરસની લેશ પણ અસર ન જણાતાં ઉલટો કંઇ અનેરો પ્રભાવ જ દૃષ્ટિગોચર થઈ શકતો હતો. મુખ બિલ-

કુલ મ્લાન ન હોતાં પરમ તેજસ્વી હતું અને કેવળ શાન્ત જણાતા હતા ! અને ખરેખર ! તેમ જ હતું. સાચા જણાયેલા કર્તવ્ય પ્રતિ સઘળા વેગથી અને સ્થૂલતાની દરકાર વગર ગતિ કરનારને આનંદ અને સંતોષ સિવાય બીજું શું હોવું સંભવે છે ?

આ પ્રમાણે પોતાની અંતર્ગત ઇચ્છા, નીરોગી કાયા, બાધાપીડા રહિત સ્થિતિ અને છતી શક્તિએ **અનશન—જાવજીવ સંથારો**—કર્યાની વાત ચારે તરફ ફેલાતાં જુદાં જુદાં સ્થળોનાં શ્રદ્ધાળુ જનો તેમના દર્શનાર્થે અને વંદનાર્થે જથાબંધ આવવા લાગ્યાં. આ પ્રમાણે ખાસ કરીને મુંબાઈ, સુરત, વડોદરા, પાછીયાપુર, ઇટોલા, પઇજ, મીરોલી, પાલડી, વીસલપુર, ગોધાવી, સાણંદ, સરખેજ, પ્રાંતીજ, કડી, કલોલ, ચોરવડોદરા, ઇયાવા, વિરમગામ, રામપુરા, લખતર, થાન, વઢવાણકાંપ, વઢવાણશહેર, રાણપુર, લીંબડી, આદિ કાઠિયાવાડનાં અન્ય સ્થળો મળી સમસ્ત ગુજરાતનાં જુદાં જુદાં સ્થાનોનાં શ્રદ્ધાળુ જનો તેમનાં દર્શ-નાર્થે ઉપરાઉપરી આવવા લાગ્યાં હતાં. તેમની શક્તિ, સ્થિતિ અને શાંત વૃત્તિ જોતાં સર્વ કોઇને સાશ્ચર્ય પૂજ્યભાવ પેદા

થયા વગર રહેતો નહિ. વળી કેટલાક વિચારશીલ પુરૂષોને ધાર્મિક વૃત્તિમાં અચલ અને અડગ બની આગળ ને આગળ ગતિ કરી રહેનારમાં કેવું અને કેટલું બળ પેદા થાય છે, શરીર એ જડ અને નશ્વર છે અને આત્મા એ અનંત અને ચેતનમય છે, આત્મબળ એજ ખરૂં બળ છે અને આત્મ સુખ એ જ ખરૂં સુખ છે એ વગેરે બાબતોનું અધિ· કારાનુસાર જ્ઞાન થાય એ સ્વાભાવિક છે. વળી આ સર્વ જુદાં જુદાં સ્થળોનાં સ્વધર્મી જનોની સગવડની ખાતર અમદાવાદના સદ્ધર્મી શેઠ શ્રી પાનાચંદ ઝવેરદાસના વંશ-જોએ ભારે શ્રમ ઉઠાવ્યો હતો અને તેમને ખાવાપીવા માટે તેમના તરફથી રસોડું ખોલવામાં આવ્યું હતું. આ વખતનો સઘળો દેખાવ કંઇ અનેરો જ ભાસતો હતો, અને સર્વ સ્વધર્મી બન્ધુઓના અંતઃકરણમાં જાણે અજાણે ધર્મની ભાવનાઓ જોરથી પેદા થયેલી જોઇ શકાતી હતી. આ સઘળા પ્રસંગે મુનિશ્રીનું મન પોતાના ઇષ્ટ કર્ત વ્યમાં સ્થિર થયેલું જણાતું હતું અને ઘણી શાન્તિથી કાયાના કોઇ પણ પ્રકારના કલેશરહિતપણે ધર્મવિહિત આચારો સેવતા જણાતા હતા. કોઈ વખતે આત્મામાં કંઈ

અનેરૂં ચેતન ઉભરાઇ જતું હોય તેમ હૃદયમાંથી ઓચીંતું ખુલ્લા સ્વરે સૂત્રગાન સરી પડતું હતું અને તેમાં જ તેમના આત્મબળની અધિકારી જનોને ઝાંખી થઈ શકે. આ પ્રકારે ઉત્તરાધ્યયનનું અગીઆરમું અધ્યયન તેઓ પૂર્ણ મનોબળથી ૩૫ મે દિવસે ફેરવી ગયા હતા એમ કુલાલ મુકામે એક મુનિ મહારાજે જણાવ્યું હતું. આ રીતે ધર્મ, ધ્યાન અને આત્મજ્ઞાનમાં મગ્ન બની જીનેશ્વર ભગવાનના અનન્ય ચિંતનમાં બીજી પાંચ રાત્રિ વ્યતિત કરી એકંદરે ચાળીસ અહોરાત્રિના અનશન વડે મહાભાગ મુનિશ્રી છગનલાલજી એ સંવત ૧૯૬૮ ના માર્ગશીર્ષ વદિ ૭ અને મંગળવારે અવશ્ય નશ્વર દેહોપાધિનો આત્માની પૂર્ણ શાન્તિપૂર્વક ત્યાગ કર્યો. તેઓશ્રી આત્મા પરના સ્થૂલ પડને ભેદી જગતને આત્માની અનંતતા અને દેહની નિઃસારતાનું, ખરા સુખનું અને સાચા કર્તવ્યનું જ્ઞાન આપી જીનેશ્વર ભગવાનમાં વૃત્તિવૃંદને સ્થિર કરી સમાધિ સ્થિતિ પામ્યા અને યશદેહે ચીરંજીવી થયા. પોતાને સાચા જણાયેલા કર્તવ્યમાં શરીરનું પ્રદાન કરી ચારે તરફ આર્હત્ ધર્મની વાહ! વાહ! કહેવરાવી–વિજય પતાકા ફરફરાવીને–અને શ્રદ્ધાળુ જનોનાં અંતઃકરણોમાં ધર્મની

ભાવના વધારે દૃઢ અને સતેજ કરીને મુનિધર્મની કૃતાર્થતા સાધી આત્મસ્વરૂપે સ્થિર થયા. આ સમાચાર આખા શહેરમાં વીજળી વેગે પ્રસરી રહેતાં ધર્મનો ઉદ્યોત્ કરી આર્હત્ ધર્મની પવિત્ર ભાવના ચારે તરફ ફેલાવી સર્વના અંતઃકરણમાં તેને સતેજ અને દૃઢ કરનાર કૃતપૂર્ણ મુનિશ્રીની સમાધિ સ્થિતિનાં દર્શન કરી પાવન થવાને માટે હજારો શ્રદ્ધાળુ જનો પુરજોરમાં ત્યાં ધસી આવ્યાં. તેમજ આસપાસનાં નજીકનાં ગામોમાંથી પણ ઘણાં માણસો આવી ત્યાં એકત્ર થયાં. મુનિશ્રીની શાન્ત અને પ્રકાશિત પ્રતિમાના અવલોકનાર્થે માણસોમાં પરસ્પર જબરી પડાપડી થઇ રહી. છેવટે સઘળું શાન્ત થતાં બીજે દિવસે સવારના સાડા દશ વાગે મુનિશ્રીના અચેતન છતાં ધન્ય દેહને જરીયાનથી મઢેલી એવી સુંદર પાલખીમાં પધરાવી લગભગ ૪૦૦૦ માણસોના સમુદાય સહિત નિર્ણિત સ્થળે લઈ જવામાં આવી હતી. અહીં મુનિજીવનને યોગ્ય એવા સઘળા સંસ્કારો કરવામાં આવ્યા હતા. આ પહેલાં રૂઢી પ્રમાણે ઉછામણી કરવામાં આવી હતી અને તેમાં ત્રણ હજાર રૂપિયા એકઠા થયા હતા. આમાંથી જાહેર રસ્તે સમસ્ત

પ્રજામાં કેટલાક રૂપિયા ઉછાળવામાં આવ્યા હતા. વળી આ ઉપરાન્ત આખા શહેરમાં પાખી પાળવામાં આવી હતી. આ પ્રમાણેની ક્રિયામાં પોતાને કૃતકૃત્ય માનીને અને હૃદય-બલના પ્રમાણમાં ધર્મની ભાવના અંતઃકરણમાં સ્થિર કરીને આ મુનિશ્રીની મહાનુભાવતાના વિચારોમાં સર્વ પોત-પોતાને સ્થાને વિસર્જન થયાં હતાં.

આ પ્રમાણે આ મુનિશ્રીના જીવનનો અહીં અંત આવતો જોઇ શકાય છે; છતાં તેમના ગુણ, કર્મ અને શીલનું તેઓશ્રી આપણી સમક્ષ એવું ઉચ્ચ દૃષ્ટાંન્ત મૂકી ગયા છે કે તે ઉપરથી તે હમેશને માટે જીવતા જ છે, એમ ભાગ્યે જ લાગ્યા વિના રહેશે. તેઓશ્રીના જીવન ઉપરથી સ્પષ્ટ થતા તેમના હૃદયના ઉમદા સદ્‌ગુણો, ધર્મ ઉપરની અનન્યભાવના અને કર્તવ્યમાં સર્વસ્વનો ભોગ આપવાની અસાધારણ શક્તિ તેમને મુક્ત બનાવી અન્યને મુક્તિના માર્ગનું સૂચન કરતાં કાયમનાં બન્યાં છે અને તેમાં જ એ મહાપુરૂષની મહાનુભાવતા—અમરતા—સ્પષ્ટ થઇ શકે. આવા પુરૂષોનું મરણ તે અમરણ છે અને તેઓ એક જમાનામાં મરી અનેક જમાનાના

મનુષ્યોને ઉન્નત જીવનની ઝાંખી કરાવતા જીવતા છે. આવા પુરૂષોને સહસ્ત્રધા ધન્ય છે ! અને છેવટે આપણે અમેરિકન કવિ લોંગ ફેલોની સાથે સમ્મત થઇ ઉચરીશું કે:—

"Lives of great men all remind us
We can make our lives sublime."

*Longfellow.*

" મહાપુરૂષોનાં ચરિત્રો આપણને બોધ આપે છે, કે આપણે પણ આપણાં જીવનને ઉન્નત કરી શકીએ એમ છે."

# પ્રકરણ ૬ ઠું.*

## આત્મઘાત કે આત્મોદ્ધાર ?

"જે મહાત્મા સ્વકૃત્યોમાં પોતાના અવશ્ય નશ્વર શરીરનું પ્રદાન કરીને સુકૃતિ થાય છે તેજ એક શતકમાં મરીને અનેક શતકોમાં અમર થાય છે. તેનુંજ મરણ સફળ મરણ વા અમરણ છે."

'અસ્તોદય.'

---

* 'ઉપોદ્ઘાત'માં જણાવ્યા પ્રમાણે આ પુસ્તક પાંચ ભાગમાં જ પૂર્ણ કરવાની ધારણા રાખી હતી અને તે પ્રમાણે સમસ્ત 'મુનિજીવન' પાંચ ભાગમાં જ પૂર્ણ થાય છે. આમ છતાં લોકોમાં સંથારાની ક્રિયા માટે અન્યથા ચાલતા વિચારો ઉપરથી આ એક પ્રકરણ ઉમેરવાની જરૂર જણાતાં તેમ કરવામાં આવ્યું છે.

આ પ્રમાણે વિચારતાં ધર્મ્યે મનાતી ક્રિયાને અંગીકાર કરી સ્વકર્તવ્યમાં જાતનું બલિદાન આપી આત્મસ્વરૂપે સમાધ સ્થિતિ પામી મુનિજીવનની કૃતાર્થતા કરનાર મુનિશ્રી છગનલાલજીનું મરણુ તે ખરેખર! અમરણુ જ ગણુી શકાય. મહાપુરૂષોથી આચરિત એવા આ સંથારા-અનશન વ્રત–ને ધારણુ કરી દેહનો ત્યાગ કરવો અને આત્મસ્વરૂપે સ્થિર થવું એ જૈનધર્મશાસ્ત્રોમાં ઘણું ઉંચું કર્તવ્ય મનાતું આવ્યું છે. આમ છતાં તે દુરધિષ્ઠિત હોઇ સઘળાઓને એવી રીતે દેહનો ત્યાગ કરવો એ સુસાધ્ય હોતું નથી. મનઃસંયમ વડે વૃત્તિઓને સાચા કર્તવ્યમાં એકાગ્ર કરી અંતરમાં અનેરૂં બલ પ્રકટાવ્યા વગર કેવળ હઠ વા દુરાગ્રહ કે બહારના કોઇ હેતુ વશાત્ પોતાની શક્તિને પિછાનવા તરફ દુર્લક્ષ કરી આ પ્રકારે દેહ ત્યજવા ઉદ્યુક્ત થવું તે કોઈ પણ પ્રકારે ઇષ્ટ ગણુી શકાય જ નહિ. આંતરમાં અનેરૂં બલ પ્રકટે અને શારીરિક પરિષહો લેશ પણુ અસર કરી શકે નહિ એવી સ્થિતિમાં એ વ્રત અંગિકાર કરી ઇષ્ટ કર્તવ્યમાં લીન બની (બાહ્ય વ્યાપાર ત્યજીને) તેમાંજ પૂર્ણ થવામાં એ ક્રિયાની અને મનુષ્ય

જીવનની સાર્થકતા સિદ્ધ થઇ શકે. આમ છતાં કેટલાકની માન્યતા આ સંબંધમાં કેવળ જ વિપરીત ભાસે છે અને ગમે તેવી સ્થિતિમાં પણ આ પ્રકારે દેહને છોડવો તે કોઇપણ રીતે ઉચિત નથી એમ તેમનું બહુધા માનવું હોય છે. વળી આવી રીતે દેહ છોડવાને તેઓ ખુલ્લે મોઢે 'આત્મઘાત' તરીકે જાહેર કરતાં સાંભળવામાં આવ્યા છે તો આ વિચારોમાં કેટલું સત્ય છે તે આ સ્થળે વિચારવું અપ્રાસંગિક લેખાશે નહિ જ.

આ બાબતનો વિચાર કરતાં પ્રથમ તો 'આત્મઘાત' કોને કહી શકાય તે વિચારવું જરૂરનું છે. સામાન્ય રીતે વિચારતાં સ્પષ્ટ થઇ શકે, કે સારાસારના વિવેકનું ભાન ભૂલી મનની કોઇ અધમ વૃત્તિઓને અધીન બની બળાત્કારે શરીરનો ત્યાગ કરવો તેને જ આત્મઘાત નામ આપવું ઉચિત છે. આત્મઘાત કરવાની સ્થિતિમાં મનના માલિકનો તેના મન પરનો કબજો ઉઠી ગયેલો હોય છે અને તે ક્ષુદ્ર એવા કોઇ સ્થૂલ વિષયોના પાશમાં ફસાઇ પડેલો હોઇ દુઃખપૂર્ણ હૃદયે સ્થૂલ સાધનોના ઉપયોગ વડે જીવનનો અંત આણે છે. આથી ઉલટું સંથારો ધારણ કરનારની સ્થિતિ

કેવળ જુદી જ જાતની હોય છે. તેનો તેના મન ઉપર સંપૂર્ણ કાબુ હોય છે, અને શરીરને ત્યાગ કરવાની તેની ભાવના સારાસારના વિવેકે ઉદ્‌ભવેલી હોય છે. આત્માની અનંતતા અને દેહની નિઃસારતાના સાચા જ્ઞાનમાંથી તેમનો અંતરાત્મા તેમને એ કાર્યમાં પ્રેરે છે, અને તેને પરિણામે આત્મઘાતી પોતાની અંતની ઘડીમાં જે દુઃખનો અનુભવ કરે છે તેમાંનું તેમને કંઇ પણ ન જણાતાં કેવળ શાન્તિ અને આનંદની વચ્ચે તેઓ શરીરનો ત્યાગ કરતા માલૂમ પડે છે. આપણે ઘણીવાર એવાં અનુમાનો પર દોરાઈ જઈએ છીએ (કે જે આપણી સ્થિતિમાં દોરાઇ જવું સંભવિત છે.) કે આત્મઘાતી પોતાના શરીરનો ત્યાગ કરતાં જે પરમ કષ્ટતમ સ્થિતિ અનુભવે છે તેવી જ સ્થિતિ ભૂખતરસ આદિના દુઃખથી આવા અનશનધારી પુરૂષોની પણ થવી સંભવિત છે; છતાં આપણી આ કલ્પના કેવળ અનુભવ વગરની દશામાંથી જન્મેલી હોય છે અને તેથી તેમાં કિંચિત પણ સત્ય હોવું સંભવતું નથી. પોતાને જણાયેલા સાચા કર્તવ્યમાં રત થયા પછી કર્તવ્યપરાયણ પુરૂષોને બાહ્ય ઉપાધિ લેશ પણ સ્પર્શ

કરી શકતી નથી. ખરી વાત છે, કે ભૂખતરસને લીધે શરીર ઉપર જે અસર થવી સંભવિત છે તે તો થાય જ; છતાં એવે પ્રસંગે દેહધારીનું લક્ષ પોતાના ઇષ્ટ કર્તવ્યમાં લીન હોવાથી દેહને થતા અનુભવોનો પોતે લેશ પણ અનુભવ કરી શકતા નથી ! આમ થવાનો આધાર પ્રત્યેક પુરૂષની ધ્યાનલીનતા ઉપર હોય છે. કર્તવ્યના કેન્દ્રમાં વૃત્તિઓ પૂરે-પૂરી રીતે એકાગ્ર થઇ હોય તો દેહ પરની અસરોનું બીલ-કુલ ભાન થતું નથી અને જો વૃત્તિઓ વિખરાતી હોય તો તેની ચંચળતાના પ્રમાણમાં દેહાદિ દુઃખસુખનો અનુભવ દેહ-ધારીને થતો જોવામાં આવે છે. દેહ એ સ્થૂલ છે–જડ છે–અને દુઃખસુખાદિનું ભોક્તા મન છે. આથી મનની સ્થૂલ તરફની મમતાના પ્રમાણમાં જ સ્થૂલ પર થતી અસરો મન અનુભવી શકે. જ્યારે મનની સ્થૂલ ઉપરની તમામ મમતા ઉઠી જાય અને પોતાને જણાયેલા કોઈ સાચા કર્ત-વ્યમાં તે લીન થઇ જાય ત્યારે તેને સ્થૂલતા પરની અસરોનો લેશ પણ અનુભવ ન થાય એ સુસ્પષ્ટ છે. આમ છતાં આપણને એવી સ્થિતિમાં પણ જીવને ત્રાસ અને દુઃખ થાય એવું જે લાગે છે અને તેના પરિણામે તેને આત્મઘાત

કહેવાને તત્પર થઇએ છીએ તેનું કારણ સુખદુઃખાદિનું ભોક્તા મન નહિ; પરન્તુ શરીર છે એમ માનવાને આપણે ટેવાઇ ગયેલા છીએ તે જ છે. ખરી હકીકત એ જ છે, કે સર્વ પ્રકારની સ્થિતિનો અનુભવ કરનાર મન છે અને તેની ગેરહાજરીમાં, સ્થૂલ ઇંદ્રિયો પરની અસરોથી કર્તવ્યમાં ધ્યાન નિમગ્ન થયેલા પુરૂષો કેવળ બેમાલૂમ હોય છે. યુદ્ધમાં ઝૂઝતા વીર પુરૂષની સ્થિતિ પરથી જાણી શકાય, કે કેવળ કર્તવ્યમાં ધ્યાનનિમગ્ન થયેલું તેનું મન તેના શરીર પરના અગણિત જખમોનો લેશ પણ અનુભવ કરતું નથી એટલું જ નહિ; પરન્તુ ધડથી માથું જુદું થતાં સુધી તેને મરણનો બિલકુલ ખ્યાલ ન હોતાં ધડ અને માથું અમુક સમય સુધી એક સરખી સ્થિતિમાં ઝૂઝતાં ઇતિહાસ ઉપરથી જોઇ શકાય છે !! તેમની આ સ્થિતિનો આપણી અનુભવ વગરની દશામાં આપણને શી રીતે ખ્યાલ આવી શકે ? આમ છતાં આપણને આપણા જીવનના પ્રસંગોમાં પ્રાપ્ત થતા નાના નાના અનુભવો ઉપરથી ખ્યાલ આવી શકે, કે મનની કોઈ પણ વિષયની એકાગ્રતાને પ્રસંગે આપણને આપણી આસપાસની સ્થિતિનું કે

શારીરિક શ્રમનું લેશ પણ ભાન હોતું નથી. નાટક વિષયે એકાગ્ર થયેલા મનવાળો પુરૂષ ઉંઘનું દુઃખ જરા પણ જાણી શકતો નથી અને વ્યાપારના લાભ પ્રતિ દોરાયેલા મન વાળા પુરૂષને અનેક વખતની દોડાદોડથી શરીરને પડતા પરિશ્રમનો લેશ પણ ખ્યાલ હોતો નથી. આમ છતાં આપણું ધ્યાન ક્ષણિક હોય છે અને આત્મભાવે રમમાણ કરી રહેલા પુરૂષોના ધ્યાનની એકાગ્રતા ઘણી લાંબી મુદ્દતની અને અનેરી જ હોય છે, અને તેથી તેઓ બાહ્ય ઉપાધિની લેશ પણ અસરને પોતાના આંતરમાં સ્પર્શ થવા ન દેવાને ટેવાઇ ગયેલા હોય એ સ્વાભાવિક જણાશે. આ રીતે વિચારતાં આત્મા અને શરીરના વિવેક વડે **અનશન વ્રત** અંગિકાર કરી સ્થૂલનો ત્યાગ કરવા ઉદ્યુક્ત થનાર પુરૂષને ભૂખ–તરસ આદિથી થતી શરીર પરની અસરનો કોઇ પણ પ્રકારે અનુભવ થાય નહિ અને કષ્ટાદિ ભોગવવાં પડે નહિ એમ લાગ્યા વિના રહેશે નહિ. એક પ્રસિદ્ધ વિદ્વાન્ પોતાના સુપ્રસિદ્ધ પુસ્તક દ્વારા યથાસ્થિત જ કહે છે, કે " **જે મહાજનો ધર્મ જ્ઞાનમાં દૃઢ હોય છે, તેઓની સુખિતા શાન્તા સ્થિતિ નિઃસંશય સ્પૃહણીયા છે.**

નાના પ્રકારનાં સુખદુઃખો તેઓને સર્વ પાસથી વીંટી લેતાં જણાય છે; પરન્તુ તે સુખદુઃખો બહિર્ ભ્રમે છે. તે બાહ્ય સુખદુઃખોને જગત દેખે છે, અને તેથી જગત તેઓના વિષે અનેક સંકલ્પ વિકલ્પ કરે છે, અને વિવિધ પ્રકારના તેઓના વિષે વિચાર કરે છે પરંતુ તે સમયે ધર્મદૃઢ જ્ઞાનીનાં અંતઃકરણ સદ્ગુણની છાયા નીચે પ્રવાહપતિત સ્વકૃત્યો કરતાં પરમાત્મામાં રમી રહેલાં હોય છે. બાહ્ય ઉપાધિ તથા તજ્જન્ય ક્લેશ તેઓના ચિત્તને ભેદી ત્યાં સ્થિર રહી શકતાં નથી." * ખરેખર કર્તવ્યમાં આરૂઢ થયેલા પુરૂષોની સ્થિતિ આવી જ હોય છે અને પોતાને જણાયેલા સાચા કર્તવ્યમાં શરીરાદિ સ્થૂલતાનો ભોગ આપતાં જગત્‌ની વિવિધરંગી કલ્પનાઓ પ્રમાણે તેમને લેશ પણ કડવો અનુભવ થતો નથી. એવી સ્થિતિમાં તેઓ, આપણે ન કલ્પી શકીએ તેટલા સુખી અને સંતોષી હોય છે. આ પ્રકારના સુખ અને સંતોષની પ્રાપ્તિમાં લાંબા કાળથી ધર્મ્ય ગણાતી ક્રિયાના સેવનને મન ગમતી

---

* 'અસ્તોદય.'

કલ્પના કે, જે અનુભવ વગરની સ્થિતિમાં ઉત્પન્ન થવી સંભવિત છે તેને અધીન બની આત્મઘાત કહેવાનું સાહસ કરવું એ કોઇ પણ પ્રકારે વાજબી લેખી શકાય? મન: સંયમથી પ્રાપ્ત થયેલા આંતરબલના પ્રભાવે શરીર અને આત્માનો ભેદ પામી પોતાના આત્માના આવરણ શરીરને ઝાંખરાવત્ ગણી તેનો ત્યાગ કરવાની ધર્મક્રિયાને અંગિકાર કરી તેમાં જ પૂર્ણ થનાર મુનિશ્રી છગનલાલજીના કૃત્યને આત્મઘાત નામ આપવું એ શું ઉચિત છે? આવી ક્રિયા એ ધર્મ્ય ગણાય છે અને તેના સેવનમાં કૃતકૃત્ય થનારની હમેશાં સુગતિ સંભવે છે એમ ધર્મશાસ્ત્રો જોરથી પુકારી રહ્યાં છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે, કે:—

**" तवो गुणपहाणस्स, उज्जुमइखंति संजमरयस्स।**
**परीसहे जिणं तस्स, सुलहा सुगइ तारीसगस्स॥"**

" જે મુનિ છટ્ઠ અટ્ઠમ વગેરે તપના ગુણથી પ્રધાન હોય, જેની બુદ્ધિ મોક્ષ માર્ગમાં તત્પર હોય, જે ક્ષમા વિગેરે સત્તર પ્રકારના સંયમને ધારણ કરનાર હોય અને જે ક્ષુધાતૃષા વિગેરે પરિષહોને જીતનાર હોય, તેવા

મુનિને મોક્ષરૂપ સુગતિ સુલભ થાય છે. ” આ પ્રમાણે ક્ષુધાતૃષાના પરિષહોને જીતી કર્તવ્યની પાર જવાની ધર્મ્ય ગણાતી ક્રિયા કે જેના સેવન થકી મુનિજીવનનો ત્રીજા ભવે અવશ્ય મોક્ષ થવાના ધર્મશાસ્ત્રમાં ઉલ્લેખો છે તેને આત્મઘાત કહેવાનું સાહસ કરવું એ વસ્તુસ્થિતિની ગેર-સમજનું જ પરિણામ હોય એમ લાગે છે.

વળી પોતાને જણાયેલા સાચા કર્તવ્યમાં શરીરાદિ સર્વ-સ્વનો ભોગ આપવાની જરૂર જણાતાં તેમ કરનારના કૃત્યને જો આત્મઘાત ગણવામાં આવે તો દેશના, ધર્મના અને પ્રજાના સંરક્ષણાર્થે ક્ષાત્ર હૃદયથી પોતાનો જીવ અર્પનાર પુરૂષો પણ આત્મઘાતીની ગણતીમાં કેમ ન ગણાય? એવા પુરૂષો પણ પોતાને સાચા જણાયેલા કર્તવ્યમાર્ગમાં, એ જ માર્ગના પ્રથમના પ્રવાસીની ગતિને અનુસરી શરીરનો આનંદ અને સંતોષની વચ્ચે ત્યાગ કરતા માલૂમ પડેછે અને તે તેમની કર્તવ્ય પરાયણતાનું જ પરિણામ લાગે છે. બન્ને માર્ગના પ્રવાસીઓની દિશા, જો કે ઉપરથી જોતાં–નિરં-નિરાળી જણાય છે; છતાં પરિણામ તો એક સરખું જ આવેછે અને તે એ, કે આનંદ અને સંતોષની વચ્ચે તેઓ શરીર-

નો ત્યાગ કરે છે। આમ છે તો તે બન્નેને પણ એકજ કોટિમાં કેમ ન ગણાય ? આપણે દેશ વા ધર્મના રક્ષણાર્થે પ્રાણ અર્પનાર પુરૂષને ધન્યવાદ આપીએ છીએ અને તેના કૃત્યને એક દૈવી કૃત્ય તરીકે સ્વીકારી તેને મહાપુરૂષની કોટિમાં ગણીએ છીએ. જ્યારે બીજા તેવા જ; છતાં કર્તવ્ય દિશાના ફેરફારને લીધે પોતાને જણાયેલા સાચા કર્તવ્યમાં ધર્મમાર્ગને અનુસરી અંતરના અનેરા પ્રભાવે (પ્રથમ પ્રકારના પુરૂષો કરતાં જુદી રીતે) શરીરનો ત્યાગ કરનાર સાધુ પુરૂષના કૃત્યને આત્મઘાત જેવું અધમ નામ આપવું એ શું ઘટિત છે ? કદાચ એમ જણાવવામાં આવે, કે દેશ વા ધર્મના રક્ષણાર્થે પ્રાણ અર્પનાર અન્યના ભલા માટે કર્તવ્ય સમજી તેમ કરે છે અને તેના એ કૃત્યથી સમસ્ત દેશને મહાન્ લાભ થાય છે. આ કહેવું સર્વાંશે સત્ય છે; છતાં આ પ્રકારે દેહનો ત્યાગ કરનાર માત્ર પોતાને જ ઉપકારક છે અને અન્યને તેના એ કૃત્યથી કશો જ લાભ નથી એમ કહેવું એ તો છાછરા અને અધુરા વિચારનું જ પરિણામ જણાશે. એક મનુષ્યના પૂર્ણત્વ તરફ પહોંચવાના પ્રયત્નો ઉપરથી મનુષ્ય આત્મામાં રહેલા અગાધ બળની ઝાંખી થતાં તે જગતને કેટલો બધો ઉપકારક છે તે સુવિચારશીલ

પુરૂષને સહજગમ્ય છે. પોતાની જાતના અસાધારણ પ્રયત્નોથી આત્માની અનંતતા અને દેહની નિઃસારતા સ્પષ્ટ કરી બતાવી અન્યને ખરા કર્તવ્ય અને સાચા સુખના માર્ગનું અને તેને પ્રાપ્ત કરવાની રીતિનું અધિકારાનુસાર ભાન કરાવવું એ જગતને કોઈ પણ પ્રકારે ઓછું ઉપકારક ગણી શકાય નહિ વળી જરા વધારે ઉંડો વિચાર કરતાં પ્રથમ પ્રકારના પુરૂષો કરતાં આવા પુરૂષોનાં કૃત્યો વધારે ઉપકારક લેખાશે. કારણ, પ્રથમ પ્રકારના પુરૂષોના કર્તવ્યથી થતો ઉપકાર તે હજારો પુરૂષોના રક્તમાંથી ઉદ્ભવતો જોવામાં આવે છે, જ્યારે આવા પુરૂષો દ્વારા પરોક્ષ રીતે કરાતો ઉપકાર એ પરમ શાન્તિ અને સંતોષમાંથી જન્મેલો દૃષ્ટિગોચર થઈ શકે છે. આમ છે, તો પ્રથમ વર્ગના પુરૂષો કરતાં આવા પુરૂષો દ્વારા ધર્મમાર્ગને અનુસરી કરાતું કૃત્ય વધારે ઉદ્ધારક ગણી શકાય કે આત્મઘાતક કહેવાય તે વિચારવું સુસ્પષ્ટ હોઈ સુલભ છે.

વળી આવા જડવાદના જમાનામાં પોતાની જાતે કર્તવ્યારૂઢ બની એવું આત્મિકબલ પ્રકટાવી અન્ય સર્વને તેનું પ્રત્યક્ષપણે ભાન કરાવનાર પુરૂષો વિરલ જ હોઈ શકે.

પ્રથમના જુના કાળમાં **આત્મબલ** પ્રકટાવી કેવળ ભાવાહારમાં જીવન વ્યતિત કરનાર **મહાપુરૂષો**ની વાતો સાંભળતાં તેવી વાતોને આ બુદ્ધિવાદના જમાનામાં હસવા યોગ્ય ગણી કાઢવામાં આવે છે અથવા ગપ્પાં ગણી તે તરફ કેવળ દુર્લક્ષ કરાય છે; છતાં હાલમાં જ આ મુનિશ્રીએ તે અંધારામાં અથડાતા સત્યને પોતાના પ્રભાવે પ્રકાશમાં આણી સિદ્ધ કરી બતાવ્યું છે, કે અન્નપાણી સિવાય કેવળ ભાવાહાર ઉપર રહી આત્મબળવાળા પુરૂષો શારીરિક વેદનાઓ શમાવી **આનંદ અને સંતોષ**ની વચ્ચે જીવન પૂર્ણ કરી શકે છે!! શરીરનું કોઇ પણ કષ્ટ તેવા **આત્મજ્ઞાની** પુરૂષો પર કાર કરી શકતું નથી! સઘળી ઇંદ્રિયો અધીન બની શાન્ત થઇ જાય છે. આવી **આત્મશક્તિ** સિદ્ધ કરી બતાવનાર ક્રિયાને અંગિકાર કરી તેમાં જ પૂર્ણ થનારના કૃત્યને આત્મઘાત કહેવા તત્પર થવું એ એક પ્રકારની ધૃષ્ટતા નથી શું? આવા, **આત્મજ્ઞાની** પુરૂષોએ દીર્ઘકાળથી આચરેલા એવા ધાર્મિક કૃત્યને માટે મનગમતી કલ્પનાના તુરંગે ચઢી અનુમાનની વાણી ભાખવી અથવા યદ્વાતદ્વા ટીકા કરી ગમે તેવા અભિપ્રાયો જાહેર કરવા એમાં કેટલી વજુદ હોવી સંભવે છે? ટીકા કરનાર તેમની પોતાની સ્થિતિમાં કદાચ સાચા હોઇ શકે; છતાં તેને સામાન્ય

સત્ય તરીકે જાહેર કરવા સાહસ કરવું એ અઘટિત નથી શું? પોતાની જાતના કોઈ પણ અનુભવ વગરની એવી પરોક્ષ રીતે કરાયેલી ટીકાઓમાં કેટલું સત્ય હોવું સંભવિત છે તે પણ વિચારણીય છે. કોઈ પણ વિષયના વિરૂદ્ધ ટીકાકારે પોતાની જાતને એવા અનુભવમાં મૂકી તે માટેનો પોતાના સ્વાનુભવથી ઉચ્ચારેલો મત જ ખરો ગણી શકાય, અને તે સિવાય અનુભવ વગરની બાબતો માટે કરાએલાં અનુમાનો સર્વદા સાચાં હોતાં નથી. કારણ, સઘળા વિષયો બુદ્ધિગમ્ય હોતા નથી. અનુભવ વગર બિલકુલ કલ્પી પણ ન શકાય એવાયે વિષયો હોય છે, અને તેને સમજવાને અનુભવવા સિવાય બીજો ઉપાય ભાગ્યે જ હોઇ શકે. આ વિષયે આટલો વિચાર કર્યા પછી મુનિશ્રી છગનલાલજીએ મનઃસંયમાદિ મુનિધર્મને યોગ્ય એવાં કઠિન વ્રતોના સેવન વડે પ્રાપ્ત કરેલા આત્મબલના પ્રભાવે પોતાને જણાયેલા આત્મજ્ઞાનમાં વૃત્તિવૃંદને સ્થિર કરી ધર્મ્ય ગણાતા અને મહાપુરૂષોએ આચરેલા એવા સંથારાના ઉચ્ચ વ્રત વડે અવશ્ય નશ્વર દેહનો ત્યાગ કર્યો તેને આત્મઘાત કહેવો એ સત્ય હકીકતથી બેખબર હોવાનું જ પરિણામ છે એમ લાગ્યા વિના રહેશે નહિ. આમ છતાં કેવળ અનુભવ—હીન દશામાં

કાલ્પનિક મત ઉચ્ચારનારની અને કર્તવ્યપરાયણ પુરૂષોની સ્થિતિ ભિન્ન હોઈ તેના પરિણામે જે વિચારભેદ હોવો સંભવે છે તે, તેની તે જ દશામાં તો હમેશને માટે રહેવાનો જ, અને તે માટે તો શું કહી શકાય? બાકી વસ્તુસ્થિતિના ઉંડાણમાં પ્રવેશ કરી અંદરના સત્યને હાથ કરનારને તો આત્મજ્ઞાનની દશામાં પોતાના પંથની પ્રચલિત પ્રણાલિકાને અથવા પોતાને લાગતા ઉત્તમ માર્ગને અનુસરી અવશ્ય નશ્વર એવાં સ્થૂલ આવરણોનો ત્યાગ કરવામાં તેના ત્યાગ કરનારનો આત્મોદ્ધાર જ થતો જણાશે. અને, આ પ્રમાણે જોતાં છેવટે સુપ્રસિદ્ધ અમેરિકન કવિ લૉંગ ફૅલોના નિચેના વિચારોમાં વિરમવું ઉચિત જણાય છે.

"Oh! not in cruelty, not in wrath,
The Reaper came that day;
'Twas an angel visited the green earth.
And took the flower away."

**Longfellow.**

**ॐ शान्तिः शान्तिः शान्ति.**

નમે શિર નેહથી મારૂંરે, મુનિશ્રી જ્યાં નામ તમારૂંરે. ટેક.
સંવત **ઓગણીસે** માસ **આશ્વિન**, શુદની **બીજ** પ્રમાણ;
**જોઇ**તીબાઇની કુખે **પ્રાંતીજ**માં, જન્મ્યા તમે ગુણવાન. **નમે.** ૧
બાળવયે ગુજરાતીની સાથે, કર્યો **મરાઠી** અભ્યાસ;
માતપિતાને ધર્મ ગુરૂની, મેળવી પ્રીતિ ખાસ. નમે. ૨
સેવા સ્વિકારી ગાયકવાડની, શહેર વડોદરા માંય;
ઉદ્યમ સ્વાશ્રય ખંતથી વધીયા, શુકલ શશિસમ ત્યાંય. ન ૩
ઉત્તમ રાજની સેવા બજાવી, જાણ્યો ન નિજનો જાન;
અશ્વની સાથે છત્રી મશાલનું, મેળવ્યું મોટું માન. નમે.
અસ્થિર તન ધન યૌવન જાણી, આ સંસાર અસાર;
**હી**રાચંદજી **સ્વા**મીની પાસે, દીક્ષા કરી અંગીકાર. નમે. ૫
પરિષહ વેદી સ્થળ સ્થળ વિચર્યા, સૂત્રનું મેળવ્યું જ્ઞાન;
શ્રાવક શ્રાવિકાને તમે દીધું, ધર્મશ્રીનું બહુ દાન. નમે. ૬
મુક્ત થવું હોય જન્મને મર્ણથી, '**ત્યાગો તો રાગને દ્વેષ**';
સૂત્ર આ જૈનનું આપે પાળ્યું છે, નમ્ર બનીને વિશેષ. નમે. ૭
શાકે અઢારસે તેત્રીસ કેરા, કાર્તિક શુદ મોઝાર;
અતિ આનંદે આપે કર્યું એ ! અનશન્ વ્રત અંગીકાર. નમે. ૮
ચાળીસ દિવસને નિશિ સેવ્યું, વ્રત રૂડે પરિણામ;
તાકેલ લક્ષ્યને તમે વીંધ્યું છે, દાખવી ઉરની હામ. નમે. ૯
તારીખ બારમી માસ ડીસેમ્બર, ઓગણીસે અગીયાર;
મુનિશ્રી **છગનલાલજી** વસિયા, શાન્તિથી સ્વર્ગ મોઝાર. **નમે.** ૧૦

